# રામનું હૃદય

(નાટક)




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

| | |
|---|---|
| Title | : Ram nu Hruday (રામનું હૃદય) |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 88 |
| Created | : October 30, 2019. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 97881-934278-42**). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



રામ વનવાસનો વખત પૂરો થયા પછી અયોધ્યામાં પાછા ફર્યા તે પછી મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણમાં વર્ણવ્યા પ્રમાણે કેટલાક વખત પછી સીતાને ફરીવાર વનમાં જવું પડ્યું. એ ઘટનામાંથી અને એની પછીની સીતાના પૃથ્વીપ્રવેશની અને રામની વિરહવ્યથાની ઘટનામાંથી પ્રેરણા મેળવીને પ્રસ્તુત નાટકની રચના કરી છે.

વાચકોને એ રસ પ્રદાન કરશે અને આનંદ આપશે એવી આશા છે.

આ નાટક જૂના વખતનાં કેટલાંક નાટકોની જેમ વિદૂષક તથા નટનાં પાત્રોથી પ્રારંભ પામે છે. એમાં પાંચ અંક છે. પ્રથમ ચાર અંકના ચાર ચાર પ્રવેશ છે અને પાંચમા અંકના બે પ્રવેશ છે.

આ નાટક જેમને પણ અભિરુચિ હોય એમનાથી ભજવી શકાય તેવું છે, એ એની વિશિષ્ટતા છે. એમાં પ્રસંગને અનુરૂપ ગીતોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

વિશેષ તો એના આસ્વાદથી જ સમજાશે

**- શ્રી યોગેશ્વર**



## વંદન

શ્રી યોગેશ્વરજી એક અભિનવ શૈલીથી સંપન્ન સરસ સાહિત્યકાર હોવા છતાં એમના સાહિત્યસર્જનથી અને એના દ્વારા એમણે કરેલી સેવાની પ્રાણવાન પ્રવૃત્તિથી કેટલાક સાહિત્યકારો તથા વિવેચકો સુપરિચિત નથી એ એક હકીકત છે. શ્રી યોગેશ્વરજી કેવળ સંત, મહાત્મા, યોગી અથવા ઉત્તમ પ્રવચનકાર જ નથી પરંતુ સમર્થ લેખક કે સાહિત્યકાર પણ છે. એમણે ગરવી ગુજરાતી ભાષામાં ૮૦ જેટલા પુસ્તકોનું પ્રદાન કરીને પોતાનું અનોખું, આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ પ્રદાન વૈવિધ્યવાળું છે.

'ગાંધીગૌરવ', 'કૃષ્ણ રુક્મિણી', 'રામાયણદર્શન' એમની વિશાળ કાવ્યકૃતિઓ.

'બિન્દુ' બાળકાવ્યોનો સંગ્રહ.

'હિમાલય અમારો' દેશપ્રેમનાં ગીતો.

'દ્યુતિ', 'અભીપ્સા', 'પ્રસાદ', 'તર્પણ' કાવ્યસંગ્રહો.

'અનંત સૂર', 'સનાતન સંગીત', 'ફૂલવાડી', 'અક્ષત', 'પરિમલ' એમની અછાંદસ કૃતિઓ.

'આરતી', 'આલાપ', 'અભીપ્સા', 'પ્રસાદ', 'સાંઈસંગીત', ભજનો

'રસેશ્વરી', 'ઉત્તરપથ', 'સમર્પણ', 'આગ', 'પરીક્ષિત' જેવી પંદરેક નવલકથાઓ.

'રોશની' નવલિકા સંગ્રહ.

'પ્રકાશના પંથે' નામક આત્મકથા.

'હિમાલયના પત્રો' પત્રસાહિત્યની પરમપ્રેરક કૃતિ.

'ગીતાદર્શન', 'ઉપનિષદનું અમૃત', 'યોગદર્શન', 'પ્રેમભક્તિની પગદંડી', 'ચંડીપાઠ', 'સાધના', 'યોગમીમાંસા', 'રામકથામૃત', 'ગીતાસંદેશ', 'ગીતા તત્ત્વવિચાર', 'આરાધના' જેવા ચિંતનગ્રંથો.

'બ્રહ્મસૂત્ર', 'ભાગવત' મહાગ્રંથો.

'તીર્થયાત્રા', 'કળીમાંથી ફૂલ' જેવા પ્રવાસ પુસ્તકો.

'સંત સમાગમ', 'સત્સંગ', 'ધર્મનો સાક્ષાત્કાર', 'ધર્મનો મર્મ', 'ઈશ્વરદર્શન', 'અધ્યાત્મનો અર્ક', 'પરબનાં પાણી', 'ધૂપસુગંધ' જેવા રેખાચિત્રો તથા પ્રશ્નોત્તરી ગ્રંથો.

એકત્રીસ વાર છપાઈ ગયેલી (બે લાખ પ્રત) 'સરળ ગીતા'.

'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં', 'હિમગિરિમાં યોગી', 'રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં', એમના અંગ્રેજી પુસ્તકોના અનુવાદો.

એમનો સુંદર, સુવિખ્યાત ચરિત્રગ્રંથ 'ભગવાન રમણ મહર્ષિ'.

એ ઉપરાંત એમની પદ્યાનુવાદ કૃતિ 'રામચરિતમાનસ'. સંતશિરોમણી તુલસીદાસ રચિત રામચરિતમાનસનો એ પદ્યાનુવાદ ગ્રંથ ગુજરાતીભાષી પ્રજાને માટે અસાધારણ આશીર્વાદરૂપ ઠર્યો છે. એમાં એમણે રજૂ કરેલી રામાયણ નોંધ એમની તટસ્થ, મૌલિક, ચિંતનશક્તિની પ્રતીતિ કરાવે છે. એ મહાગ્રંથ દ્વારા એમણે ગુજરાતી સાહિત્યની શકવર્તી સર્વોત્તમ સેવા કરી લેખાશે.

શ્રી યોગેશ્વરજીની સાહિત્યસાધના દિનપ્રતિદિન અખંડ રીતે ચાલતી રહી છે. એમની સાહિત્યસાધનાસરિતા અસંખ્યને માટે આશીર્વાદરૂપ ઠરે છે. નીરક્ષીર વિવેકવાળા, પૂર્વગ્રહમુક્ત, તટસ્થ વિવેચકોએ એનો આસ્વાદ લેવાની અને જનસમૂહને પરિચય કરાવવાની આવશ્યકતા છે.

હિન્દી, અંગ્રેજીમાં પણ એમનાં પુસ્તકો પ્રકાશન પામ્યાં છે.

એ ઋષિ સાહિત્યસર્જકને વંદન.

**- મા સર્વેશ્વરી**

*   *   *

## કૃતિ પરિચય

રામાયણનો સીતાત્યાગ પ્રસંગ અને રાજધર્મ માટે પ્રેમધર્મને હોડમાં મૂકતા રામનું ચરિત્ર ભવભૂતિને 'ઉત્તરરામચરિત' અને સુંદરમ્ ને 'મને આપો આપો હૃદય પ્રભુ એ રાઘવતણું' એ કાવ્ય લખવા પ્રેરે છે, તો શ્રી યોગેશ્વરજીની સર્જકપ્રતિભા પણ એ 'ખ્યાત વસ્તુ'ને નાટ્યરૂપે અવતારવા ચાહે છે. પરિણામે સંસ્કૃત નાટક અને કાવ્યનાં બે ઉન્નત શૃંગો સાથે ગુજરાતી નાટક 'રામનું હૃદય' પણ કર્તાના વિલક્ષણ અભિગમથી ધ્યાન ખેંચી રહે છે.

૧૯૬૧માં સંસ્કૃત શૈલીમાં લખાયેલ આ નાટકનો પ્રારંભ રઘુવીરની પ્રાર્થનાથી થાય છે. વિદૂષક અને નટના સંવાદમાં કર્તાનો આશય સૂચવાય છે અને પછી પાંચ અંકોના વિવિધ પ્રવેશોમાં નાટ્યવસ્તુ વિકસે છે.

'રામનું હૃદય' નાટકના પહેલાં અંકના પહેલા પ્રવેશમાં રામ મંગલ નથી, અમંગલ છે એ તથ્યને ઉપસાવવા પ્રજાજનો રામના જન્મતાંવેંત અયોધ્યા પર અંધારપટ, શૈશવમાં જ યજ્ઞરક્ષા કરવા જઈ માતાપિતાને દુઃખી કર્યાં, વનમાં જઈને પ્રજાને દુઃખી કરી વગેરે વિગતોનો હવાલો આપી 'રામે નિરંતર ઝેર જ પીધાં' ગીત ગાય છે. બીજા પ્રવેશમાં રામ-સીતા સંવાદમાં પોતાની અગ્નિપરીક્ષા કેમ થવા દીધી? એ પૂછતી સીતાને રામ પ્રતિપ્રશ્ન કરે છે કે તેણે સ્વયંવરમાં રાવણનો ઉપહાસ કેમ કરેલો? પણ પછી 'વિરહને હવે આપણા જીવનમાં કોઈયે કારણે નહીં આવવા દઉં' એવો નિર્ધાર કરતા રામને નગરચર્યા માટે લઈ જવા લક્ષ્મણ આવે છે અને સીતાના 'ઝેર તો પીધાં જાણી જાણી' ગીતથી એનું સમાપન થાય છે. ત્રીજા પ્રવેશમાં નગરચર્યાએ નીકળેલ રામને ધોબી અને તેની સ્ત્રીનો સંવાદ સંભળાય છે; 'તું જો સીતાની જેમ બહાર ગઈ તો ઘરમાં નહીં રહેવા દઉં.' ચોથા પ્રવેશમાં રામ સીતાને ધોબીની વાત કરી પોતે સીતાના મોહમાં નથી પડ્યા, વિલાસી નથી થયા એ લોકોને દર્શાવવા સીતાત્યાગનો નિર્ણય સીતા સમક્ષ પ્રગટ કરતાં જણાવે છે. સીતા કંપી ઊઠે છે, પણ પતિના નિર્ણયને અનુમોદન આપે છે.

નાટકના બીજા અંકના પ્રથમ પ્રવેશમાં લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન સીતાત્યાગના નિર્ણય પર ચિંતા કરે છે. તો ઊર્મિલા ગર્ભવતી સીતા તરફ રામે વધારે કોમળતાથી વર્તવું જોઈતું હતું. એમ કહે છે. બીજા પ્રવેશમાં રામાજ્ઞાથી સીતાને વનમાં મૂકતાં વ્યથિત લક્ષ્મણને સીતા આશ્વાસન આપતાં કહે છે, 'હું તો વનમાં રહીને પણ મંગલ કરીશ' ને ત્યાં 'પ્રેમની જ્યોત સદા જલશે' ગીત સંભળાય છે અને થોડી વારમાં તો એ સ્વરોની દિશામાંથી ચારુસ્મિતા અને રજનીગંધા આવે છે; જેમની સાથે સીતા, વાલ્મીકિ ઋષિના આશ્રમમાં જાય છે. ચોથા પ્રવેશમાં વાલ્મીકિ અને તેમના શિષ્યો અગ્નિ-પરિપૂર્ણ સીતાત્યાગ વિશે ચર્ચા ઉઠાવે છે ત્યારે સીતા 'વિધાતાએ મારા માટે આવું જ નક્કી કર્યું હશે.' કહી ચર્ચા માંડવાળ કરે છે.

'રામનું હૃદય' નાટકના ત્રીજા અંકમાં વાલ્મીકિના તપોવનમાં લવ-કુશ વાઘ-સિંહ સાથે નિર્ભય બની રમતા હોય છે. ત્યારે 'પિતાજી અમારી સંભાળ કેમ નથી લેતા?' એ લવ-કુશના પ્રશ્નના ઉત્તરમાં ઋષિ કહે છે, 'ટૂંકમાં જ તમારો મેળાપ થશે.' બીજા પ્રવેશમાં રાજમહેલમાં અશ્વમેધ યજ્ઞની પૂજામાં સીતાની સુવર્ણપ્રતિમા

બેસાડવાનું નક્કી થાય છે. ત્રીજા પ્રવેશમાં 'અમે તો વનમાં શાંત વિહારી' એવું ગીત ગાતા ફરી રહેલા લવ-કુશને અશ્વમેધનો અશ્વ દેખાતાં તેને વૃક્ષ સાથે બાંધી દે છે.

નાટકના ચોથા અંકના પહેલા પ્રવેશમાં લવ-કુશે અશ્વ અંકુશમાં લઈ કેવી વીરતા દર્શાવી તેની વાત રક્ષકો અયોધ્યા આવી કરે છે, એટલે રામ તેમની સહાય માટે ભરત-લક્ષ્મણ, શત્રુઘ્નને સૈન્ય સાથે મોકલે છે. બીજા પ્રવેશમાં યુદ્ધ ગમખ્વાર બનતાં પ્રતાપી બાળકોથી અશ્વ રક્ષવા રામે સ્વયં આવવું પડશે એવું રક્ષકો કહે છે. અને ત્રીજા પ્રવેશમાં રામ આવી પહોંચે છે, પણ લવકુશને જોતાં જ એમનાં માતાપિતાને ધન્યવાદ આપે છે, જ્યારે લવકુશ તો 'વખત કરો બરબાદ હવે કાં વખત કરો બરબાદ' ગીત ગાઈ યુદ્ધનું સીધું આહ્વાન કરે છે. ત્યાં જ વાલ્મીકિ આવી જતાં લવકુશનો પરિચય આપે છે. રામ પણ પોતાની ઓળખ આપે છે; યુદ્ધ સ્થગિત થઈ જાય છે. ચોથા પ્રવેશમાં સૌનું મિલન થતાં ઋષિ ઉચ્ચારે છે 'વિખૂટાંને ભેગા કરનારો મહાયજ્ઞ અશ્વમેધ બન્યો.' ને રામ સર્વને અયોધ્યા પધારવા નિમંત્રે છે.

નાટકના છેલ્લા અંકના પહેલા પ્રવેશમાં તપોવનમાંથી વિદાય લેતી સીતાને જોઈ બધાં દુઃખી થાય છે. બીજા પ્રવેશમાં વાલ્મીકિ રાજભવનમાં 'સીતાનો આ રાજસભાની વચ્ચે સ્વીકાર કરો' એમ કહે છે, ઉપસ્થિત વશિષ્ઠ મુનિ પણ એમાં સૂર પુરાવે છે. કિન્તુ રામ 'હું સીતાનો પતિ છું, પરંતુ લોકો પણ સ્વામી છું.' એમ કહે છે તેથી વ્યથિત થઈ સીતા 'જો રામ આટલા વર્ષે પણ મારો સ્વીકાર ના કરી શકતા હોય તો મારે જીવવું વ્યર્થ છે... હે માતા, મને આશ્રય આપ, ઓ ભૂમિમાતા મારી ! મને ખોળલિયે લો ધારી' એમ વીનવે છે, ત્યાં જ પૃથ્વી ફાટે છે, અંદરથી રત્નજડિત સોનેરી સિંહાસન પર બેઠેલાં દેવી આવી કહે છે: 'હું શક્તિ છું, સીતા મારું જ સ્વરૂપ છે. એનો પ્રવાસ પૂરો થયો છે એટલે એને હું મારી સાથે લઈ જઉં છું.'

લવ-કુશ સીતા સાથે જવા સહજ હઠ પકડે છે ત્યારે સીતા એમને ચિરાયુ ને સુખી થવાના આશીર્વાદ આપી, પૃથ્વીમાં સમાઈ જાય છે. રામ શોકાતુર થઈ મૂર્છિત થઈ ઢળી પડે છે. ત્યારે વાલ્મીકિ-વશિષ્ઠ તેમને આશ્વાસન આપે છે અને છેલ્લે 'વિધિએ જે નિર્મિત કર્યું હોય છે તે જ થાય છે. એ અન્યથા નથી થઈ શકતું.' સનાતન સત્ય સિદ્ધ થતાં જ નાટક પૂર્ણાહુતિ પામે છે.

'રામનું હૃદય' નાટક કારુણ્યમૂર્તિ સીતાની અફર નિયતિ સામે રામના હૃદયની વજ્ર કરતાંય કઠોર અને કુસુમ કરતાંય કોમળશી સંવેદનશીલતા સિદ્ધ થતાં જ પૂર્ણાહુતિ પામ્યું હોત તો વધારે રસકીય બની શકત પણ તત્ત્વચિંતનના ભારથી એ અળપાઈ જાય છે.

અલબત્ત, નાટકના સર્વ અંકોના સર્વ પ્રવેશોમાં એની મુખ્ય કથાનો ઉઘાડ, નિવર્હણ, સમાપન સરસ રીતે થાય છે, પણ વિશેષ નાટ્યાત્મક ચમત્કૃતિના અભાવે વસ્તુ સીધેસીધું કથાકીય બની રહે છે. બધું જાણે પૂર્વઆયોજિત, માફકસરનું, ગોઠવેલું લાગે છે. પૌરાણિક પાત્રોની ઉદાત્તતા, ગરિમા જળવાઈ છે. ગૌણ પાત્રો પણ સમુચિત જણાય છે. પણ એમાંય કર્તાની આયોજના સર્વોપરી બની રહે છે. જીવંતતા ઓછી લાગે. સંવાદોમાં ભાષાકૌશલ છે. એમાં સહજ ભળતાં ગીતો પાત્રગત અનુભૂતિને તીવ્રતા અર્પે છે, નાટકનો ક્રિયાવેગ વધારે છે; અને અભિવ્યક્તિને અસરકારક બનાવે છે.

નાટકનો મુખ્ય રસ કરુણ છે. લવકુશના તેજતણખા ઝરતા સંવાદોમાં હળવો વિનોદ વ્યંગ છે. લવકુશના સૈનિકો તેમ જ લક્ષ્મણ વગેરે સાથેના યુદ્ધવર્ણનમાં વીરરસના છાંટણાં છે. નાટકમાં સંઘર્ષતત્ત્વ નહિવત્ છે. આ નાટક ભાવનાપ્રધાન છે, એમાં અભિનયક્ષમતા ઓછી જણાય છે.

ગુજરાતી સાહિત્યનાં સરળ, સુબોધ શૈલીમાં લખાયેલ નાટકોમાં એક સફળ, ગણનાપાત્ર કૃતિ તરીકે તેમ જ શ્રી યોગેશ્વરના સમગ્ર સાહિત્યસર્જનની એકમાત્ર નાટ્યકૃતિ તરીકે ‘રામનું હૃદય’અવિસ્મરણીય બની રહેશે.

પ્રજાધર્મ માટે સ્વમુખની આહુતિ આપતા શ્રીરામના ઉદાત્ત ચરિત્રનિર્માણ દ્વારા નાટકને લોકશિક્ષણનું માધ્યમ બનાવવાનો કર્તાશ્રીનો આશય અહીં સુપેરે સિદ્ધ થયો છે.

‘વાચકોને એ રસ પ્રદાન કરશે અને આનંદ આપશે.’ એવી શ્રી યોગેશ્વરની આશાના સમર્થનરૂપે પોતાના હસ્તાક્ષર આપવા કોઈ પણ વાચક તત્પર ન થાય તો જ નવાઈ !

આમ, ‘રામનું હૃદય’ નાટક સર્જક શ્રી યોગેશ્વરના ‘કલાપ્રિય’ તેમજ ‘લોકહિતકારી’ હૃદયનો પર્યાય બની ટી. એસ. એલિયેટના કથનનો મહિમા સિદ્ધ કરી રહે છેઃ

‘The greatenss of Literature cannot be determined solely by Literary standards only.’

‘જનમનરંજન’ અને ‘બોધતત્ત્વ’ સાહિત્યમાં એકમેકમાં એવી રીતે ભળી જવાં જોઈએ જેમ ફૂલમાં સુગંધ ! તો જ તે મહાન સાહિત્ય !



**- તરલા દેસાઈ**

## <u>અનુક્રમણિકા</u>


રામનું હૃદય

પ્રારંભ

અંક પહેલો

પ્રવેશ પહેલો * પ્રવેશ બીજો * પ્રવેશ ત્રીજો * પ્રવેશ ચોથો

*

અંક બીજો

પ્રવેશ પહેલો * પ્રવેશ બીજો * પ્રવેશ ત્રીજો * પ્રવેશ ચોથો

*

અંક ત્રીજો

પ્રવેશ પહેલો * પ્રવેશ બીજો * પ્રવેશ ત્રીજો * પ્રવેશ ચોથો

*

અંક ચોથો

પ્રવેશ પહેલો * પ્રવેશ બીજો * પ્રવેશ ત્રીજો * પ્રવેશ ચોથો

*

અંક પાંચમો

પ્રવેશ પહેલો * પ્રવેશ બીજો


* * *

## પ્રારંભ

(વિદૂષક પ્રવેશ કરે છે. સાથે એક નટ)

વિદૂષક (પ્રાર્થના કરે છે)

વંદન, રઘુવર, દશરથનંદન !
મંગલમૂર્તિ, વિબુધમુનિવંદન ! .. વંદન.

જનમનરંજન, કામનિકંદન,
ભવભંજન, નિજજનમનસ્પંદન !
શોભાસાગર, નટવર, નાગર,
દાનવકુલરિપુ, અગણિત વંદન! .. વંદન.

ત્રિગુણાતીત, પરમસુખમૂર્તિ,
ચેતન, અમલ, સનાતન સ્ફૂર્તિ !
ચિદાનંદમય, રઘુકુલચંદન,
શાંત કરી દો અંતરક્રંદન ! ... વંદન.

(આર્યા)

સીતારામ ચરણમાં, પ્રણિપાત કરું આદરથી આજે,
રઘુકુળના વ્યોમમહીં, ચંદ્ર તથા શુક્ર સમા જે રાજે.

*

વિદૂષક જનતામાં નાટકની રુચિ વધતી જાય છે તે એક સારું ચિહ્ન છે. હમણાં હમણાં આપણે એટલાં બધાં નાટકો જોઈ નાખ્યાં છે કે વાત નહિ,

નટ જોયાં છે, ને ભજવ્યાં પણ છે. અને જનતાએ આપણી અભિનયકલાની સારી કદર કરી છે.

વિદૂષક એટલે તો આજે પણ આપણે એક વિશેષ નાટકની રજૂઆત કરવા તૈયાર થયા છીએ. એક...સરસ અને નવા નાટકની.

નટ એ નાટકનું નામ શું છે? અને એ કોણે રચેલું છે? તે કહી બતાવશો?

વિદૂષક નાટકનું નામ રામનું હૃદય છે. અને એના રચનારા શ્રી યોગેશ્વરજી છે.

નટ યોગેશ્વરજી?

વિદૂષક હા. યોગેશ્વરજી. નાટકોની દુનિયામાં એમનું નામ બહુ જાણીતું નહિ હોય, પરંતુ આજનું નાટક એમણે લખેલું છે. રામ અને સીતાના જીવનનાં પાછલાં વરસો સાથે એ સંબંધ રાખનારું છે.

નટ એવું એક નાટક તો કવિ ભવભૂતિએ લખેલું જે ઉત્તમરામચરિત નામે પ્રખ્યાત છે. વિદ્વાનો, લેખકો ને નાટકપ્રિય જનતામાં એ અત્યંત માનીતું છે. પછી આ બીજું નાટક લખવાનું પ્રયોજન? અને એ આદરપાત્ર થઈ શકશે ખરું?

વિદૂષક કવિ ભવભૂતિએ ઉત્તમરામચરિત નાટક લખ્યું છે તે બરાબર છે, પરંતુ કવિઓ ને લેખકો તો સંસારમાં થયા જ કરવાના. રામ અને સીતાના જીવનની કથા નિરંતર નવી લાગે તેવી છે, તથા કવિઓ એને પોતપોતાની વિલક્ષણ તથા નૂતન દૃષ્ટિથી જોયા કરે છે. એટલે એની રજૂઆતમાં પણ વિલક્ષણતા હોય છે. શ્રી યોગેશ્વરજીએ પોતાની આગવી દૃષ્ટિથી આ નાટકની રચના કરી છે. એ આદરપાત્ર બને કે ના બને, એની સાથે એમને નિસબત નથી. એમણે તો નાટ્યકલા પ્રત્યેની અપાર અભિરુચિ અને ભગવાન શ્રીરામ અને સીતા પ્રત્યેના અનંત અનુરાગથી પ્રેરાઈને જ, આ નાટકની રચના કરી છે. વિદ્વાનો, પંડિતો, લેખકો, કવિઓ ને કલાકારો એની કદર જરૂર કરશે. જનતા પણ એને આવકારશે. અને એ રીતે એ સૌને આનંદ આપશે.

નટ ત્યારે તો નાટકનું પ્રયોજન તમે આનંદ આપવાનું જ માનો છો કે?

વિદૂષક નાટકનું પ્રયોજન આનંદ આપવાનું તો છે જ, પરંતુ એ આનંદ અશ્લીલ કોટિનો ના હોય. સાત્વિક કે ઉચ્ચ કોટિનો હોય. વળી આનંદની સાથે જનતાને એ જ્ઞાન પણ આપે છે અને જનતાના જીવનસ્તરને ઊંચે લાવે છે. એ પ્રયોજન પણ કાંઈ ઓછું અગત્યનું નથી હોતું.

નટ ત્યારે તો તમે નાટકને લોકશિક્ષણ અને લોકસુધારનું એક અંગ કહો છો એમ કહોને !

વિદૂષક વાત તો એવી જ છે. દરેક કળાનું એવું છે. એ સ્વ અને પર બંનેને માટે સરજાતી હોય છે. સ્વનું સુખ, પોતાનો આનંદ, આત્મસંતોષ, અને બીજાનું હિતઃ એ એનો ઉદ્દેશ હોય છે. કળાકાર એ ઉદ્દેશને જાણે કે ના જાણે અને સ્વીકારે કે ના સ્વીકારે પરંતુ એ ઉદ્દેશ રહે છે અને કામ પણ કરે છે. છતાં હવે એની વધારે ચર્ચા નહિ કરું, કારણ કે આપણે નાટકની સાથે કામ છે, વાદવિવાદની સાથે નહિ.

નટ લો ત્યારે, હું પણ હવે તમારો વધારે વખત નહિ લઉં, કારણ કે નાટકનો સ્વાદ લેવાની મારી પણ ઈચ્છા છે. આ નાટક શ્રી યોગેશ્વરજીનું લખેલું છે અને રામના જીવનને લગતું છે એટલે તો એને જોવા માટે મને ખાસ કુતૂહલ થાય છે.

વિદૂષક ચાલો ત્યારે નાટકનો આરંભ કરવાની વ્યવસ્થા કરું.

(વિદાય થાય છે.)

* * *

## અંક પહેલો

વંદન રઘુવર દશરથનંદન
શોભાસાગર રઘુકુલચંદન
ઋષિમુનિ શંકર સુરનરવંદન
વંદન રઘુવર દશરથનંદન.

સુંદરતાના સંપુટ શાશ્વત
નિર્મળતાના મધુમય ભાસ્કર,
પ્રેમતણા હે પ્રાણ પુરાતન,
રક્ષક ભક્તોના નિશિવાસર

અંતરકેરી અનુપ અયોધ્યા
પ્રગટો પાવન કરવાને ત્યાં
નાશ નિશાચર કેરો કરવા
મંગલ મહિમા મુક્તિ ધરવા

શાંતિ છવાયે મણિમય મંદિર
વાજે વાદ્ય વિવિધ રસમંડિત
જીવન સર્વ સમર્પે તમને
કૃતકૃત્ય બને આતમસ્પરશે

મંગલ મધુમય પ્રેમનિકેતન
પ્રાણ જગતના કેવળ ચેતન
શમવો સર્વ હ્રદયનાં ક્રંદન
પ્રગટો પ્રેમે વંદન વંદન !

* * *

## અંક પહેલો

### (પ્રવેશ પહેલો)

(રાજમાર્ગ પર નગરજનો વાતો કરે છે.)

પહેલો પ્રજાજન: શ્રી રામના પધારવાથી અયોધ્યાનગરી અત્યંત સંપત્તિશાળી ને સુખી બની ગઈ છે. જાણે કે કોઈ સ્વર્ગપુરી જ જોઈ લો.

બીજો પ્રજાજન: કેમ ના બને? શ્રીરામનો પ્રભાવ જ એવો છે. એ જ્યાં હોય ત્યાં શ્રી ને સુંદરતા પણ હોય છે. શ્રીરામ એટલે જ શ્રી ને શોભાની સનાતન મૂર્તિ.

ત્રીજો પ્રજાજન: મને તો તમારા કથનમાં કાંઈક અતિશયોક્તિ લાગે છે. રામ મંગલ છે કે અમંગલ એ વાતમાં મને સંદેહ છે. રામને હું તમે કહો છો તેવા નથી માનતો.

પહેલો પ્રજાજન: કેમ?

બીજો પ્રજાજન: ત્યારે તમે કેવા માનો છો?

ત્રીજો પ્રજાજન: અમંગલ.

પહેલો પ્રજાજન: અમંગલ?

ત્રીજો પ્રજાજન: હા. અત્યંત અમંગલ. કલ્યાણકારક નહિ, પરંતુ અકલ્યાણકારક. તમે વિચારી જોશો તો સમજાશે કે એ જ્યાં જન્મ્યા છે, અને જન્મીને જ્યાં જ્યાં ગયા છે, ત્યાં ત્યાં કષ્ટો ઊભાં થયાં છે; આતંક ઉદભવ્યાં છે, ભારે અમંગલ થયાં છે.

બીજો પ્રજાજન: એ કેવી રીતે?

ત્રીજો પ્રજાજન: જન્મતાંવેંત એમણે અયોધ્યા પર અંધારપટ પાથરી દીધો. જેને માત્ર રમતગમતની અવસ્થા કહે છે, એવી શૈશવ અવસ્થામાં તો એ મહર્ષિ વિશ્વામિત્રની યજ્ઞરક્ષા માટે રવાના થયા. રાજા ને રાણીને શોકમાં નાખી દીધાં. રાક્ષસોના સંહાર પછી એ જનકના સ્વયંવરમાં ગયા. ત્યાં પણ ધનુષનો ભંગ કરીને તથા સીતાને વરીને પરશુરામ તથા બીજા કેટલાયના કોપભાજન થઈ પડ્યા. અને લગ્ન કરીને આવ્યા પછી પણ શું થયું? આખી અયોધ્યાને આપત્તિમાં મૂકી દીધી. વનવાસની અવિસ્મરણીય આપત્તિ ઊભી થવાથી એ તો દુઃખી થયા જ, પરંતુ રાજા, રાણી, લક્ષ્મણ, ભરત વગેરે ભાઈ, અને આખી પ્રજા દુઃખી થઈ. વળી સીતાનું હરણ થયું. રાવણ સાથે લડવું પડ્યું. સીતાને અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડ્યું. આવા જીવનને મંગલ કહેવાય કે અમંગલ? શ્રી ને સુંદરતાનો નાશ કરનારું કે એની અભિવૃદ્ધિ કરનારું? મને તો લાગે છે કે રામ સુખની નહિ પણ દુઃખની જ મૂર્તિ છે. શાંતિની નહિ પણ અશાંતિની અને સંપત્તિની નહિ પણ વિપત્તિની જ પ્રતિમા છે.

પ્રથમ પ્રજાજન: એ બધું માની લઈએ તોપણ હવે શું? હવે તો રામને આનંદ છે ને? અયોધ્યાના અંતરને આનંદ આપતા હવે તો એ અહીં વિરાજી રહ્યા છે.

બીજો પ્રજાજન હવે તો એમનાથી આખી નગરી વૈકુંઠપુરી જેવી પાવન બની ગઈ છે.

ત્રીજો પ્રજાજન હજુયે શું કહી શકાય? શ્રીરામનું જીવન જ મને તો એવું લાગે છે કે એમાં આરામ નથી, પરંતુ અશાંતિ છે. ચેન નથી, પરંતુ બેચેની છે. જ્વાલામુખીમાંથી પ્રચંડ રસ નીકળ્યા કરે, તેમ એમાંથી આપત્તિના અંગારા ઊડ્યા કરે છે. હજુયે શું બનશે તે કોણ કહી શકે?

બીજો પ્રજાજન તમે તો ભારે નિરાશાવાદી છો.

પ્રથમ પ્રજાજન અત્યંત દુઃખવાદી.

ત્રીજો પ્રજાજન નિરાશાવાદી છું કે કેવો છું તે તો કાળ જ કહી બતાવશે. પરંતુ મારા આત્માને જે લાગે છે તે કહી બતાવું છું. જીવતા હશો તો તમે પણ જોશો કે હું જે કહું છું તે સાચું છે કે નહિ.

પ્રથમ પ્રજાજન ત્યારે શું અમે એટલા વહેલા મરી જવાના છીએ?

બીજો પ્રજાજન રાજા રામના રાજ્યમાં તો કાળ પણ નથી આવતો. અયોધ્યામાં લોકો અમરાપુરી જેવી અમરતા ભોગવે છે તે ખબર છે?

ત્રીજો પ્રજાજન તમે એવું માનતા હશો. પરંતુ હું તો નથી માનતો. આ સંસારમાં ક્યાંયે અમરતા નથી દેખાતી. સંસાર જ નાશવંત છે, તો તેમાં અમરતા ક્યાં ને ક્યાંથી હોય?

પ્રથમ પ્રજાજન પરંતુ હવે તો અયોધ્યા પર કોઈ આફત ઊતરે એવું અનુમાન નથી થતું. હવે તો રામ ને સીતા તથા પ્રજાજનો સુખશાંતિથી રહે એ જ ઈચ્છવા જેવું છે.

ત્રીજો પ્રજાજન એ તો હું પણ ઈચ્છું છું. પરંતુ કાળની ઈચ્છા શી છે તે કોણ કહી શકે? કાળે જે નક્કી કર્યું હશે તે જ થશે. મેં તો કહ્યું હતું કે રામનું જીવન જ આપત્તિથી આવૃત્ત થયેલું છે. એમણે જાણે કે આપત્તિનો અનુભવ કરવા માટે જ અવતાર લીધો હોય એવું લાગે છે. એમણે જીવનભર વિષનું પાન જ કર્યું છે.

નિરંતર ઝેર જ છે પીધાં.
સુખ ના લીધાં કે દીધાં, નિરંતર ઝેર જ છે પીધાં.

જન્મી જગમાં અમૃતનાં ના દાન જરી લીધાં,
શીળી છાયામાં પોઢ્યા ના, તપી તપ્ત કીધાં. ... નિરંતર

હસતા હોઠ ભલેને રાખ્યા, લોક ભલે બીધાં,
પોતે જલ્યા સદા જ્વાળામાં, સુખ છોને ચીંધ્યા. .. નિરંતર

શાંતિતણા શ્વાસ નહીં ભૂલેચૂકે યે લીધા,
ભાગ્ય ભલે દે અમી એમને, ઝેર જ છે પીધાં. ... નિરંતર.

* * *

## અંક પહેલો
### (પ્રવેશ બીજો)

(રામ અને સીતા મહેલની અગાસીમાં બેઠાં છે. એટલામાં ચંદ્રોદય થાય છે.)

સીતા  જુઓ આર્યપુત્ર ! આ ચંદ્રોદય કેટલો બધો રળિયામણો લાગે છે? ક્ષિતિજમાંથી બહાર આવતો ચંદ્ર જાણે કે અમૃતનો કુંભ ના હોય એવો આનંદ આપે છે !

રામ  અરે, એ તો રસનો ભંડાર છે ભંડાર. દેવો ને મનુષ્યોનો આનંદ આપવા માટે કુદરતે એનું સર્જન કર્યું છે. આપણે જ્યારે પ્રભુતામાં પ્રથમ વાર પગલાં માંડ્યાં અને આ અગાસીમાં આવી જ રીતે બેઠાં હતાં, ત્યારે પણ એ એટલો જ આકર્ષક લાગતો'તો ને? એનું આકર્ષણ જરાક પણ ઓછું થયું છે? બલકે દિવસે દિવસે વધતું ગયું છે. આજે પૂનમ છે, એટલે એનો પ્રકાશ અનુપમ છે. આપણા જીવનનો પ્રકાશ, આનંદ અને રસ પણ એવો જ અનુપમ છે ને?

સીતા  શું સાચેસાચ તમને એવું લાગે છે?

રામ  તને શંકા છે?

સીતા  શંકાની વાત નથી કરતી, પરંતુ આપણા જીવનનું સ્મરણ તો કરી જુઓ. એનું વિહંગાવલોકન તો કરી જુઓ. પ્રભુતામાં આપણે પગલાં માંડ્યાં ત્યારથી આપણા જીવનમાં આપણે કેટકેટલા અનુભવ કર્યા? તમે આપણા જીવનને ચંદ્રના જેવું ચારુ ને પૂર્ણ કહો છો. પરંતુ તમારી સરખામણી પરથી જ મને એક વાતની સ્ફુરણા થઈ કે આપણા જીવનમાં પણ પ્રકાશની સાથે અંધકાર છે. સુખની સાથે દુઃખ ને સંપત્તિની સાથે વિપત્તિ. ચંદ્રની અંદર ડાઘ છે તેમ. તેવી જ રીતે.

રામ  એ વાતની હું અવગણના નથી કરતો, દેવી ! અને આપણા જ જીવનમાં શા માટે? કોના જીવનમાં એવું નથી? સુખ ને દુઃખ, તાપ ને છાયા, ને હર્ષ ને શોક તો સૌનાય જીવનના સહોદર છે. સમસ્ત સંસારમાં એમનું સામ્રાજ્ય છે અને બધા જ દેહધારીને તે લાગુ પડે છે. આપણાં જીવનમાં પણ એ હતાં, પરંતુ એ હોવા છતાં, આપણું જીવન એકંદરે આનંદમય રહ્યું છે.

સીતા  પોતાના પ્રેમાસ્પદની સાથેની એક પળ શું, વિપળ પણ આનંદમય હોય છે. એ રીતે આજે પણ આપણું જીવન આનંદમય નથી એમ નહિ, પરંતુ હું એમ કહું છું કે જગતમાં જન્મીને તમે કે મેં સુખ કરતાં દુઃખ જ વધારે ભોગવ્યું છે. કહેવાવાળા તો એમ જ કહેશે. જો કે દુઃખમાં પણ આપણે સુખ જ માન્યું છે. બીજાની નજરે જે દુઃખ એ આપણી નજરે સુખ હતું. છતાં પણ એ આખાયે જીવનની સ્મૃતિ કેટલી અજબ છે ! મને એ એક પ્રકારની અનેરી લાગણીથી ભરી દે છે.

રામ  સૌથી પહેલાં આપણે આ પ્રસાદમાં સાથેસાથે પ્રવેશ્યાં ત્યારે પિતા ને માતાએ આપણને કેવા આશીર્વાદ આપ્યા હતા તે યાદ છે ને?

સીતા કેમ યાદ ના હોય? એમનાં આલિંગન અને સુધામય શીતળ સ્પર્શની સુવાસ તો સનાતન બનીને, આજે પણ મારા તન ને મનમાં રમી રહી છે. એની વિસ્મૃતિ કેવી રીતે થઈ શકે?

રામ અને પછી પેલો પ્રખ્યાત રાજ્યાભિષેકનો ઉત્સવ? એ ઉત્સવને માણવાની સમસ્ત પ્રજા ને રાજાની ઈચ્છા હતી, પરંતુ એ ઉત્સવ અધૂરો જ રહી ગયો. અને આપણે વનમાં વિદાય થવું પડ્યું. રાજ્યાભિષેકને બદલે મને ચૌદ વરસનો વનવાસ મળ્યો. એ પણ યાદ છે ને?

સીતા એ પણ યાદ છે. વનવાસમાં હું તમારી સંગિની હતી. ચંદ્રની સાથે જેમ આ શુક્રની તારિકા છે, અને આકાશની સાથે ધરતી છે તેમ. કહો કે પવનની સાથે એની લહરીની જેમ. એ ક્ષણોનું વિસ્મરણ કેવી રીતે થાય? એમને કેવી રીતે ભુલાય? પરંતુ એક વાત કહું તો માઠું તો નહિ લગાડો, આર્યપુત્ર?

રામ શું? ખુશીથી કહે. મને કોઈ દિવસ માઠું લાગ્યું છે કે લાગવાની તને આશંકા થાય છે? તારે જે કહેવું હોય તે કહે.

સીતા મારા મનમાં હજુયે શંકા છે કે વનવાસની વિપત્તિ તમે હાથે કરીને વહોરી લીધી'તી.

રામ કેમ?

સીતા પિતાજીએ તમને વનમાં જવાનું કહ્યું'તું ખરું? પિતાજી તો તમે તેમને મળ્યા ત્યારે અચેત જેવા બની ગયા હતા. મગજ પરનો કાબૂ ખોઈ બેઠા'તા. એ અવસ્થામાં વનમાં જવાની આજ્ઞા તમને માત્ર માતા કૈકેયીએ જ આપી હતી. છતાંપણ પિતાજીની મંજૂરીની રાહ જોવાને બદલે, એ આજ્ઞાને પિતાની આજ્ઞા માનીને તમે વનમાં ગયા, એ શું તમારી ભૂલ ન્હોતી થઈ?

રામ (હસીને) પિતાજીએ કોઈ વચનનો ઉચ્ચાર ન હતો કર્યો, પરંતુ મૌન દ્વારા માતા કૈકેયીનાં વચનનો સ્વીકાર તો કર્યો જ હતો. મૌન કેટલીયે વાર સંમતિનું સૂચક જ હોય છે, એ તને ખબર નથી?

સીતા અને કેટલીકવાર અસમંતિ કે ઉપેક્ષાનું પણ. એ તમે ભૂલી ગયા. એટલે મને તો લાગે છે કે તમારી ઉતાવળ થઈ. પિતાજી કદાચ એ પ્રશ્નનો બીજી રીતે પણ ઉકેલ કરત. પરંતુ તમે તેની રાહ ના જોઈ. હું તમને એ વખતે જ કહેવાની હતી, પરંતુ મારો ધર્મ બધી અવસ્થામાં તમને અનુસરવાનો હતો. એ તો ઠીક. પરંતુ વનમાં એક બીજી ભૂલ પણ થઈ એમ તમને નથી લાગતું? ચિત્રકુટ પર ભરત આવ્યા, કૈકેયી આવ્યાં અને આખી પ્રજાએ પ્રાર્થના કરી, તોપણ તમે એ ભૂલને સુધારીને, પ્રજાની સેવા માટે અયોધ્યામાં ના આવ્યા. ધારો કે કૈકેયીએ અપરાધ કર્યો તો તેને પશ્ચાત્તાપ કરીને ધોઈ નાખવાનો હક જ નહતો? પરંતુ તમે તો એના પશ્ચાત્તાપ અને પ્રજાના આગ્રહ છતાં અડગ જ રહ્યા.

રામ ચિત્રકુટથી હું પાછો ફરત, તો કહેનારા કહેત કે જોયું? રામને રાજ્યનો રાગ છે. લક્ષ્મીની લાલસા છે. ચિત્રકુટમાં પુનરાગમનની પ્રતીક્ષા કરતા જ એ બેઠા'તા અને હવે ભરત ને બીજા પ્રજાજનો પહોંચ્યાં એટલે પાછા ફર્યા !

સીતા પરંતુ એવી રીતે પાછા ફરવામાં મને નથી લાગતું કે કોઈ દોષ હોય. પ્રજાનો અવાજ જો સર્વોપરી હોય તો એ અવાજને તમારે અનુસરવું જોઈતું હતું. થોડાક લોકો અજ્ઞાનને લીધે પ્રલાપ કરે એથી કાંઈ પ્રજાના હિતને છોડી ના દેવાય.

રામ પરંતુ એ તો બધું ઈશ્વરની ઈચ્છાનુસાર જ થયા કરે છે. વનવાસનો વખત પૂરો કર્યા વિના હું પાછો આવું જ કેવી રીતે? એવી આશા પણ મારી પાસેથી કેવી રીતે રાખી શકાય?

સીતા એ તો ઠીક, પરંતુ રાવણની બહેન શૂપર્ણખાનાં નાક, કાન કાપી નાંખ્યા એ આપણી ભૂલ નથી થઈ? સ્ત્રીદાક્ષિણ્યમાં માનનારા લક્ષ્મણની એમાં કઈ જાતની શોભા છે? એને એ રીતે નાક, કાન વિનાની ના કરી હોત; તો રાવણનો રોષ ભભૂકી ના ઊઠ્યો હોત.

રામ રાવણ તો જનકને ત્યાં સ્વયંવરમાં શંકરનું ધનુષ્ય ના ઉઠાવી શક્યો અને એની નીચે એની અંગુલી દબાઈ, તે વખતે તું એની મશ્કરી કરતાં હસેલી એ વખતથી જ રોષે ભરાયેલો. એ શું તારી ભૂલ ન હતી? માણસ બીજું બધું સહી શકે છે, પરંતુ પોતાની પ્રેમમૂર્તિના ઉપહાસો નથી સહી શકતો. એનું ઉપેક્ષા ભરેલું હાસ્ય એને માટે અંગારરૂપ થઈ પડે છે. એની તને ખબર નથી શું? ત્યારથી જ એણે વિદ્વેષની ગાંઠ વાળી'તી. શૂર્પણખાની વાતથી એ ગાંઠ તાજી અને બળવાન બની.

સીતા મારી ભૂલ હું કબૂલ કરું છું. પરંતુ તમને એમ નથી લાગતું આર્યપુત્ર કે મારીચ જ્યારે સુવર્ણમૃગ બનીને પંચવટીમાં આવ્યો અને મેં એને મારીને કંચુકી બનાવવા માટે માગણી કરી, ત્યારે મને વારવી જોઈતી'તી? તમારે મને કહેવું જોઈતું'તું કે સીતા, કોઈ પ્રાણીની હત્યા કરીને કંચુકી પહેરવા કરતાં વલ્કલ જ બહેતર છે. આપણાં જેવાં વનવાસીને વલ્કલ જ શોભે. હિંસા દ્વારા પ્રાપ્ત કરેલી ચામડીની કંચુકી નહીં, પરંતુ તમે મોહવશ થઈને સુવર્ણમૃગની પાછળ દોડી ગયા. એવી રીતે ના ગયા હોત તો રાવણે મારું હરણ ના કર્યું હોત. સંન્યાસીના રૂપમાં રહેલા રાવણને હું ના ઓળખી શકી એમાં મારો દોષ નથી.

રામ એ પણ બધું ભવિતવ્ય જ હતું. વિધિએ જે રીતે ઘટનાચક્ર ગોઠવેલું એ રીતે બધું પાર પડી ગયું. હવે એનો ઊહાપોહ કે વિવાદ શું? અભિનેતાને જે જાતનો અભિનય આપવામાં આવે છે તે જાતનો અભિનય જ કરવાનો હોય છે એની તને ખબર નથી? આ અવનીમાં આવિર્ભાવ પામીને આપણે પણ અભિનય જ કરવાનો છે.

સીતા છતાં પણ મને લાગે છે કે આવી બધી ક્ષતિઓને લીધે આપણે વધારે દુઃખી થઈ ગયાં. પ્રવાસનો આપણો બોજો વધી પડ્યો નહિ તો એને હળવો કરી શકાયો હોત.

રામ બીજું કાંઈ?

સીતા બીજી એક શંકા છે. તેનું સમાધાન તમારા સિવાય કોઈ જ નથી કરી શકે તેમ.

રામ કઈ શંકા છે?

સીતા મંદોદરીની. મંદોદરી વિધવા થઈ પછી તમે તેનું પાણિગ્રહણ વિભીષણ સાથે કરાવ્યું. એ પગલું શું બરાબર હતું?

રામ મારી દૃષ્ટિએ બરાબર જ હતું. મંદોદરી ગુણની દૃષ્ટિએ જોતાં, રાવણ કરતાં વિભિષણની સાથે વધારે સામ્ય ધરાવતી હતી. તે તો તું પણ સહેલાઈથી સ્વીકારી શકીશ. રાવણ સાથે તેનું લગ્ન થયેલું, પરંતુ રાવણ સાથે તેના મનનો મેળ ન હતો. એટલે જ વિભીષણે એનો અંગીકાર કર્યો એમાં મેં અનુમતિ આપી. એ રીતે એક યોગ્ય વ્યક્તિને બીજી યોગ્ય વ્યક્તિના હાથમાં સુપરત કરી એટલું જ. એ એક સુંદર ને ઉત્તમ કાર્ય થયું. પુનર્લગ્નની પ્રથા એ પ્રદેશમાં પ્રચલિત છે, એટલે સામાજિક રીતે પણ એમાં કાંઈ ખોટું ના થયું.

સીતા અને મારી અગ્નિપરીક્ષા? અશોકવાટિકામાંથી પાછી લાવ્યા પછી તમે મારી અગ્નિપરીક્ષા કરી એ શું ઉચિત હતું? હાથે કરીને એ આપત્તિ આપણે ઊભી કરી નહોતી?

રામ સંસારને મારે બતાવવું હતું કે સીતા પવિત્રતાની પ્રતિમા છે. વિશુદ્ધિની વિરલ મૂર્તિ છે.

સીતા સંસારને બતાવવું હતું? પરંતુ તમારા અંતરને તો ખબર હતી ને કે હું પવિત્ર છું? પછી તમે સંસારની પરવા શા માટે કરી? તમારા હૈયા પર હાથ મૂકીને વિચાર કરવાને બદલે, બીજાનો ભય રાખીને તમે મને અગ્નિમાં પ્રવેશવા માટે કહ્યું તે કેટલે અંશે ઉચિત હતું?

રામ તારા ચારિત્ર્યમાં મને શંકા ન હતી, પરંતુ મારે આદર્શ જીવનની એક મર્યાદાની સ્થાપના કરવી'તી. માટે મેં તને અગ્નિપ્રવેશ કરવાનું કહેલું. જગત જાણે કે રામ પવિત્રતાના કેટલા બધા પક્ષપાતી છે અને સીતા કેટલી બધી નિર્મળ છે !

સીતા પરંતુ જગતે તો જાણ્યું કે રામને સીતાના ચારિત્ર્ય પર શંકા થઈ. સીતાની પવિત્રતામાં એમને વિશ્વાસ ના રહ્યો.

રામ જગતે ગમે તે જાણ્યું હોય, મેં એવું નથી જાણ્યું. હું તો તને મારા પ્રાણથી પણ વધારે પ્રિય માનું છું.

સીતા અને હું પણ તમને પ્રાણપ્રિય માનું છું, પરંતુ લોકોનો વિચાર કરીને હવે મને વધારે દુઃખી ના કરતા. એટલું જ મારે કહેવાનું છે.

રામ એટલે? શું તું એકલી જ દુઃખી થાય છે ને હું દુઃખી નથી થતો? તારું દુઃખ એ મારું જ દુઃખ છે.

સીતા એટલા માટે જ આપણા બંનેના આત્માને હવે હાથે કરીને વધારે દુઃખી ના કરતા.

રામ દુઃખ કોઈનું નોતર્યું કે ઈચ્છ્યું આવે છે, દેવી?

સીતા છતાંપણ, થોડીક જાગૃતિ રાખીને એને ઓછું કરી કે નિવારી શકાય છે.

રામ જોને, આ ચંદ્ર કેવો દોડી રહ્યો છે? છતાં પણ પેલું કાળું વાદળ એને હમણાં જ પકડી પાડશે અને એના આનંદનો અંત આણશે.

સીતા પરંતુ ચંદ્રમા ચતુરતા વાપરીને છૂટી જશે પણ ખરો.

રામ આપણે પણ એવી રીતે વિરહના વાદળમાંથી મુક્તિ મેળવીને મિલનની મધુરતાને માણી રહ્યાં છીએ. એ મધુરતાને હવે કાયમ રાખીશું. એકમેકના સહવાસમાં જીવનનો મહોત્સવ કરીશું.

સીતા	વનનું જીવન પણ હતું તો અત્યંત આનંદમય, હોં આર્યપુત્ર !

રામ	જેમણે મન પર વિજય મેળવ્યો છે એમને માટે બધું જ આનંદમય હોય છે. ત્યારે શું તારે વનમાં ફરી જવું છે?

સીતા	કદાપિ નહીં. હવે શા માટે જઉં? હા, તમે આવતા હો તો હું પણ તૈયાર છું. બાકી તમારા વિનાનું વન મારે માટે સ્મશાન બરાબર છે.

રામ	(સીતાના મુખને જોઈને) ચંદ્રની ચારુતા કરતાં તારા મુખની માધુરી વધારે આહ્લાદક છે હોં દેવી ! સુંદરતાએ જાણે શરીર ધારણ કર્યું હોય એવી તારી શોભા છે. વિરહને હવે આપણાં જીવનમાં કોઈયે કારણે નહિ આવવા દઉં અને આવશે તોપણ...

(બહારથી અવાજ આવે છે.)

અવાજ	હું અંદર આવવાની અનુજ્ઞા માગું છું. આવું?

રામ	કોણ? લક્ષ્મણ? આવ.

લક્ષ્મણ	(અંદર આવીને) હા. લક્ષ્મણ. આજે રાતે નગરચર્યા કરવા જવાની ઈચ્છા તમે પ્રદર્શિત કરેલી. એ સંબંધમાં હું પૂછવા આવ્યો છું કે આપણે તૈયાર થઈને ક્યારે જવું છે?

રામ	મધ્યરાત્રિ પહેલાં હું તૈયાર થઈને તને બોલાવીશ એટલે તું આવી પહોંચજે.

લક્ષ્મણ	ભલે. (જાય છે.)

સીતા	તો શું આજે પણ તમારે પોતે જ નગરચર્યા માટે જવું છે?

રામ	હા દેવી ! હું પોતે જઉં તો મારી પોતાની આંખે જોઉં, મારા પોતાના કાને સાંભળું અને પ્રજા કેવી રીતે જીવે છે તેનો સાચો પરિચય મેળવું. દૂત મને દરરોજ સંદેશ પહોંચાડે છે પરંતુ વચ્ચે વચ્ચે હું પોતે પણ નીકળું તે બરાબર છે. આદર્શ રાજાએ બીજા પર વિશ્વાસ રાખવાને બદલે પોતાની જાત પર જ વધારે વિશ્વાસ રાખવો જોઈએ. લક્ષ્મણ સાથે છે એટલે બહાર ફરવામાં હરકત નથી. ઊલટું, આનંદ આવે છે.

સીતા	જેવી તમારી ઈચ્છા.

રામ	ચાલ ત્યારે, તારા કોમળ કર પર મસ્તક મૂકીને ઘડી બે ઘડી વિશ્રામ કરી લઉં. વખત હમણાં વહી જશે ને બહાર જવાનું થશે.

સીતા	હું તો તૈયાર જ છું.

રામ	પરંતુ હા ! ચાંદની રાતમાં એકાદ ગીત સંભળાવ તો મારા અંતરને આનંદ મળે. વાતાવરણ બધી રીતે અનુકૂળ છે.

સીતા	(ગાય છે)

ઝેર તો પીધાં જાણી જાણી
જન્મીને, ઝેર તો પીધાં જાણી જાણી.
કથા એ નથી રહી છાની
જન્મીને, ઝેર તો પીધાં જાણી જાણી.

અમૃતના ઘૂંટડા અળગા કરીને
પીધાં પીયૂષ ગણી પાણી;
છાયામાં સૂવાના છોડી દઈને,
તાપમાં છાંયડી જાણી ... જન્મીને.

હીરામાણેક મોહિની ના મળે,
સોનાની વાત તો શાની?
રાજપ્રાસાદના રંગ બધા છાંડી,
વગડામાં મોજો માણી ... જન્મીને.

કટુતામહીં સદા માની મધુરતા,
વેરમાં પ્રીતિ પ્રમાણી;
અવમાનમાં ગણ્યાં સન્માન સાચે,
જડતામાં જીવનનિશાની ... જન્મીને.

પાવકશા પંથ પરે પગલી પાડીને,
બોલ્યાં વહાલની વાણી;
ઝેર ગયાં પલટાઈ અમૃતમાં આખરે,
સમજી જજો કોઈ જ્ઞાની ... જન્મીને.

*

## અંક પહેલો
## (પ્રવેશ ત્રીજો)

(રાજમાર્ગ પર રામ અને લક્ષ્મણ)

લક્ષ્મણ — અયોધ્યાનગરી અત્યારે કેવી શાંત અને આહ્લાદક લાગે છે, રામચંદ્રજી?

રામ — અત્યંત શાંત અને અતિશય આહ્લાદક. અયોધ્યાનગરી અત્યારે આ પૃથ્વી પરની કોઈ પાર્થિવ નગરી નથી લાગતી. પરંતુ સર્જનની કોઈક રહસ્ય ભરેલી, સુધામય સૃષ્ટિ લાગે છે. આવી નગરીમાં આપણો આવિર્ભાવ થયો છે એ પણ આપણું અહોભાગ્ય છે, લક્ષ્મણ !

લક્ષ્મણ — સાચું છે વડીલબંધુ ! તમે મારી જ લાગણી કે ભાવનાને વાચા આપી રહ્યા છો. સંસ્કૃત ભાષાનું પેલું સુપ્રસિદ્ધ સૂત્ર છે કે જનની ને જન્મભૂમિ બંને અમરાપુરી કરતાં પણ અધિક છે. લોકો એને મોટે ભાગે મમતાના મીઠા ઉદ્‌ગાર કહેતા હોય છે, પરંતુ આ સંબંધમાં એવું નથી. અયોધ્યાની અમરાપુરી તરીકે ઓળખાણ આપવામાં અયોધ્યાની અવજ્ઞા થઈ રહી છે એમ મને તો લાગી રહ્યું છે. મારી દૃષ્ટિએ તો અયોધ્યા કોઈ પ્રાકૃત પૃથ્વીપ્રદેશ નથી, પરંતુ પ્રત્યક્ષ પરમધામ છે. પરમાનંદ, પરમશાંતિ અને અમરતાથી અલંકૃત થયેલું પૃથ્વી પરનું પરમધામ.

રામ — શાસ્ત્રોમાં પરમધામને પૃથ્વી કરતાં જુદું કહેલું છે. સપ્તલોકનું વર્ણન કરેલું છે. અને એ લોકોને ભેદીને કોઈ વિરલ કોટિના મુક્તાત્માઓ એ પરમધામમાં પ્રવેશ કરે છે. આપણા ગુરૂ મહામુનિ વશિષ્ઠે પણ એ પ્રમાણે કહી બતાવેલું. પરંતુ મને તો અયોધ્યાનો આનંદ એ પરમધામથી પણ વધારે લાગે છે. મહર્ષિ વશિષ્ઠે એક વાર એકાંતમાં કહેલું કે પરમધામમાં પ્રવેશ કરવાનું અને અયોધ્યામાં તમારી સાથે રહેવાનું, એ બંનેમાંથી એકની પસંદગી કરવાની હોય તો હું તો અયોધ્યાના તમારી સાથેના સહજીવનને જ પસંદ કરૂં.

લક્ષ્મણ — અને ગુરૂ વશિષ્ઠે પોતે જ ન્હોતું કહ્યું કે પુરોહિતપદ જેવું કનિષ્ઠ ને નિંદનીય પદ બીજું એકે નથી; છતાં રઘુકુળમાં શ્રીરામનો જન્મ થવાનો છે એવી માહિતી મળવાથી જ એ પદનો મેં સ્વીકાર કર્યો. રઘુકુળ અને અયોધ્યા અલૌકિક, અસાધારણ, અનેરાં, અને આહ્લાદક લાગે છે. તેનું કારણ એકલું રઘુકુળ કે એકલી અયોધ્યા નથી. પરંતુ તેમાં થયેલું તમારૂં પાવન પ્રાકટ્ય છે. સરોવર સુંદર નથી હોતું એમ નહિ. પરંતુ પદ્મને લીધે તેની સુંદરતામાં અભિવૃદ્ધિ થાય છે. આકાશ અલૌકિક અને આહ્લાદક નથી એવું કોણ કહેશે? છતાંપણ સૂર્ય ને ચંદ્ર તથા ગ્રહનક્ષત્ર ને વાદળને લીધે એની અલૌકિકતા અને આહ્લાદકતા વધી જાય છે. વનની કુંજનિકુંજ આમ સ્વાભાવિક રીતે જ સુંદર છે, પરંતુ પુષ્પો એમને વધારે સુંદર કરી દે છે. નૈસર્ગિક રીતે જ ઉલ્લાસમય એવાં ઉદ્યાનોને એમાં ઊડતાં રંગબેરંગી ફુવારા એક પ્રકારના અનિર્વચનીય ઉલ્લાસથી ભરી દે છે. બાળકો બોલીથી અને વાદ્યો એમના સંગીતસ્વરથી વધારે સુશોભિત બની જાય છે. તેવી રીતે કુદરતી રીતે જ સુંદર અને

મહિમામય રઘુકુળ અને અયોધ્યાપુરીને તમારા જન્મથી તથા સીતાની સાથેના તમારા સહવાસથી વધારે સુંદરતા ને મહિમાની પ્રાપ્તિ થઈ છે.

રામ તારું કથન સાચું હશે, પરંતુ અયોધ્યાના મહિમાનું વર્ણન કરવામાં એક વાતને તેં વિસારી દીધી છે.

લક્ષ્મણ કઈ વાતનો તમે ઉલ્લેખ કરી રહ્યા છો? કૌશલ્યાનંદન?

રામ એક સર્વાંશે સાચી હકીકતનો. રઘુકુળ અને અયોધ્યાનો મહિમા મારે લીધે ને સીતાને લીધે છે એવું કહે છે તે સાંભળવાનું તો સારું લાગે છે, પરંતુ તારે લીધે તથા ભરત ને શત્રુઘ્નને લીધે પણ એ મહિમા વધારે ઉજ્જવળ બનીને નથી પ્રકાશી રહ્યો? કૈકેયી, કૌશલ્યા અને સુમિત્રાની સાથે આપણા પિતા દશરથ અને મહર્ષિ વશિષ્ઠનો ફાળો પણ એમાં કાંઈ નાનોસૂનો નથી, લક્ષ્મણ !

લક્ષ્મણ એ તમારી ઉદારતા કે મહાનતા છે, રામ ! તમારી પ્રશંસા તમને એટલી બધી પ્રિય નથી લાગતી. બલકે બીજાની પ્રશંસા કરવા ને બીજાનું સન્માન કરવા તમે સદાયે તૈયાર રહો છો. એ તમારી વિશેષતા છે. અને તમારી જ શા માટે? મહાપુરૂષોની એ વિશેષતા છે. મહાપુરૂષોના સ્વભાવને પંડિતોએ એવો જ ઔદાર્યભરેલો કહેલો છે.

રામ (હસીને) તારા જેવો કેમ? તારી પ્રશસ્તિ કરવાનો અવસર આવ્યો ત્યારે એ પ્રશસ્તિની માળા તેં મને પહેરાવી દીધી !

લક્ષ્મણ માળા જ્યાં શોભી શકે તેમ હોય ત્યાં જ શોભેને, બંધુવર?

રામ વાતોમાં ને વાતોમાં આપણે કેટલે બધે નીકળી ગયા તેની ખબર પણ ના પડી, મુનિનો વેશ ધારણ કર્યો છે એટલે સારું છે કે કોઈ આપણને ઓળખી નહિ શકે, પરંતુ હવે આ ટૂંકા માર્ગો તથા ગીચ વસતી છે એટલે આપણે વધારે વાર્તાલાપ બંધ કરવો જોઈએ. વાર્તાલાપ પરથી કોઈ આપણને ઓળખી જાય તો બધું રહસ્ય માર્યું જાય.

લક્ષ્મણ સાચું છે. લક્ષ્મીનંદનોનો વિસ્તાર છોડીને અત્યારે આપણે નગરના જરાક ઓછા ધનિક વિસ્તારમાં આવી પહોંચ્યા છીએ. આ વિસ્તાર પણ છે તો સુખી જ.

રામ પરંતુ પેલો પુરૂષ કોણ આવે છે? પેલા વૃક્ષની પંક્તિ પાસેથી પસાર થઈને એ આ બાજુ જ આવી રહ્યો છે.

લક્ષ્મણ કોઈ પ્રવાસી હોય એવો દેખાય છે. એના મસ્તક પર જે સામાન છે એના પરથી એવું અનુમાન કરી શકાય છે.

(એટલામાં પ્રવાસી આવી પહોંચે છે.)

પ્રવાસી (મુનિ માનીને હાથ જોડે છે.) નમસ્કાર ભગવન્ !

રામ કલ્યાણ હો ! શુભાશિષ આપું છું. ક્યાંથી આવી રહ્યા છો?

પ્રવાસી પ્રવાસી છું. પ્રયાગરાજથી પગપાળો શ્રીરામના દર્શન માટે આવી રહ્યો છું. અધીરાઈમાં ને અધીરાઈમાં આટલું બધું અંતર કાપીને છેક આજે અહીં આવી પહોંચ્યો. આ જ અયોધ્યાપુરી ને?

લક્ષ્મણ હા. અયોધ્યાપુરી આ જ છે.

રામ પરંતુ એક વાત કહું તો અવિનયમાં ના માનતા.

પ્રવાસી કહો. જરૂર કહો. તમે પૂજ્ય અથવા ઉત્તમ છો એટલે કહેવાને લાયક છો.

રામ રામચંદ્રજીના દર્શન માટેના આગમનનું કારણ?

લક્ષ્મણ રામચંદ્રજીમાં એવું શું છે કે એમનાં દર્શન માટે તમે આટલે બધે દૂરથી અહીં આવી પહોંચ્યા છો?

પ્રવાસી તમારો પ્રશ્ન સહેતુક ને સીધો છે. રામને હું એક આદર્શ રાજા માનું છું. કહે છે કે એમના રાજ્યમાં કોઈ પ્રકારનું દુઃખ નથી, દર્દ નથી અને દુર્દિન નથી. એવી લોકોક્તિ સાંભળીને હું અયોધ્યાનું અવલોકન કરવા તથા એવા એક આદર્શ રાજાને મળીને મારા આદરની અંજલિ આપવા માટે આવી પહોંચ્યો છું.

રામ કહે છે ને કે રામની પ્રજા તો સુખી છે, પરંતુ વનવાસમાંથી પાછા આવ્યા પછી રામ સીતાના મોહમાં પડી ગયા છે? સીતાની સાથેના વિલાસ સિવાય બીજા કોઈ વિષયનો હવે તે વિચાર જ નથી કરતા. બીજા કશામાં ધ્યાન જ નથી આપતા.

પ્રવાસી એવું તમને કોણે કહ્યું, પ્રભુ?

રામ નગરમાં રહીએ એટલે સાંભળવા તો મળે ને? તમે તો હજુ નવાગંતુક છો. છતાં પણ વાત નીકળી એટલે આટલું કહી દીધું.

પ્રવાસી મને એ સાચું નથી લાગતું, મુનિવર ! રામની જે પ્રશસ્તિ મેં સાંભળી છે, તેની સાથે તમારા કથનનો મેળ નથી બેસતો. રામ એક આદર્શ રાજા છે એટલું જ મેં નથી સાંભળ્યું, પરંતુ સાથે સાથે એવું પણ સાંભળ્યું છે કે એ એક આદર્શ માનવ છે. સંયમી ને જિતેન્દ્રિય માનવ.

રામ એ શું તમને સાચું લાગે છે? લોકોક્તિમાં કેટલો વિશ્વાસ રાખવો તે તમે જાણો. પરંતુ વિદ્વાન કે પ્રાજ્ઞ પુરૂષો એમાં બહુ વિશ્વાસ નથી રાખતા. વધારે વિશ્વાસ તો એ અનુભવમાં રાખે છે. સ્વાનુભવમાં. કર્ણોપકર્ણના શ્રવણમાં નહિ.

પ્રવાસી અવિનય થતો હોય તો ક્ષમા માગું છું, મુનિવર ! પરંતુ એ તો સર્વવિદિત છે કે શ્રીરામે સ્વેચ્છાથી રાજપાટનો ત્યાગ કરીને વનવાસનો સ્વીકાર કર્યો હતો. સંયમી કે જિતેન્દ્રિય પુરૂષ વિના બીજા કોઈ પુરૂષથી એવું ના થઈ શકે, ભગવન !

રામ જેવી તમારી શ્રદ્ધા. અયોધ્યામાં વાસ કરીને થોડો વખત નિરીક્ષણ કરશો એટલે જે સત્ય છે તેની સમજ પડશે.

પ્રવાસી લોકહિતને માટે ઉત્સુક એવા શ્રીરામનું દર્શન સૌને સારું સુલભ તો છે ને?

લક્ષ્મણ એ બાબત શ્રીરામ કોઈને નિરાશ કરતા હોય એવું આજ પર્યંત તો જાણવા નથી મળ્યું. તમે તેમના દર્શનનો લાભ લઈ શકો છો. મધ્યાહ્ન પહેલાંની એક ઘડી એ લોકસંપર્કમાં જ પસાર કરે છે.

પ્રવાસી અને અતિથિશાળા?

લક્ષ્મણ આ માર્ગે આગળ જશો એટલે બે રસ્તા ભેગા થાય છે ત્યાં જ વિશાળ અતિથિશાળા છે.

પ્રવાસી તમારા માર્ગદર્શન માટે કૃતજ્ઞ છું.

(વંદન કરીને વિદાય થાય છે. રામ અને લક્ષ્મણ આગળ વધે છે.)

રામ લક્ષ્મણ ! આ પ્રવાસીનો પ્રેમ કેટલો બધો પરાકાષ્ઠાએ પહોંચેલો છે ! એને માટે એને પારિતોષક આપવું જોઈએ. આજે આપણે છદ્મવેશમાં છીએ. નહીં તો અત્યારે જ એને અભિનંદન આપ્યા હોત.

લક્ષ્મણ પ્રજા બધી તમને એવી રીતે જ માને છે ને પૂજે છે. અયોધ્યાની જ નહિ પરંતુ બહારની જનતાના અંતરમાં પણ તમારે માટે આદરભાવ છે.

(એટલામાં અવાજ સંભળાય છે એટલે બંને ઊભા રહે છે.)

રામ આ આવાસમાંથી કોઈનો અવાજ સંભળાઈ રહ્યો છે. શાંતિથી તેનું શ્રવણ કર.

પહેલો અવાજ પૃથ્વી પર રામ જેવા પૂર્ણપુરૂષ કોઈ જન્મ્યા જ નથી

બીજો અવાજ એવું તો કેમ કહી શકાય? અનંતકાળથી આરંભાયલી પૃથ્વી પર પ્રકટ થયેલા મહામાનવોને તમે ક્યાં જોયા છે? હા, એટલું કહી શકાય કે રામ પણ એક મહામાનવ છે, પરંતુ એમના જેવા કોઈ જન્મ્યા જ નથી એવું તો હું નથી માની શકતી.

પહેલો અવાજ અયોધ્યાનાં નરનારી એમને પરમાત્મારૂપે પૂજવા માંડ્યા છે. એ ખબર છે?

બીજો અવાજ ખબર છે. રાજાને આપણાં શાસ્ત્રોએ પરમાત્માની વિભૂતિ કહેલા છે. એટલે એ રીતે માનીને પ્રજા એમને પૂજે એમાં આશ્ચર્ય જેવું છે જ શું? પરંતુ પ્રજા મહાપુરૂષોને કેવળ પૂજવાને બદલે એમના આદેશાનુસાર ચાલતી થાય એ પણ આવશ્યક હોય છે. એવી પ્રજા જ પોતાની પ્રગતિના પર્વતશિખર પર આરૂઢ થઈ શકે છે.

(અવાજ બંધ થાય છે એટલે આગળ વધે છે.)

(દસેક ડગલાં વધે છે ત્યાં એક મકાનમાંથી ફરી સંભળાય છે.)

ધોબી લોકો ભ્રમણામાં પડ્યાં છે કે રામ એક આદર્શ રાજા છે, અને એમના રાજ્યમાં બધી રીતે સુખશાંતિ છે. પરંતુ રામના રાજ્યમાં પણ ઓછી અનીતિ નથી થતી.

સ્ત્રી મારી અનીતિ માટે તમે રામના આખા રાજ્યને શા માટે વગોવો છો?

ધોબી આ રાજ્યમાં તારા જેવી કુલટાઓ કેટલી હશે તેની કોને ખબર છે? તને તો હું ઓળખું છું. બાકી મારાથી અજ્ઞાત એવી કેટલીય સ્ત્રીઓ તારી જેમ અનીતિના માર્ગે ચાલતી હશે. તને એમ હશે કે રાવણને ત્યાં રહી આવેલી સીતાને રામચંદ્રે ઘરમાં ઘાલી છે, તેમ હું પણ તને ઘરમાં રાખીશ, પરંતુ હું કાંઈ રામના જેવો વિષયી નથી; સમજી? આટલી વાર તને જવા

દઉં છું. પરંતુ બીજી વાર જો આવું કુત્સિત કામ કરતાં પકડાઈ ગઈ તો હું તને ઘરમાં નહિ રાખું, પણ વનમાં મૂકી આવીશ વનમાં. અથવા તો રસ્તે રઝળતી કરી દઈશ.

સ્ત્રી સીતા રાવણને ત્યાં જેટલો વખત રહી ચૂકી, તેટલા વખત સુધી તો હું અનીતિ નથી કરી ચૂકી ! છતાં રામે સીતાને સ્વીકારી છે, અને લોકોએ પણ એને સતી તરીકે માનવા માંડી છે. તમે તો નકામો ઊહાપોહ કરો છો. જે દેશનો રાજા જ આવા અધર્મપરાયણ છે, તે દેશની પ્રજા પાસેથી બીજી કેવીક આશા રાખી શકાય?

ધોબી રામ એવા અધર્મપરાયણ છે, પણ હું કાંઈ એવો નથી. ધર્મ ને નીતિ તથા સદાચારની મર્યાદાને હું સારી રીતે સમજું છું. મારા ઘરમાં સાચી સતી થઈને પવિત્ર રીતે રહીશ તો જ રહી શકાશે. નહિ તો પછી મારા જેવો ભૂંડો બીજો કોઈ જ નથી. રામ તો રાજા કહેવાય. એટલે એમને જે કરે તે બધું જ શોભે. મોટાની એબને કોઈયે ના જાણે. અને જાણે તો બહાર ના પાડે, ઢાંકી રાખે. પણ આપણે તો રહ્યાં ગરીબ માણસ. નાતજાતમાં બધે જ વગોવાઈ જઈએ. માટે આજથી તું પરપુરૂષના સંબંધનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લઈ લે. નહિ તો તારા મસ્તકને ધડથી જુદું કરી નાખીશ. દુરાચારીનું મોં જોવાનું પણ મને પસંદ નથી પડતું.

સ્ત્રી આટલી વાર મને ક્ષમા આપી દો. બીજી વાર મારાથી કોઈ ભૂલ નહિ થાય તેની હું સાવચેતી રાખીશ.

ધોબી હા, એમ કહે, અને મને છેતરવાને માટે નહિ પરંતુ સાચા દિલથી કહે, તો જ મને શાંતિ મળી શકે. બાકી સીતા જેવી મહારાણીના વાદ લીધે આપણું કામ ના ચાલે. એની વાત જુદી અને આપણી વાત જુદી.

સ્ત્રી ચાલો, હવે વખત ઘણો વીતી ગયો છે. મધ્યરાત્રિ થઈ ગઈ છે. માટે આરામ કરીએ. સવારે વહેલા ઊઠીને પાછું કામ કરવાનું છે.

(શાંતિ)

રામ (ધીમેથી) લક્ષ્મણ ! સાંભળ્યું?

લક્ષ્મણ હા. સાંભળ્યું. આ લોકોને ભારેમાં ભારે દંડ કરવો જોઈએ.

રામ એ આપણને ના શોભે. પ્રશસ્તિ કરે તેને પારિતોષિક ને નિંદા કરે તેને દંડ એ નીતિ બીજાની ભલે હોય; રામની ના હોય. મેં તો માનેલું કે આખી અયોધ્યા સદાચારી ને સુખી હશે, અને મારાં ગુણગાન ગાતી હશે, પરંતુ એવું નથી. આ વાતચીતે મને વિચારમાં નાખી દીધો છે અને આઘાત પહોંચાડ્યો છે.

લક્ષ્મણ આવી નાનીસરખી વાતમાં આઘાત શા માટે પહોંચવો જોઈએ?

રામ વાત નાની લાગે છે પણ ઘણી મોટી છે. જે વાતચીત એક ઘરમાં થઈ રહી છે તે બીજે કેમ નહિ થતી હોય? છતાં પણ અત્યારે એ વિશેના વધારે વિવાદમાં નહિ પડું. હવે આપણે રાજપ્રાસાદમાં પાછા ફરીએ એ જ બરાબર છે.

લક્ષ્મણ જેવી આજ્ઞા.

## અંક પહેલો
## (પ્રવેશ ચોથો)

(સીતા રાજપ્રાસાદના મુખ્ય ખંડમાં બેઠી છે)

સીતા (સ્વગત) રામ બધુંયે સહી શકે પરંતુ મારો વિરહ ના સહી શકે. હવે તો એમનો મારા પ્રત્યેનો પ્રેમ પૂર્ણિમાના ચંદ્રના જેવો પરિપૂર્ણપણે પ્રકાશ્યો છે. કેટલો બધો અલૌકિક અને અસાધારણ પ્રેમ છે ! આવો પ્રેમ પૃથ્વી પર બીજે ક્યાંય, અને બીજા કોઈને કોઈને ય માટે નહિ હોય.

અશોકવાટિકામાંથી પાછા આવ્યા પછી કોણ જાણે કેમ પણ અમારો પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. વિરહ પછીના મિલનમાં શું વધારે આનંદ આવતો હશે? રામ મને એટલા પ્રિય લાગે છે કે વાત નહિ. મારા જીવનરૂપી વ્યોમના ચંદ્ર જેવા એ રામ ચિરાયુ હો, અમારો પ્રેમ ચિરાયુ હો, અમારું દીર્ઘકાળ પછી પ્રાપ્ત થયેલું આ મિલન પણ ચિરાયુ હો !

(રામ આવે છે)

આર્યપુત્ર ! બે દિવસથી તમે અતિશય દિલગીર દેખાવ છો તેનું કારણ?

રામ કારણ બીજું કશું જ નથી, પરંતુ બે દિવસ પહેલાંની મારી નગરચર્યા છે.

સીતા એટલે ! નગરચર્યામાં તમે બીજું કાંઈ જોયેલું કે પેલો ધોબી ને ધોબણનો સંવાદ સાંભળેલો એ જ? એની જ અસર તમારા પર આટલી બધી પ્રબળ થઈ શકે છે?

રામ હા દેવી ! એ સંવાદ મારા શ્રવણપટ પર દિવસ ને રાત અથડાયા કરે છે. એને હું કેમે કરીને નથી ભૂલી શકતો.

સીતા તમારા જેવા વીરપુરૂષે એવી લોકોક્તિને બહુ મહત્ત્વની ના માનવી જોઈએ. એ કાંઈ અયોધ્યાની આખી પ્રજાનો અવાજ નથી. એકાદ પૂર્વગ્રહથી પીડાતા, અજ્ઞાની, ધોબીનો પ્રલાપ છે. એને યાદ કરી કરીને આમ ઉદાસ ના થવાનું હોય.

રામ ના દેવી ! એ અયોધ્યાની આખી પ્રજાનો અવાજ નથી. છતાંપણ બીજા કેટલાક લોકો એવા વિચારો નહિ સેવતા હોય એવું શી રીતે કહી શકાય ! અને એક ઘરમાં પણ તારા ચારિત્ર્ય વિશે એવી અફવા ઉડે એ મારાથી શી રીતે સહન થાય? રાજાને મન તો પ્રજાના એક ઘરનો અવાજ પણ એટલો જ અગત્યનો છે જેટલો સમસ્ત પ્રજાનો. મારા રાજ્યમાં કોઈ આવો અભિપ્રાય આપે એ મારાથી ના સહન થાય.

સીતા પરંતુ તમારાથી એને અટકાવી શકાય એમ છે? અને અટકાવવાની જરૂર પણ શી છે? જેવી જેની ભાવના અને જેવી જેની બુદ્ધિ. તે પ્રમાણે બધા બોલ્યા કરે. એવી રીતે સૌનું સાંભળવા જઈએ તો જગતમાં જીવાય જ નહિ. ઉદાસ બની બનીને મરી જઈએ. બહુ બહુ તો તમે ધોબીને બોલાવો અને સત્ય હકીકતથી માહિતગાર કરો. જેથી એ પોતાની ભૂલને સમજીને સુધારી શકે, અને પોતાના પૂર્વગ્રહમાંથી મુક્તિ મેળવે.

રામ એવું કરવાની જરૂર હું નથી જોતો. વાણી દ્વારા બીજાને સુધારવાને બદલે વર્તન દ્વારા સુધારવામાં મને વધારે રસ છે. એને હું વધારે મહત્ત્વનું માનું છું.

સીતા એટલે? તમે કેવી જાતનું વર્તન કરવા માંગો છો?

રામ એનો નિર્ણય મેં કરી લીધો છે. અયોધ્યાનાં નરનારીને હું ફરી વાર બતાવવા માગું છું કે રામ સીતાના મોહમાં નથી પડ્યા, અને વનવાસમાંથી પાછા આવ્યા પછી નીતિને નેવે મૂકીને વિલાસી પણ નથી થયા.

સીતા તે કેવી રીતે બતાવશો, દેવ?

રામ તારો ત્યાગ કરીને.

સીતા ત્યાગ? મારો ત્યાગ કરીને? શાને માટે? અને ક્યાં?

રામ જો સીતા ! તું અધીરી ના બન. દુઃખી પણ ના બનતી. મેં તારો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો છે. તને રસ્તા પર રઝળતી નહિ મૂકું, પરંતુ તપોવનમાં, મહર્ષિ વાલ્મીકિના આશ્રમના પ્રદેશમાં પહોંચાડી દઈશ.

સીતા (દુઃખી થઈને) એમ કરવાથી તમે મારું, તમારું કે અયોધ્યાનું કયું હિત સાધી શકશો?

રામ મેં તને કહ્યું તે. અયોધ્યાની પ્રજા જાણશે કે પોતાની પ્રજાના અવાજને માન આપવાની રામમાં શક્તિ છે. એ અવાજ ભલે એક જ પ્રજાજનનો હોય, રામ એ અવાજ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. અને જાણશે કે રામ મમતા તથા આસક્તિથી રહિત છે.

સીતા પરંતુ પ્રજા તમને અત્યંત કઠોર હૃદયના કહેશે એ વાતનો વિચાર કેમ નથી કરતા? જો કે પ્રજાજનના અવાજને આટલો બધો મહત્ત્વનો ના માનવાનો હોય. એવું મહત્ત્વ માનવામાં આવે તો રાજા ને પ્રજા અથવા તો રાજ્ય બધુંયે બરબાદ બની જાય. આખી પ્રજા એકવાર રાજાની સામે હોય તો પણ શું? રાજાએ એ વિરોધ ને નિંદાથી ડર્યા વિના, સત્યને વફાદાર રહીને આગળ વધવું જોઈએ. જે સત્ય છે એની અસર અવશ્ય થાય છે, અને પ્રજા એને આજે નહિ તો કાલે પણ સમજે છે. હું તમારા વિચાર સાથે સંમત નથી થઈ શકતી.

રામ સંમત થાય કે ના થાય, પરંતુ મને તો એ નિર્ણય બરાબર લાગે છે. તારા ચરિત્ર્યમાં મને શંકા નથી. પરંતુ કોઈને હોય તો હું બતાવી આપવા માગું છું કે એ શંકા નિરાધાર છે.

સીતા પરંતુ એનો માર્ગ આવો ના હોય, પ્રભુ ! કોઈ મારે માટે શું માને છે તે મારે મન મહત્ત્વનું નથી. તમે શું માનો છો તે જ મહત્ત્વનું છે. તમને મારામાં વિશ્વાસ છે એટલે થયું. બાકી આવી રીતે એક સાધારણ માણસના શબ્દોને વધારે પડતું વજન આપીને તો, તમે હાથે કરીને દુઃખી થશો, અને મને પણ દુઃખના દાવાનળમાં નાખી દેશો.

રામ એવું નથી સીતા ! હું એથી દુઃખી નથી થવાનો. અને તને પણ દુઃખના દાવાનળમાં નાખી દેવાની ઈચ્છા નથી રાખતો. એવી કલ્પનાયે હું નથી કરી શકતો. મારી આજ્ઞાને તારે સુખરૂપ સમજીને, સદાયે અનુસરી છે એવી રીતે અનુસરવાનું છે. પરંતુ હજુ લક્ષ્મણ કેમ ના આવ્યો? એને અત્યારે બોલાવ્યો છે.

(એટલામાં બહારથી અવાજ આવે છે.)

અવાજ આપનો આજ્ઞાંકિત લક્ષ્મણ આવી પહોંચ્યો છે.

રામ એ ભલે અંદર આવે.

(લક્ષ્મણ આવે છે અભિવાદન કરે છે.)

લક્ષ્મણ વહેલો આવવાનો હતો પરંતુ એક સ્થળે આગ લાગી'તી જાણે કે દાવાનળ. એથી વિલંબ થયો છે. વિલંબ માટે ક્ષમા ચાહું છું.

રામ અયોધ્યામાં હવે ઉપરાઉપરી આગ પણ લાગવા માંડી? આગ લાગવાના બનાવો હમણાં હમણાં વધારે પ્રમાણમાં બનવા માંડ્યા છે.

(થોડીવાર વિચારીને)

મેં એક વિચાર કર્યો છે, લક્ષ્મણ !

લક્ષ્મણ શું વિચાર કર્યો છે, પ્રભુ?

રામ તારે માટે તે વિચાર નવો નથી. તું જાણે જ છે કે નગરચર્યામાં આપણે સીતાના ચારિત્ર્ય વિશેનો વાદવિવાદ સાંભળેલો.

લક્ષ્મણ તેનું મને સ્મરણ છે. જો કે તેને મેં એટલું મહત્ત્વ ન્હોતું આપ્યું. અને આજે પણ નથી આપતો. એવા વાદવિવાદ તો લોક હોય ત્યાં બધે જ ચાલ્યા કરે છે. એમને બહુ ગંભીરતાથી ના લેવા જોઈએ.

રામ ના લક્ષ્મણ ! મારું મંતવ્ય આ બાબતમાં જુદું છે. રાજાએ પ્રજાની પ્રત્યેક વાત સાંભળવી જ જોઈએ. પછી ભલેને તે વાત જાહેર રીતે કહેવાયલી હોય કે ઘરના ખૂણે ઉચ્ચારાયેલી હોય. આદર્શ રાજા એ જ છે જે પ્રજાના પ્રત્યેક સ્તરના હૃદયને શાંતિ આપતો હોય. જેની જીવનચર્યા અથવા તો જેના ચારિત્ર્યને માટે પ્રજાને કોઈપણ પ્રકારનો સંશય ના હોય.

લક્ષ્મણ રાજા જો આદર્શ રીતે રાજ્ય કરતો હોય, કે પોતાની પ્રજાનું પાલન કરતો હોય, તો એટલું જ એને આદર્શ રાજા તરીકે સિદ્ધ કરવા પર્યાપ્ત નથી શું? પ્રજાએ રાજાના ઘરેલૂ પ્રશ્નોમાં અથવા રાજાની વ્યક્તિગત વાતોમાં રસ લેવાની કે દખલ કરવાની આવશ્યકતા નથી હોતી. એને અપરાધ કહેવાય. અને રાજા પણ જો પ્રજાના એકાદ સ્તરના અવાજ કે અભિપ્રાયથી દોરવાઈ જઈને પોતાના વિચાર કે કાર્યક્રમને બદલવા માંડે, તો એ આદર્શ ના રહી શકે. એટલું જ નહિ, કેટલીક અણધારી આપત્તિ પણ વહોરી લે.

રામ સીતાએ એ સબંધી દલીલ કરી લીધી છે. છતાંપણ મારો અભિપ્રાય એવો જ અડગ રહ્યો છે. મારા નિર્ણયમાં કોઈ પણ પ્રકારનો ફેર નથી પડ્યો.

લક્ષ્મણ કયો નિર્ણય? તમે એવો કેવોક નિર્ણય કરી લીધો છે કે જેમાં સીતાથી પણ પરિવર્તન ના લાવી શકાયું?

સીતા લક્ષ્મણ ! રામે મારો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો છે.

લક્ષ્મણ ત્યાગ? તમારો ત્યાગ? એક ધોબીના પ્રલાપને લીધે તમારો ત્યાગ? રામ એવો નિર્ણય કરી જ કેવી રીતે શક્યા?

રામ મેં એજ નિર્ણય કર્યો છે, લક્ષ્મણ ! કાલે સંધ્યાકાળ પહેલાં જાનકીને રથમાં બેસાડીને ગંગાના તટપ્રદેશમાં મૂકી આવજે.

લક્ષ્મણ પરંતુ, મારાથી એવું થઈ શકે જ કેવી રીતે? અને તમે એવો નિર્ણય પણ કેવી રીતે કરી શકો? સીતા એવી જડ સંપત્તિ થોડી છે, પરાધીન વસ્તુ થોડી છે, જેને કોઈવાર વનમાંથી રાજભવનમાં લઈ અવાય, અને વળી પાછી રાજ્યભવનમાંથી વનમાં લઈ જવાય? સીતાને એ ગમશે જ કેવી રીતે? સીતાને પણ હૃદય છે, રામ !

રામ મને ખબર છે. એ મારી અર્ધાંગિની છે એની પણ ખબર છે. છતાં પણ મારો નિર્ણય અફર છે. અંતિમ છે અને તારે તેનું પાલન કરવાનું છે.

લક્ષ્મણ આવો નિર્ણય તો એક તમે જ કરી શકો. પરંતુ વનમાં સીતા તમારા વિના એક ક્ષણ પણ રહી શકશે કેવી રીતે? એને આવો કઠોર દંડ દેવો ઉચિત નથી.

સીતા આર્યપુત્રની ઈચ્છા છે તો હું એ ઈચ્છાનું અનુકરણ કરવામાં પાછી પાની નહિ કરું. એમની ઈચ્છા વિરૂદ્ધનું ઘર મારે માટે સ્મશાન સમું થઈ પડશે, અને એમની ઈચ્છાવાળું વન સ્વર્ગસમાન સુખરૂપ. એમનો નિર્ણય જો અફર જ હોય તો આપણે માટે બીજો કોઈ ઉપાય જ નથી.

લક્ષ્મણ એટલે? હું તમને વનમાં મૂકી આવું એમ? મારાથી એ નહિ બની શકે. તમારે બદલે હું વનમાં જવા તૈયાર છું. ઊર્મિલાને મોકલવા પણ તૈયાર છું. પરંતુ તમને તો ના જ લઈ જઈ શકું. રથને મારાથી ચલાવી શકાય જ કેવી રીતે?

રામ મારે ખાતર તારે સીતાને વનમાં મૂકી આવવાની છે, લક્ષ્મણ ! સીતા વિશેનો લોકોપવાદ સીતાના વર્તન કે બલિદાનથી જ ધોવાશે. તારા કે ઊર્મિલાના બલિદાનથી નહિ. હૃદયને કઠણ કરીને તારે મારી આજ્ઞાનું પાલન કરવાનું છે. સમય થોડો છે. માટે હવે વ્યર્થ વિવાદ કરવાને બદલે જરૂરી તૈયારી કર.

(લક્ષ્મણ જાય છે)

રામ દેવી ! તું એમ ના માનતી કે તું મને પ્રિય નથી. મને તારે માટે પુષ્કળ પ્રેમ છે. પરંતુ પરમાત્માએ મને એકલો પતિ નહિ પરંતુ રાજા પણ બનાવ્યો છે. અને મારે એ બંને તરીકેની ફરજો બજાવવાની છે. માટે જ મારે આ નિર્ણય કરવો પડ્યો છે. તને મારો વિયોગ નહિ રુચે તે જાણું છું. પરંતુ મને પણ તારો વિયોગ શું સુખ આપી શકવાનો છે? મારી શાંતિ પણ તારા વિયોગથી હણાઈ જશે. પરંતુ એવી વ્યક્તિગત ગણતરી કરવા રહું તો મારા કર્તવ્યને ન્યાય ના આપી શકું.

સીતા કર્તવ્ય તો તમે માની લીધું છે માટે લાગે છે. બાકી હું તમારી સાથે સંમત નથી થઈ શકતી. છતાંપણ તમારી આજ્ઞાને પાછી નહિ ઠેલું. તમને એમાં જો કર્તવ્યના પાલનનું સુખ લાગતું હોય તો એમ. હું તમારું બધી રીતે સુખ જ ઈચ્છું છું.

રામ તારા ગુણોનું વિસ્મરણ મારાથી નથી થઈ શકવાનું અને તું વિશ્વાસ રાખજે કે અહીં એકલો રહીને પણ હું તને એટલો જ ચાહતો હોઈશ, તારે માટે એવી જ લાગણી રાખતો હોઈશ જેવી તારા સંસર્ગમાં રાખું છું. તું મને અત્યંત પ્રિય છે અને પ્રિય જ રહેવાની છે.

સીતા એ વાતમાં તો મને વિશ્વાસ છે જ. એની શંકા તો મને ક્યારેય નથી થઈ.

રામ હું સાચું જ કહું છું, સીતા ! કે તું મને અત્યંત પ્રિય છે. પ્રાણ કરતાં પણ પ્રિય અને એવી જ રહેવાની છે. પ્રજાના હિતનો વિચાર કરીને, હૃદય પર પથ્થર મૂકીને, મારે તારા ત્યાગનો વિચાર કરવો પડે છે. બાકી તું મને મારા કરતાં પણ વધારે પ્રિય છે. અને પ્રિય હોય એમાં આશ્ચર્ય જ ક્યાં છે? તું છે જ એવી અલૌકિક, અસાધારણ અને અનેરી અથવા અજોડ. રૂપ અને ગુણ બંનેમાં મને નથી લાગતું કે તારો જોટો જગતમાં ક્યાંય પણ જડી શકે. બ્રહ્માંડની કોઈય વસ્તુ સાથે તારી તુલના થઈ શકે એમ હું નથી માનતો. ચંદ્ર ચારુ છે કિન્તુ કલંકયુક્ત ને ક્ષયવાળો છે. કમળ કોમળ છે, કિન્તુ જડ છે. સરિતા સુંદર દેખાય છે, પરંતુ તારા જેવી લાગણીવાળી ક્યાં છે? કોયલ પાસે કંઠ જ છે, રૂપ નથી. મેઘધનુષ પાસે રંગ છે, પરંતુ ગુણ નથી. ચંદનમાં શીતળતા છે, પરંતુ તારા સ્પર્શની ઉષ્મા નથી. તું તો સૃષ્ટિની અજાયબી છે. પરબ્રહ્મને પ્રકૃતિનો અમુલખ આવિષ્કાર છે.

(આર્યા)

રૂપ અને ગુણમાં ના બરાબરી કો' કરી શકે તારી,
તોપણ ત્યાગ કરું છું, ક્રૂરતા જ છે વિધિની એ ભારી.

સીતા બસ હવે રહેવા દો. મારા વધારે વખાણ ના કરશો. આટલી પ્રશંસા કરી છે તે પ્રર્યાપ્ત છે. તમે પોતે મારો ત્યાગ કરવા તૈયાર થયા છો. તેને વિધિની ક્રૂરતા ના કહેશો. તમે જે કરી રહ્યા છો તેને માટે વિધિને જવાબદાર ના ઠરાવો.

રામ દેવી ! સુદર્શના ! તું રોષે ના ભરાતી. ખિન્ન પણ ના બનતી. વિધિની ઈચ્છા વિના કશું જ નથી બનતું. તું માન કે ન માન, પણ હું તો માનું છું જ કે આ સંસારમાં સર્વત્ર એક શક્તિ છે જે એની યોજના પ્રમાણે આપણને ચલાવે છે. એની ઈચ્છા વિના કશું જ નથી થઈ શકતું. એણે જ આપણને ભેગાં કર્યાં; પતિ-પત્ની બનાવ્યાં, છૂટાં પાડ્યાં, ફરી ભેગાં કર્યાં, અને એજ ફરી અલગ કરવાનો કાર્યક્રમ કરી રહી છે. અત્યારે એ કદાચ દુઃખદ લાગશે, કિન્તુ છેવટે સુખકારક થઈ પડશે. અયોધ્યાને માટે આશીર્વાદરૂપ, અરે સમસ્ત મહીમંડળને માટે મંગલમય.

સીતા હું એવું નથી માનતી.

રામ અને તારી પ્રશંસા તો સંસારના સઘળાયે કવિવરો એમની પ્રેરણાદાત્રી સરસ્વતી સાથે કરવા માંડે તો પણ પૂરી ના થઈ શકે. એટલી બધી તું અજોડ છે. અને તારો મહિમાયે એટલો બધો અસાધારણ છે. તારા ત્યાગનું મને પણ દુઃખ છે. મારા જીવનમાં જે સુખશાંતિનું પુણ્યપ્રભાત પ્રકટી ઊઠ્યું છે તે તારા ત્યાગથી પાછું વિલીન થઈ જશે. છતાંપણ બીજો કોઈ ઉપાય નથી. ચાલ, હવે તૈયારી કરીએ.

(જાય છે.)

* * *

## ૬. અંક બીજો
## (પ્રવેશ પહેલો)

સ્થળ; લક્ષ્મણના ભવનનો ખંડ
પાત્રોઃ- ઊર્મિલા ને લક્ષ્મણ. ભરત ને શત્રુઘ્ન

(ઊર્મિલા ગાય છે)

કેવી ભાગ્યની બલિહારી !
ના ધારેલી ઘટના બનતી, બને નહીં જે ધારી;
થાય નિરાશાની આશા ને આશ નિરાશા ભારી ... કેવી.

તાપે તપે ત્યાં થાય છાંયડી, છાયા મટતી ન્યારી;
વિરહ મિલનમાં, મિલન વિરહમાં, રમત રમાતી સારી .. કેવી.

અમૃત વિષથી વિપરીત બને, વિષ બનતું સુખકારી;
વસંતની પાનખર બને, ને જાય પાનખર હારી ... કેવી.

પડે ન સમજ મનુજને કાંઈ, બને ન વાત વિચારી;
ચંચલ મન માઝા ના મૂકે, એ જ એકલી ખારી .. કેવી.

(લક્ષ્મણ આવે છે)

લક્ષ્મણ શું ગાઈ રહી છે, ઊર્મિલા?

ઊર્મિલા તમે કેટલીય વાર સાંભળ્યું છે, અને તમને ખૂબ ખૂબ ગમે છે તે. કેવી ભાગ્યની બલિહારીનું ગીત.

લક્ષ્મણ તને પણ પ્રસંગને અનુરૂપ એ ગીત ગાવાનું ઠીક સૂઝ્યું. ગીત ઘણું જ સુંદર છે. પરંતુ તું સીતાને મળી કે નહિ?

ઊર્મિલા હમણાં મળીને જ પાછી આવી છું. અને એટલે જ, એ જનકનંદિનીનો વિચાર કરીને જ, આ ગીત મારા મુખમાંથી નીકળી પડ્યું. જનકસુતાની દશા સાચેસાચ કરુણ છે. રામચંદ્રજીને આ એકાએક શું સૂઝ્યું? સીતાને માથે આવી પડેલા સંકટને ટાળવાનો હવે શું બીજો કોઈ જ ઉપાય શેષ નથી રહ્યો? આ સમાચાર તો અતિશય દુઃખદ છે. ભાગ્યની ગતિ કેટલી બધી વિચિત્ર છે? સીતા આ સંકટને કેવી રીતે સહી શકશે?

લક્ષ્મણ હું પણ એ જ વિચાર કરી રહ્યો છું. મારી ચિંતાનો પણ પાર નથી. મારે માથે તો ધર્મસંકટ આવી પડ્યું છે. એક બાજુ રામની આજ્ઞા છે, અને બીજી બાજુ સીતાનો સ્ફટિક સરખો શુદ્ધ સ્નેહ. સીતાને વનમાં છોડી આવવાનું મને ગમશે જ કેવી રીતે? પરંતુ એ વિષયમાં હું બીજો

કોઈય ઉપાય નથી જોતો. રામને મેં ઘણુંયે સમજાવ્યા, પરંતુ મારા પ્રયત્નો વ્યર્થ ગયા છે. હવે તો એમની આજ્ઞાને શિરોધાર્ય કરવાનું જ બાકી રહે છે.

ઊર્મિલા (ખિન્ન થઈને) હું એ જ વિચારું છું કે ઈશ્વરે સ્ત્રીની રચના જ શા માટે કરી હશે ! અને એમાંયે સીતા જેવી સ્ત્રીની? શરીર ધારણ કરીને એણે સંકટ વિના બીજું શું સહન કર્યું છે? પિતાજીને ત્યાં અમે દુઃખનું નામનિશાન જોયું ન હતું. વનવાસનાં વરસો વીતી ગયાં એટલે એમ હતું કે હવે સીતાને શાંતિ મળશે. પરંતુ એને માથે પાછી વિપત્તિની વીજળી તૂટી પડી. રામચંદ્રજીને શું એટલીયે ખબર નથી કે સીતા ગર્ભવતી છે? ગર્ભવતી સ્ત્રી તરફ તો વધારે કોમળતાથી વર્તવું જોઈએ.

લક્ષ્મણ એમની જાણ બહાર કશું જ નથી, પરંતુ એ હવે નિર્ણય કરી બેઠા છે.

ઊર્મિલા સ્ત્રીનું જીવન શું આવું પરાધીન જ રહેવાનું? પતિની પ્રત્યેક આજ્ઞાને એણે મને કે કમને અનુસરવું જ પડવાનું? એક મૃગલી કોઈયે જાતના દોષ વિના દુઃખના દાવાનળમાં ધકેલાઈ રહી છે. અને આપણે અસહાય બનીને એ બધું જોઈ રહ્યા છીએ. કૌશલ્યા અને બીજી માતાઓ આ આઘાતને શી રીતે સહી શકશે?

લક્ષ્મણ એ તો અવાક્ બની ગઈ છે. પરંતુ રામે એમને સમજાવી દીધી છે.

ઊર્મિલા ચૌદ વરસ સુધી રામને સીતાની સાથે વનમાં રહેવાનું હતું ત્યારે મેં તમને હસતાં હસતાં વિદાય આપી'તી. પરંતુ આ મંગલ કાર્ય માટે વિદાય આપવાની હિંમત નથી કરી શકતી. એવી ધૃષ્ટતા મારાથી નથી થઈ શકે તેમ. તમે શું સીતાને વનમાં મૂકી આવવાનો નિર્ણય કરી લીધો?

લક્ષ્મણ નિર્ણય મેં નથી કર્યો, રામચંદ્રજીએ કર્યો છે. મારે તો એનો અમલ કરવાનો છે. અને એ પણ ના છૂટકે, એમના એક આજ્ઞાંકિત સેવક તરીકે. મને પણ એ પસંદ તો નથી જ. પરંતુ શું કરું? (એટલામાં ભરત અને શત્રુઘ્ન આવે છે)

ભરત લક્ષ્મણ ! મારું તો હૃદય જ કામ નથી કરતું. એટલું બધું લાગણીવશ બની ગયું છે કે વાત નહિ. અયોધ્યામાં આ બધું શું થવા બેઠું છે?

શત્રુઘ્ન ભારે અમંગલ થઈ રહ્યું છે. અતિશય દુઃખદ. સીતાનો ત્યાગ રામથી થઈ શકે છે જ કેવી રીતે?

ભરત અમે શ્રીરામની પાસેથી જ આવી રહ્યા છીએ. એ એમના સંકલ્પમાં મક્કમ છે. એટલે હવે તો આપણે પરમાત્માને એ જ પ્રાર્થના કરવી રહી કે સીતાને કોઈ જાતની મુસીબત ના પડે.

લક્ષ્મણ મુસીબત ના પડે એવી પ્રાર્થના જરૂર કરીએ. પરંતુ વિઘ્નો તો વનમાં આવવાનાં જ.

ઊર્મિલા મેં તો વનને જોયું નથી, છતાં એની કલ્પના કરીને કાળજુ કંપી ઊઠે છે. વનનાં જંગલી જનાવરને જોઈને સીતા જીવી શકશે જ કેવી રીતે? એનું કાળજુ કેટલું બધું કોમળ છે તે હું જાણું છું. અને એકલી રહેવાનું તો એને માટે અતિશય મુશ્કેલ બની જશે.

ભરત પરમાત્મા સીતાની સર્વ પ્રકારે અથવા સર્વ તરફથી રક્ષા કરે એવું આપણે ઈચ્છીએ. એ જરૂર રક્ષા કરશે.

શત્રુઘ્ન છતાં પણ આપણને ચિંતા તો થાય જ.

ઊર્મિલા પહેલીવાર તો રામ અને લક્ષ્મણ સાથે હતા. સીતા કાંઈ એકલી ન હતી. તો પણ કેવાં વિઘ્નો આવી પડેલાં? તો આ તો વનમાં એ એકલી રહેવાની છે !

લક્ષ્મણ મારું હૃદય એથી જ વેદનામય બની ગયું છે.વનમાં સીતાને મૂકીને હું પાછો આવીશ તો ખરો, પરંતુ સીતા જીવી શકશે કે કેમ તેની જ મને શંકા છે. એનું કાળજું અત્યંત કોમળ છે.

ભરત વિધાતા એને જીવાડશે. એ બધું મંગલને માટે જ કરતો હશે તો પણ કોને ખબર છે? વિધાતામાં વિશ્વાસ રાખ્યા સિવાય છૂટકો નથી.

(બહારથી સ્વર સંભળાય છે.)

સ્વર અંદર આવું?

લક્ષ્મણ હા.

(સેવક આવે છે)

સેવક શ્રી રામચંદ્રે આપને માટે સંદેશ મોકલ્યો છે. એ આપને બોલાવે છે.

લક્ષ્મણ થોડીવારમાં આવું છું.

સેવક જેવી આજ્ઞા.

(જાય છે)

ઊર્મિલા મને તો થાય છે કે શ્રીરામને એકલાને વનમાં જવાનું હતું છતાં પણ, તે વખતે તેમની સાથે તમે તથા સીતા બંને ગયા. તો પછી સીતાને વનવાસ મળવાનો હોય તો હું એની સંગિની શા માટે ના થઉં? સીતાનું દુઃખ શું મારાથી મૂંગે મોઢે જોઈ લેવાય? સીતા વનમાં જતી હોય ત્યારે હું એની સાથે જઉં તો તમે તો ના નહિ જ પાડો.

લક્ષ્મણ તારી લાગણીને જાણું છું. તથા તેને માટે ધન્યવાદ પણ આપું છું. પરંતુ સીતા સ્વેચ્છાથી વનમાં નથી જતીઃ રામની આજ્ઞાથી જાય છે. એટલે રામની અનુજ્ઞા વિના તારાથી કે બીજા કોઈનાથી સીતાનો સંગાથ નહિ કરી શકાય. રામને હું જાણું છું. એ તો એવી અનુજ્ઞા નહિ આપે. ચૌદ વરસના વનવાસની વાત જુદી હતી. એ વખતે તો રામની સંમતિથી અમે એમની સાથે ગયાં હતાં.

ભરત રામચંદ્રજી તો સીતાનો જ ત્યાગ કરવા તત્પર થયા છે. ઊર્મિલાને સીતાની સાથે વનમાં જવાની સંમતિ એ નહિ આપી શકે.

લક્ષ્મણ રામ જો એવી સંમતિ આપતા હોય તો વનમાં સીતાનો ત્યાગ કરીને હું અયોધ્યામાં પાછો આવું જ શા માટે? હું એની સાથે વનમાં રહીને એની સેવા જ ના કરું?

શત્રુઘ્ન અને હું પણ તમારી સાથે ના આવું?

ઊર્મિલા રઘુકુળની ઉત્પત્તિ અને એ કુળમાં અમારો પ્રવેશ જ કોઈક એવી અમંગલ પળે થયો છે કે ઉપરાઉપરી દુઃખ આવ્યા જ કરે છે. અયોધ્યામાં આવીને હું કે સીતા શાંતિથી રહી જ શક્યાં નથી. અને તમે બધા પણ ક્યાં રહી શક્યા છો? હમણાં હમણાં અંતરમાં એવી ઊર્મિ ઊઠતી’તી કે શાંતિ ને સુખનું સુવર્ણ પ્રભાત હવે પ્રકટી ઊઠ્યું. પરંતુ એ પ્રભાતના પ્રથમ કિરણો ફૂટ્યાં ના ફૂટ્યાં કે તરત જ લોકાપવાદનું વિઘાતક વાદળ એના પર ફરી વળ્યું, અને જીવન શોકમય બની ગયું.

(આંખમાંથી આંસુ સરી પડે છે)

લક્ષ્મણ તું આમ વિષાદમગ્ન ના બન. ઈશ્વરે સીતાના જીવનમાં આવું જ નિર્મ્યું હશે. એટલે એ અન્યથા કેવી રીતે થઈ શકે? મારું હૃદય પણ આ આકસ્મિક પ્રસંગથી રડી રહ્યું છે. પરંતુ હવે જઉં. રામનો સંદેશ આવ્યો છે એટલે જવું જ જોઈએ.

(લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન વિદાય થાય છે)

* * *

## અંક બીજો

## (પ્રવેશ બીજો)

સ્થળ: ગંગાતટવર્તી વન

(લક્ષ્મણ સીતાને રથમાંથી નીચે ઊતરતી જોઈને રડી પડે છે)

લક્ષ્મણ મારા જીવનમાં મેં જેટલાં પણ કર્મો કર્યાં છે તેમાં આવું ક્રૂર કર્મ બીજું કોઈયે નથી કર્યું. ના, ઊર્મિલાના ત્યાગનું અને કુંભકર્ણ કે રાવણ સાથેના યુદ્ધનું પણ નહિ. આવા કઠોર કર્મને માટે હું તમારી ક્ષમા માગું છું. સીતા ! મારો આમાં કોઈ જ દોષ નથી. અથવા તો કહો કે તમને લઈને અહીં આવી પહોંચ્યો એટલો જ અપરાધ છે. પરંતુ મેં કેવળ રામની આજ્ઞાનું અનુકરણ જ કર્યું છે. હાય, આવું કઠોર કર્મ કરતાં પહેલા મારું કાળજુ ફાટી કેમ ના ગયું? મારો શ્વાસ થંભી કેમ ના ગયો? મારાથી જીવિત રહી શકાયું જ કેવી રીતે?

સીતા તમારો આમાં કોઈ જ દોષ નથી. લક્ષ્મણ ! અને રામનો કે બીજા કોઈનો દોષ પણ નથી. દોષ મારા કર્મનો, પ્રારબ્ધનો કે ભાગ્યનો છે. એને લીધે જ મારા પર આવી અણધારી આપત્તિ આવી પડી. પરંતુ હરકત નહિ. હવે આંસુ સારવાનો કોઈ અર્થ નથી. અંધકારનાં આવરણ અવની પર ઉતરી પડે તે પહેલાં તમારે અયોધ્યા પહોંચી જવું જોઈએ. મારું ભાગ્ય મારી સાથે છે. એ ભાગ્યને ભરોસે મને છોડી દો. વ્યર્થ વિષાદ ના કરો, દિલને દુઃખાવો નહિ, ને પ્રાણમાં પીડા પણ પેદા ના કરો. લક્ષ્મણ ! વનમાં હું રહી ચૂકી છું. એટલે મને વનનો અનુભવ છે. હું એમાં આનંદપૂર્વક રહી શકીશ. હરણ, ઝરણ, નદી ને વનનાં પંખી મારા મિત્રો બનશે. વનદેવતા મારી રક્ષા કરશે. જે શેષ રહ્યું છે તે જીવન હું શાંતિથી વિતાવી દઈશ.

લક્ષ્મણ પરંતુ આવા ઘોર વાતાવરણમાં તમને એકલું કેવી રીતે ગમશે? વનમાં જંગલી પ્રાણી હોય, ભય હોય...

સીતા વિધાતા મારું રક્ષણ કરશે. ઘોર વાતાવરણ તો શું અશોકવાટિકામાંયે ન હતું? છતાં પણ એ વાતાવરણમાં હું રહી શકી અને ચૌદ વરસ વનમાં પણ ફરી શકી. માટે એની ચિંતા હવે ના કરો. વધારે વિલંબ કરવાને બદલે તમે પ્રસન્નતાથી પાછા ફરો. અશોકવાટિકામાં રામના જે પ્રેમ અને વિશ્વાસે મારી રક્ષા કરી હતી, તે પ્રેમ, વિશ્વાસ ને નિષ્ઠા અહીં પણ મારી રક્ષા કરતાં રહેશે. મને એમાં શ્રદ્ધા છે. સંપૂર્ણ શ્રદ્ધા છે. રામને તમે કહેજો કે એ પ્રેમ મારી પાસેથી ક્યાંય નથી જવાનો. એમના પ્રેમની જે જ્યોતિ મારા જીવનમાં જલી રહી છે એ અખંડ રીતે જલતી જ રહેશે. વિયોગ એને મંદ કે વિલીન નહિ કરી શકે. રામને કહેજો કે સીતા જીવનના છેલ્લા શ્વાસ સુધી તમારી જ રહેશે, અને તે પછી પણ. સીતા રામનું જ સ્મરણ ને રામનું જ રટણ કરતી રહેશે. રામ વિના બીજા કોઈને પણ એણે હૃદયમાં ધારણ નથી કર્યા, અને ધારણ નહિ કરે. રામને મારા પર શંકા થઈ હોય, તો ભલે થઈ. મારો એમની પ્રત્યેનો

વિશ્વાસ એવો જ અચળ રહેશે. દેશ કે કાળ એમાં કોઈયે પ્રકારનો, તિલમાત્ર પણ ફેર નહિ પાડી શકે. જુઓ આ ગંગા ! એના અંતરમાં અર્ણવ વિના બીજા કોઈનો આલાપ સંભળાય છે? મારું હૃદય પણ શ્રીરામનું જ રટણ કર્યા કરે છે ને કર્યા કરશે. મારા જીવનનું ધ્રુવસ્થાન શ્રીરામ જ રહ્યા છે, અને શ્રીરામ જ રહેશે.

લક્ષ્મણ અફસોસ મને એક જ વાતનો થાય છે કે રામ તમને ઓળખી ના શક્યા. રામે તમને અન્યાય કર્યો. તમને દુઃખી કર્યા.

સીતા ન્યાય અને અન્યાય, શંકા અને કુશંકા, તથા સુખ કે દુઃખ, મારા ભાગ્યમાં જે હતું તે મને આવી મળ્યું છે. વિધાતાએ મારે માટે જે નિર્મિત કર્યું છે તે જ થયું છે. એમાં રામ કે બીજા કોઈ શું કરે? પરમાત્મા મને શાંતિ આપે, અને સહન કરવાની શક્તિ આપે, એટલું જ ઈચ્છું છું. અયોધ્યામાં સૌને મારાવતી સાંત્વન આપજો.

લક્ષ્મણ ત્યારે હું વિદાય માગું છું.

(જાય છે.)

સીતા (સ્વગત) લક્ષ્મણનો રથ હવે દૃષ્ટિથી દૂર થઈ ગયો. એમને ધીરજ આપવા મેં હિંમતના વચન કહ્યાં તો ખરા; પરંતુ આ એકાંત વનમાં કોઈનુંયે હૈયું હિંમત હારી જાય તેમ છે. હમણાં બધે અંધકારના ઓળા ઊતરી પડશે. આવા ઘોર વનમાં મારું જીવન કેવી રીતે જશે? વિધિની ક્રૂરતા તો જુઓ કે મારે માટે એણે ઉપહાસ અથવા અવહેલના મૂકી છે. પરંતુ મૃત્યુને નથી મૂક્યું. મૃત્યુ પણ કોઈક બડભાગીને જ મળી શકે. આના કરતાં તો રામે મને મૃત્યુદંડ દીધો હોત તો પણ સારું હતું. કાંઈ જોવાનું, જાણવાનું કે અનુભવવાનું જ ના રહેત.

(ગંગાની પાસે જઈને અંજલિ લઈને)

માતા ગંગા ! તને મારા પ્રણામ છે ! તું પતિતપાવની છે. અધમોદ્ધારિણી છે. સૌને શરણ દેનારી છે. તારા વિના મારે બીજા કોઈનું યે શરણ નથી રહ્યું. હિમાચ્છાદિત પર્વતમાળામાંથી પ્રકટીને પૃથ્વીને પાવન કરનારી દેવી ! તારી શીતળ સોડમાં હું હમણાં જ સમાધિ લઉં ને શાંતિ મેળવું : પરંતુ હું એકલી નથી. તે તું જાણે છે. મારા ઉદરમાં જે જીવ છે તેની રક્ષાના ઋણમાંથી મારાથી મુક્તિ ના મેળવી શકાય.

(એટલામાં એક હરણ આવે છે. સીતા એને પંપાળે છે.)

વનનું આ નિર્દોષ હરણ કેટલું બધું હેતાળ લાગે છે ! માનવના જેવું કપટ એનામાં નહિ જ હોય.

(હરણ દોડી જાય છે)

અરે, મારા પિતા જનકને આ સમાચાર મળશે તો એમને કેટલો બધો આઘાત લાગશે? વનવાસનાં વરસોની વેદનામાંથી તો એ હજુ હમણાં જ મુક્ત થયા છે, ત્યાં આ ત્યાગના સમાચાર સાંભળીને એમને શુંનું શુંય થઈ જશે. એ અવાક્ અને અચેતન બની જશે.

પિતાજી ! તમે દુઃખી ના થશો. ચિંતા ના કરશો. મારા સંકટને હું શાંતિથી સહન કરીશ. તમે મને આશીર્વાદ આપજો કે હું મારી નિષ્ઠામાંથી ચલિત ના થઉં. મારા પ્રેમમાંથી ડગું નહિ.

રામ ! તમે પણ મારા વિના અયોધ્યાના રાજપ્રાસાદમાં શું શાંતિથી રહી શકશો? સુખનો શ્વાસ લઈ શકશો? રાજપ્રાસાદ તમારે માટે સૂના સ્મશાન જેવો બની જશે. અથવા તો કદાચ નહિ બને. એ બધા વિચાર તમે કરી રાખ્યા જ હશે. અને તે પછી જ મારા ત્યાગની તૈયારી કરી હશે. રામ ! તમે આનંદમાં રહેજો ! શાંતિથી રહેજો ! મારી ચિંતા ના કરતા. તમારા પ્રેમની જ્યોત મારા તનમાં, મનમાં અને અંતરમાં સદાયે જલતી જ રહેશે. અખંડપણે જલતી રહેશે. મારા અણુએ અણુને આલોકિત કરશે.

(એટલામાં થોડેક દૂર વનમાંથી ગીત સંભળાય છે)

પ્રેમની જ્યોત સદા જલજો !
અંતરને, મનને, અણુઅણુને, આલોકિત કરજો ... પ્રેમની.

(અવાજ પાસે ને પાસે આવતો જાય છે)

દિલડાના દીપકમાં એનું અજવાળું ભરજો,
મંદ છતાંયે અવિચલ એવી, સુખ શાશ્વત ધરજો.. પ્રેમની.

નયનોમાં, વચનોમાં, એની દીપ્તી પ્રકટ કરજો;
શ્વાસે શ્વાસે હલનચલનમાં, રસ એનો ઢળજો. .... પ્રેમની.

(વધારે જોરથી અથવા સમીપથી)

પ્રાણતણી એ બની પ્રેરણા, જડતા પરહરજો,
મૃતપ્રાય બનો સ્વપ્ને પણ ના, મૃત્યુ, ભીતિ, ટળજો ! ....પ્રેમની.

*

**સીતા** (સ્વગત) કોનો સ્વર સાંભળી રહી છું? આ એકાંત ઉપવનમાં ગંગાના તીરપ્રાંત પર, અને આ સાયંકાળના સમયે, આવું શ્રવણમધુર સંગીત કોણ છેડી રહ્યું છે? કોઈ કિન્નર, યક્ષ કે ગંધર્વ છે? કોઈ દેવગણ છે? કે પછી માતા ગંગા પોતે જ માનવઆકૃતિ ધારણ કરીને મને આશ્વાસન આપવા માટે આ ગીત ગાઈ રહી છે? કે પછી વનમાં આશ્રમ બાંધીને વસનારા કોઈક ઋષિવરનું આ સાયંસ્તવન છે?

(અવાજની દિશામાં જોઈને)

સ્વરની દિશામાંથી કોઈક મારી તરફ આવી રહ્યું છે ખરું. કોઈકની આછી આકૃતિ દેખાઈ રહી છે. હાથમાં દીપક સાથેની એ આકૃતિ કોઈ એક નહિ પરંતુ બે બાલાની લાગે છે. કોઈ ઋષિકન્યાઓ છે કે શું? કે પછી કોઈક રાક્ષસે પોતાની માયામાંથી મને મોહિત કરવા પંચવટીમાં ધારેલું એવું આ સ્વરૂપ ધાર્યું છે? કાંઈ કહેવાય નહિ.

(એટલામાં બે કન્યાઓ આવી ઊભી રહે છે)

**પહેલી કન્યા** અભિવાદન.

| | |
|---|---|
| બીજી કન્યા | અભિવાદન. અરે, ગંગાતટ પર આવા એકાંત વાતાવરણમાં આ કોણ છે? કોઈ કન્યા ભૂલી પડી ગઈ છે કે શું? |
| પહેલી કન્યા | (દીપકનો પ્રકાશ ધરીને) આપણા આશ્રમની કન્યા તો નથી. આ તટે કોઈ અસાધારણ સૌન્દર્યવાળી રૂપરાશિ રાજકન્યા લાગે છે. |
| બીજી કન્યા | રાજકન્યા? રાજકન્યા વળી અહીં ક્યાંથી? સાચું છે. એનાં લક્ષણો તો એવાં જ લાગે છે. ચંદ્ર કાંઈ વાદળમાં ઢંકાયેલો નથી રહેતો. કાદવમાં કમળની કાંતિ પણ નથી કરમાતી. (સીતાને) દેવી ! તમે કોણ છો અને અહીં કેમ બેઠાં છો? |
| | (પાવડીનો સ્વર સંભળાય છે) |
| પહેલી કન્યા | આ મહર્ષિ પણ આવી પહોંચ્યા. આપણા પૂજ્યગુરૂદેવ. સાયંકાળની સંધ્યા એ ગંગાતટ પર જ કરે છે એટલે આવ્યા છે. પરંતુ ભલે આવ્યા. આજે એમની આવશ્યકતા છે. |
| | (મહર્ષિ વાલ્મીકિ બે શિષ્યો સાથે આવે છે) |
| પહેલી કન્યા | ભગવન ! આ કોઈ સૌન્દર્યના સાકાર સ્વરૂપસમી સુંદરી છે. |
| બીજી કન્યા | અમે ગંગાને અર્ઘ્ય આપવા આવ્યાં ત્યારે અચાનક જ અમારી એના પર દૃષ્ટિ પડી અને અમે ઊભાં રહ્યાં. |
| | (સીતા વાલ્મીકિ મુનિને પગે લાગે છે.) |
| વાલ્મીકિ | ચિરાયુ હો દેવી ! તું કોણ છે અને અરણ્યમાં આમ અટૂલી કેમ આવી છે? |
| સીતા | પ્રથમ હું તમારો પરિચય માગું છું. અવિનય ક્ષમા કરશો. |
| એક શિષ્ય | તમે જેમનું દર્શન કરી રહ્યાં છો તે મહાપુરૂષ બીજા કોઈ નહિ પરંતુ મહર્ષિ વાલ્મીકિ છે. અહીં બાજુમાં જ એમનો આશ્રમ છે. |
| બીજો શિષ્ય | અમે એમના શિષ્યો છીએ. |
| વાલ્મીકિ | દેવી ! તારે ભય રાખવાનું કોઈ જ કારણ નથી. તું નિશ્ચિંત થા અને તારો પરિચય આપ. |
| સીતા | ભગવન ! હું સીતા છું. જનકની પુત્રી તથા રામની પત્ની. રામના કહેવાથી લક્ષ્મણે આ વનમાં મારો ત્યાગ કર્યો છે. |
| વાલ્મીકિ | (વિચાર કરીને) ઓહો, જનકનંદિની સીતા? હવે હું સમજી ગયો. રામના પરિત્યાગનું કારણ હવે મારી આર્ષદૃષ્ટિથી સમજી શકાયું. રામ રાજા છે એટલે એમણે લોકાપવાદની આગળ નમતું મૂક્યું. હરકત નહિ. મારા આશ્રમમાં તારો સત્કાર થશે. તારા શુભાગમનથી આશ્રમ અત્યંત સુશોભિત બનશે. તું મારી પુત્રીતુલ્ય છે, દેવી ! સર્વ પ્રકારના શોકને છોડી દઈને આ આશ્રમવાસી કન્યાઓની સાથે આશ્રમમાં જા! આ કન્યાઓ તારી પરિચર્યામાં રહેશે. હું સંધ્યાવંદન કરીને ગંગાના તટ પરથી હમણાં જ પાછો ફરું છું. |
| પહેલી કન્યા | તમારી સૂચનાનુસાર સીતાને અમે આશ્રમમાં લઈ જવા તૈયાર છીએ. |
| બીજી કન્યા | ગુરૂદેવ ! સીતાની સેવામાં અમે સદાય તત્પર રહીશું. |

સીતા
પરંતુ પ્રભુ ! મારે લીધે તમારે આટલું બધું કષ્ટ ઉઠાવવાનું કારણ? આશ્રમની તમારી રોજની દિનચર્યામાં મારે લીધે વિક્ષેપ પડશે. મને મારા ભાગ્યના ભરોસે જ છોડી દો.

વાલ્મીકિ
એ ભાગ્યે જ આપણો મેળાપ કરાવ્યો છે. પુત્રી ! આ ભયાનક અને એકાંત અરણ્યમાં તને એમ ભાગ્યના ભરોસે ના છોડી દેવાય. તું અમારી અતિથિ છે, અને અતિથિનો સત્કાર કરવો એ અમારી ફરજ છે. અમે મુનિવરો વનવાસી હોવા છતાં, અમારા ધર્મનો ત્યાગ કોઈયે સંજોગોમાં નથી કરતા. ધર્મ કે કર્તવ્યના પાલનને અમે સૌથી વધારે અગત્ય આપીએ છીએ. કર્તવ્યના પાલનમાં કષ્ટ નથી હોતું; એક પ્રકારનો અનેરો આનંદ હોય છે. ઊંડો, અવર્ણનીય આત્મસંતોષ. આશ્રમની દિનચર્યામાં તારે લીધે જરાપણ વિક્ષેપ નહિ પડે. આશ્રમ છે જ અતિથિ તથા અસહાયના સત્કાર માટે. માટે ચિંતા કે ભયનો ત્યાગ કરીને આ કન્યાઓની સાથે આશ્રમમાં પ્રવેશ કર. રજનીગંધા ! ચારુસ્મિતા !

કન્યાઓઃ
આજ્ઞા ગુરૂદેવ !

વાલ્મીકિ
સીતાને બેન માનજો અને એની સર્વપ્રકારે શુશ્રૂષા કરજો. સીતા કાંઈ વારંવાર નથી જનમતી. વરસો ને યુગો વીતી જાય છે ત્યારે સીતા એક જ વાર જન્મે છે. સંસારમાં તારા સમી સ્ત્રીઓ તો અનેક છે, પરંતુ ચંદ્રના સમી સીતા તો એક જ છે. તમે આશ્રમમાં જઈને એના આવાસની વ્યવસ્થા કરો. હું હમણાં જ આવું છું.

કન્યાઓઃ
જેવી આજ્ઞા.

(પ્રણામ કરીને વિદાય થાય છે)

એક શિષ્ય
(ગંગાતટ તરફ જતાં જતાં) ગુરૂદેવ ! રામનો મહિમા તો મેં પણ સાંભળ્યો છે. રાવણ ને કુંભકર્ણ જેવા નરાધમોનો નાશ કરીને હજુ હમણાં જ અયોધ્યામાં પાછા ફર્યા છે તે જ રામ કે બીજા?

વાલ્મીકિ
હા, અગ્નિ ! એ જ રામ. બીજા નહિ. સીતા એમની જ અર્ધાંગિની છે.

બીજો શિષ્ય
એવા પરમ વિવેકી રામે દેવીસમાન સીતાનો ત્યાગ કેમ કર્યો? આવો ત્યાગ શું ઉચિત છે?

વાલ્મીકિ
પરિપૂર્ણ ! એની ચર્ચા અત્યારે નહિ કરીએ. અત્યારે તો આટલો આત્મસંતોષ જ પર્યાપ્ત છે કે સીતાની શુશ્રૂષા કરવા માટેનો આપણને અવસર મળ્યો. આવો અવસર કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતો. સીતાની સેવા માતાની જેમ ખૂબ ખૂબ મન લગાડીને કરજો. એને કોઈયે પ્રકારની તકલીફ ના પડે. વન એને ઘર જેવું જ લાગે, અથવા તો આશ્રમ એને માટે રાજપ્રાસાદથી પણ અધિક શાંતિદાયક થઈ પડે, એવું કરજો.

(ગંગાતટ પર આવીને શિષ્ય આસન પાથરે છે.વાલ્મીકિ એના પર બેસે છે.)

* * *

## અંક બીજો

## (પ્રવેશ ત્રીજો)

(સીતા આશ્રમવાસિની રજનીગંધા અને ચારુસ્મિતાની સાથે આશ્રમની ફૂલવાડીમાં ફરે છે.)

સીતા આશ્રમમાં આવ્યે દસેક દિવસ વીતી ગયા. એટલામાં તો વન ઘર જેવું થઈ ગયું છે, અને આશ્રમ રાજપ્રાસાદ કરતાંયે વધારે સુખકારક તથા શાંતિપ્રદાયક થઈ પડ્યો છે. વનમાં આટલો આનંદ આવશે અને મુનિના દુર્લભ દર્શનનો લાભ મળશે તેની તો મને કલ્પનાયે નહિ.

રજનીગંધા આશ્રમમાં રાજમહેલ જેવો આનંદ તો ક્યાંથી હોય?

ચારુસ્મિતા રાજમહેલ તે રાજમહેલ અને આશ્રમ એ આશ્રમ. બંનેમાં કેટલું બધું અંતર?

સીતા એ અંતર જેને લાગતું હોય તેને ભલે લાગે, પરંતુ મને નથી લાગતું. આશ્રમમાં તો મને રાજપ્રાસાદ કરતાંયે વધારે આનંદ આવે છે ને શાંતિ લાગે છે.

રજનીગંધા અયોધ્યામાં તો સરયૂ નદી છે ને?

સીતા નદી તો અહીં પણ ક્યાં નથી? અહીં પણ સરિતાશ્રેષ્ઠ ગંગા છે. હિમાલયના પાવન પ્રદેશમાંથી પ્રકટીને પ્રવાહિત થયેલી ગંગા કેટલી બધી રળિયામણી લાગે છે ! એને નિહાળતાંવેંત નેત્રો નેહથી નાચી ઊઠે છે, અંતર આનંદથી આપ્લાવિત બની જાય છે અને પ્રાણમાં પ્રસન્નતાનાં પરમાણુ પેદા થાય છે. એના તટ પર વસનારા પ્રાતઃસ્મરણીય ઋષિવરો, સાધકો ને સિદ્ધોના સમુદાયોને આનંદ આપનારી ગંગા, ઉત્તરાખંડમાંથી વહેતી અહીં આવે છે ત્યારે કેટલી બધી વિશાળ લાગે છે, અને કેવી અસાધારણ સુંદરતાને ધારણ કરે છે? જે એને કિનારે વસે છે તે પણ ખરેખર ધન્ય છે. મનુષ્યો જ નહિ, પશુ પંખી ને પ્રાણી પણ. એના સહવાસમાં સરયૂ નદીનું તો મને વિસ્મરણ જ થઈ ગયું છે.

ચારુસ્મિતા ગંગા નદી છે જ એવી અલૌકિક. જે એને જુએ છે તે એનું બની જાય છે. મનુષ્યો તો શું પણ યક્ષ, ગંધર્વ ને દેવ પણ એનાથી મુગ્ધ થાય છે. સૌથી સુખમય તો મને મહર્ષિ વાલ્મીકિનો સ્વભાવ લાગે છે. કેટલો બધો શાંત, સાત્વિક, નમ્ર અને સ્નેહાળ સ્વભાવ છે ! આશ્રમવાસીઓનું એક પિતાની પેઠે ધ્યાન રાખનારા વાલ્મીકિ પૃથ્વી પરના પયગંબર છે. પરમાત્માના પાર્ષદ છે. એમના સાન્નિધ્યમાં આશ્રમનું વાતાવરણ અત્યંત આનંદમય લાગે છે : ચિત્તની વૃત્તિઓ શાંત થાય છે અને હૃદયમાં ઉત્તમ ભાવો જાગ્રત થાય છે. હવે મને સમજાય છે કે શાસ્ત્રોમાં પ્રાતઃસ્મરણીય મુનિવરોના સમાગમનો આટલો બધો મહિમા શા માટે ગાવામાં આવ્યો છે ! એના વિના જીવનના શ્રેયનું બીજું કોઈ સરળ કે સચોટ સાધન જ નથી.

રજનીગંધા સાચું છે, સીતા ! મુનિને લીધે તો આશ્રમ સ્વર્ગ કરતાં પણ વધારે સુખદ લાગે છે. એમની હાજરીમાં પિતાની ખોટ નથી સાલતી. પરમકૃપાળુ પરમાત્માએ એમને જ પિતા કરીને મોકલી આપ્યા છે એવું લાગ્યા કરે છે.

ચારુસ્મિતા મહર્ષિને આપણા પર જ પ્રેમ છે એવું નથી. એમની લાગણી છેક પશુપંખી અને વનસ્પતિ સુધી પણ પહોંચેલી છે. સૌને માટે એમના હૃદયમાં પ્રેમ છે. વાઘ, સિંહ, સાપ ને હરણ એમની પાસેથી શાંતિલાભ કરે છે. પંખી એમને જોઈને પોકારી ઊઠે છે. પાણીના પ્રવાહો વધારે પ્રસન્ન તથા પુલકિત બનીને વહેવા માંડે છે અને વૃક્ષો તથા વલ્લરીઓ પણ એમને જોઈને હેતથી હાલી ઊઠે છે. મૃગનાં બાળકો તથા વાછરડાં એમના વિના ખાતાં પણ નથી. આખી અવનીની સાથે એ આત્મીયતાનો અનુભવ કરે છે.

સીતા એ તો મેં પણ જોયું છે. મુનિના વિશ્વપ્રેમનો મને પણ અનુભવ થયો છે.

રજનીગંધા હજુ તો પૂરું પખવાડિયું પણ નથી થયું. મહર્ષિ ગંગાકિનારેથી સ્નાન કરીને પાછા આવતા હતા, સવારનો સમય હતો. સૂર્યનાં સોનેરી કિરણ બધે ફરી વળ્યાં હતાં. એ વખતે અચાનક એમની દૃષ્ટિ એક વલ્લરી પર પડી. ઠંડીને લીધે એની કાયા કંપી રહી'તી, અને એ આધાર શોધતી'તી. દયાળુ મહર્ષિ એની પાસે ગયા, એને પોતાના હાથમાં લીધી, અને એક સમીપવર્તી વૃક્ષની ઊપર ચઢાવી દીધી. વલ્લરીને આશ્રય મળ્યો એ જોઈને એમનાં લોચન ભરાઈ આવ્યાં. મહર્ષિ એવા કૃપાળુ ને પ્રેમાળ છે. પ્રેમની મૂર્તિ જેવા.

(એટલામાં એક હરણ દોડતું દોડતું આવે છે ને સીતાની સોડમાં સંતાઈ જાય છે)

ચારુસ્મિતા જોયું આ હરણ? આટલા દિવસમાં એણે કેવી માયા કરી લીધી?

સીતા આશ્રમમાં હું આવી ત્યારે તો એ મારી પાસે પણ નહોતું આવતું. અને એને હવે સહેજ પણ સંકોચ નથી થતો.

રજનીગંધા જગતના વધારે ભાગના જીવોનું એવું જ છે. સહેજ પણ સ્નેહ જોતાં એ વધારે સ્નેહાળ બને છે, અને પોતે તો બંધાય છે જ, પરંતુ સાથે સાથે, આપણને પણ મમતાના દોરે બાંધી દે છે.

સીતા મનુષ્યો કરતાં આવા મૂંગા જીવોને માટે એ વિધાન વધારે સાચું હશે એમ મને લાગ્યા કરે છે. પરંતુ આ હરણ મારી સોડમાં સંતાઈ કેમ ગયું? એનું શરીર ધ્રૂજી રહ્યું છે, અને અતિશય દોડવાને લીધે એ શ્રમિત બન્યું હોય એવું અનુમાન કરી શકાય છે.

ચારુસ્મિતા કે પછી એની પાછળ કોઈ પડ્યું છે? કોઈ પારધિ કે પ્રાણી?

રજનીગંધા એમ પણ હોય. અથવા તો એમ પણ હોય કે સીતાને દેખીને એ દૂરથી ઉત્યાહપૂર્વક, અધીરું બનીને દોડી આવ્યું હોય, અને એને લીધે આટલું શ્રમિત દેખાતું હોય.

સીતા હા. એમ હશે. (હરણનું મોં ઊંચું કરીને) અયોધ્યામાં જવાનું થશે તો તને હું મારી સાથે લેતી જઈશ. પરંતુ હા ! અયોધ્યામાં તો કોણ જાણે જવાનું બને છે કે નથી બનતું. મને હવે ઈચ્છા પણ નથી રહી.

(હરણ ચાલ્યું જાય છે)

ચારુસ્મિતા અયોધ્યામાં લઈ જવાની વાત કરી એટલે હરણને માઠું લાગ્યું, એટલે તો એ દોડી ગયું ! અયોધ્યા કે બીજે ક્યાંય જવાની એની ઈચ્છા નથી. આશ્રમમાં એ કૃતાર્થ છે. એવી કૃતાર્થતા એને બીજે ક્યાં મળવાની હતી?

રજનીગંધા અયોધ્યા તો શું પરંતુ વૈકુંઠવાસ પણ આશ્રમવાસીને આશ્રમવાસ કરતાં વધારે ઉત્તમ નથી લાગતો. આશ્રમવાસીને મન તો આશ્રમ જ સર્વ કાંઈ છે. એ બધો બીજા કોઈનો નહિ પરંતુ આપણા ગુરૂદેવનો જ પ્રભાવ છે. એમનું સાન્નિધ્ય જ એવું છે કે આખીયે આશ્રમ અવની પરના પરમધામ જેવો લાગે છે.

સીતા (સૌની સાથે આગળ ચાલતાં) અરે, આ મારો છેડો કોણે પકડ્યો?

ચારુસ્મિતા આ તો ગુલાબની નાની સરખી ડાળી છે. લાવ એને ઠીક કરી દઉં !
(સીતાના છેડાને છોડાવે છે)

રજનીગંધા બીજા કોઈનો પણ છેડો એણે આવી રીતે નથી પકડ્યો.

સીતા રોજ સવારે હું એને પાણી પાઉં છું એટલે એને આટલો બધો અનુરાગ થયો હશે. અને ગૌશાળાની દૂધ જેવી સફેદ વાછરડી તો જુઓ. ગઈ કાલે સાંજે મારું સ્વસ્થ્ય સારું ન હતું એટલે એણે ખાધું પણ નહોતું. (વાછરડીને પંપાળે છે)

ચારુસ્મિતા મોડી રાત સુધી મેં અને રજનીગંધાએ કેટલોય પ્રયાસ કર્યો, પરંતુ એ એકની બે થઈ જ નહિ. એણે તો ઉપવાસ જ કર્યો.
(વાછરડીને) અરે, સીતા પર આટલો બધો સ્નેહ કરે છે તે શું સારું છે કે?

રજનીગંધા સ્નેહ કાંઈ કરવાથી થાય છે કે? એ તો સ્વાભાવિક રીતે જ થયા કરે છે. સીતાનું સ્વરૂપ જ એવું છે કે સૌ કોઈને એના પર સ્નેહ થાય જ. સરિતાને જોઈને કોનું અંતર આનંદ નથી અનુભવતું ! ચંદ્રને જોઈને કોનો પ્રાણ નથી ઊછળતો? કોકિલના કૂજનથી કોનું કાળજુ મંત્રમુગ્ધ નથી બનતું? અને મધની મીઠાશથી કોનું મુખ મધુમય નથી થતું? સીતા સ્વયં સ્નેહની પ્રતિમા છે. એટલે એ સ્નેહનો સંસ્પર્શ સઘળા જીવોને ઓછાવત્તા પ્રમાણમાં થાય એ સહેજે સમજી શકાય એવું છે.

સીતા (બેસીને) અઠવાડિયા પહેલાં મેં રોપેલી આ આંબાની કલમને કેરી આવશે ત્યારે મને કેટલો બધો આનંદ થશે? અહા, વનમાં મને કેટલો બધો આનંદ આવે છે? બધું દુઃખ ને બધી પીડા ભૂલી જવાય છે. પરંતુ ચારુસ્મિતા ! આશ્રમમાં આવ્યો તને કેટલોક વખત થયો?

ચારુસ્મિતા દસેક વરસ.

સીતા (રજનીગંધાને) અને તને?

રજનીગંધા અમે બંને લગભગ સાથે જ આવ્યાં છીએ. અમે સાથે જ અધ્યયન કરીએ છીએ. અમારું અધ્યયન પૂરું પણ એકસાથે જ થશે.

સીતા અધ્યયન પૂરું કરીને તમારો વિચાર સાંસારિક જીવનમાં પ્રવેશ કરવાનો છે ને?

ચારુસ્મિતા  મારો વિચાર તો મહર્ષિની અનુજ્ઞા હોય તો, આજીવન એમની સેવા કરવાનો છે. મહર્ષિ મને પુત્રી જેવી માને છે. અને એમને છોડીને જવાનું મને મન નથી થતું. એમનાથી દૂર રહેવાની કલ્પનાયે હું નથી કરી શકતી. મને સાંસારિક જીવનનું એટલું આકર્ષણ નથી જેટલું મહર્ષિના સહવાસનું.

રજનીગંધા  મને પણ સાંસારિક જીવનની એટલી બધી અભિરુચિ નથી થતી. મહર્ષિ તો કહે છે કે જીવન ધર્મ, અર્થ, કામ ને મોક્ષને માટે છે, અને ગૃહિણી થવામાં જ સ્ત્રીની શોભા છે. પરંતુ એ ઉપદેશ મારે ગળે નથી ઊતરતો. આજીવન અવિવાહિત રહીને જનસેવા કરવાનો જ મેં સંકલ્પ કર્યો છે.

સીતા  તમારા બંનેના વિચારો પ્રશસ્ય છે. અને એમાં કાંઈ આશ્ચર્ય પણ નથી. મહર્ષિએ મને આટલા અલ્પ વખતમાં જ એટલી બધી માયા લગાડી છે કે વાત નહિ. ત્યારે તમે તો અહીં લાંબા વખતથી વાસ કરો છો. મહર્ષિના સહવાસને પરિણામે તમારા અંતરમાં આવા આદર્શ અથવા અસાધારણ ભાવો અવિર્ભાવ પામે એ સમજી શકાય તેવું છે. જગતની સેવા માટે જીવનનો ઉપયોગ કરવો એ બહુ જ સારી વાત છે. એ માટેનો સંકલ્પ કાંઈ જેનેતેને નથી થતો.

ચારુસ્મિતા  કોઈ સર્વોત્તમ નાટકકારના સંપર્કમાં આવીને જેમ સામાન્ય અભિનેતા કે અભિનેત્રી પણ અસામાન્ય અભિનય કરવા માંડે છે, તેવું જ સત્પુરૂષોના સહવાસનું છે. એમના સહવાસમાં માનવહૃદયની સુષુપ્ત ઊર્મિઓ જાગી ઊઠે છે, અંકુરિત થાય છે, અને ફળવતી બને છે.

રજનીગંધા  અમારા સુવિચારોનું શ્રેય પણ મહર્ષિને જ ઘટે છે. અમે તો અહીં આવી ત્યારે વનની માટી જેવી હતી. એમણે જ અમારો ઘાટ ઘડ્યો છે.

સીતા  આશ્રમનું વાતાવરણ જ એવું અનેરું છે કે જીવન ઉત્તમ બને. વળી આશ્રમની દિનચર્યા પણ એવી જ આશીર્વાદરૂપ છે. પ્રભાતના પ્રથમ પ્રહરમાં વેદપાઠ અને સાયંસ્તવન અનંત શાંતિ આપે છે. અને શેષ સમયનો કાર્યક્રમ પણ એવો સુયોજીત છે કે સમય ક્યાં પસાર થાય છે તેની ખબર જ નથી પડતી. આશ્રમમાં રાજકુમારો પણ આવે છે અને સાધારણ યુવાનો પણ. બહારના પદ કે વૈભવને મહત્ત્વનાં માનવાને બદલે મુનિ સૌને સરખા ભાવથી નિહાળે છે, અને સૌના જીવનને જ્યોતિર્મય કરે છે.

ચારુસ્મિતા  એમની સંનિધિમાં જીવન જ્યોતિર્મય થયા વિના રહી શકતું જ નથી. એ માટે એમને કોઈ વિશેષ પ્રયાસ નથી કરવો પડતો. આકાશમાં જેમ સૂર્યનો ઉદય થાય ને જોતજોતામાં બધું જ જ્યોતિર્મય બની જાય, તેમ એમનું અસ્તિત્વ જ આખાયે આશ્રમને આલોકિત કરવા માટે પૂરતું છે.

રજનીગંધા  અરે આ મોર ક્યાંથી આવ્યો? આશ્રમમાંથી આપણને શોધતો શોધતો આવ્યો લાગે છે?
(મોર આવે છે)

ચારુસ્મિતા સીતાની સાથે સ્નેહ કરી ચૂકેલો આ મોર આપણા અંકે આવીને નહિ બેસે જો, એ સીતાની સમીપે જઈને જ ઊભો રહ્યો !

સીતા (મોરને હાથ ફેરવતાં) તું મને શોધતો આવી પહોંચ્યો કે? હમણાં હમણાંથી એને એવી ટેવ પડી છે કે સાયંસ્તવનનો સમય થાય છે એટલે જ્યાં હોઉં ત્યાં મને સંદેશો આપવા માટે આવી પહોંચે છે.

રજનીગંધા હા. સાયંસ્તવનનો સમય થયો ખરો.

ચારુસ્મિતા એટલે તો આ શરૂઆતના સ્વર સંભળાવા માંડ્યા.

સીતા ચાલો હવે જઈએ.

(બધા જાય છે. વાતાવરણમાં સ્વર સંભળાય છે.)

સ્વર

શિવમસ્તુ સર્વ જગતાં પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ।
દોષાઃ પ્રયાન્તુ શાન્તિમ્ સર્વે લોકસ્સુખી ભવતુ ॥

*

વિશ્વનું હો નિશદિન કલ્યાણ !

હિત સાધો સૌએ સૌ કેરું, હો ન અશુભનું ભાન;
ભૂલેચૂકે પણ ના રે'શો અમંગલતણું ધ્યાન. ... વિશ્વનું.

દુઃખ, દર્દ ને દરિદ્રતાથી મુક્ત બનો સૌ પ્રાણ;
વાગો સુખને શાંતિસિતારી, પામો સૌ પરિત્રાણ. ... વિશ્વનું.

સૌનું શુભ હો, શિવ તેમજ હો, સૌયે બનો સમાન;
વસુધા એક સમારોહસમી, રેલો સુમધુર ગાન. .... વિશ્વનું.

* * *

## અંક બીજો
### (પ્રવેશ ચોથો)

સ્થળઃ વાલ્મીકિ મુનિની મઢૂલીની બહારનું આંગણ.
(મહર્ષિ ને બધાં બેઠા છે)

વાલ્મીકિ — સીતા, હવે તો આશ્રમમાં તને ગમે છે ને? કોઈ પ્રકારની તકલીફ જેવું તો નથી ને?

સીતા — આશ્રમમાં તો મને, જે દિવસથી મેં પ્રવેશ કર્યો તે દિવસથી જ ગમે છે. ગમે છે એટલું જ નહિ, પરંતુ ઘર જેવું જ લાગે છે.

વાલ્મીકિ — ઘર તે ઘર અને આશ્રમ તે આશ્રમ. આશ્રમની સરખામણી કાંઈ રાજપ્રાસાદ સાથે થઈ શકે? બંનેનું વાતાવરણ અને આયોજન જ જુદું. છતાં પણ તારું મન અહીં માની ગયું છે તે જોઈને મને આનંદ થાય છે. રાજપુત્રીનું મન આવા સાદા સંયમવાળા આશ્રમમાં ભાગ્યે જ લાગે. પરંતુ તું તો રાજપુત્રીઓમાંયે અપવાદરૂપ છે.

સીતા — અને વનમાં રહેવાનો મને અનુભવ પણ છે ને ગુરૂદેવ ! ચૌદ વરસના વનવાસનાં વરસો એટલાં બધાં સુખદ હતાં કે એમનાં સંસ્મરણોને હું આજે પણ નથી ભૂલી શકતી. એ વખતથી જ વન મારે માટે મંગલમય થઈ પડ્યું છે.

અગ્નિ — આશ્રમની શોભા અત્યંત આહ્લાદક છે. ગમે તેવા સંતપ્ત અંતરને પણ એ શાંતિ આપે છે. કુદરતને ખોળે ખેલનારાં પશુ ને પંખી, વૃક્ષ, વાટિકા તથા નદી ને નિર્ઝરને લીધે વનનું વાતાવરણ કેટલું બધું અલૌકિક લાગે છે ! કોઈ જાતની અશાંતિ નહિ, અવ્યવસ્થા નહિ, અરાજકતા નહિ, અને આપત્તિયે નહિ.

પરિપૂર્ણ — વિદ્યાભ્યાસનાં વરસો પૂરાં થવા આવ્યાં છે તો પણ, આશ્રમ છોડીને ઘેર જવાની ઈચ્છા જ નથી થતી. આજીવન આશ્રમમાં જ રહેવાની ઈચ્છા થયા કરે છે.

વાલ્મીકિ — તારા જેવા શક્તિશાળી તથા સંસ્કારી નવયુવકો જો આજીવન આશ્રમમાં જ રહેવાનો સંકલ્પ કરી બેસશે તો સમાજમાં જઈને સંસ્કાર અને સુવિચારોનું સીંચન કોણ કરશે? આપણું જીવન પરહિતને માટે છે. અને પરહિતને માટે જીવાય તેમાં જ તેની શોભા છે. આશ્રમમાં આનંદ આવતો હોય તો થોડો વધારે વખત રહેવામાં કાંઈ જ હરકત નથી. પરંતુ છેવટે તો સમાજમાં જઈને જ વસવું જોઈએ.

પરિપૂર્ણ — તમારી સૂચના પ્રમાણે ચાલવામાં જ જીવનનું શ્રેય છે એ હું સમજું છું. જીવનનું સાફલ્ય પણ એમાં જ છે. છતાં આ તો એક પ્રકારના મમત્વને લીધે બોલાઈ ગયું.

અગ્નિ — પરંતુ ગુરૂદેવ ! રામચંદ્રજીએ સીતાનો ત્યાગ કર્યો એ શું ઉચિત છે?

વાલ્મીકિ — ઉચિત અથવા અનુચિતની ચર્ચામાં પડવાની કોઈ આવશ્યકતા નથી. એથી કોઈ હેતુની સિદ્ધિ પણ નહિ થાય. રામે જે સંજોગોમાં સીતાનો ત્યાગ કર્યો છે તે સંજોગો ગમે તેવા સાધારણ કે અસાધારણ હોવા છતાં, સીતા પ્રત્યે આપણને સહાનુભૂતિ થાય છે, આત્મીયતા

જાગે છે, અને કરૂણા ઊપજે છે. એને સહાયતા કરીને આપણે આપણો આશ્રમધર્મ બજાવ્યો એ વાતનો આપણને સંતોષ છે.

સીતા રામનું પગલું યોગ્ય હતું કે અયોગ્ય એની ચર્ચાથી હવે શું વળશે? હવે તો મારો ત્યાગ થઈ ચૂક્યો છે. અથવા તો ત્યાગ એક નક્કર હકીકત બની ગઈ છે. વિધિએ જે કર્યું છે તે સારું અથવા તો સારાને માટે જ કર્યું છે એમ હું માનું છું. વનમાં આવવાનો મને શોક નથી, તથા રાજમહેલનો મોહ પણ નહોતો.

વાલ્મીકિ જેમણે પોતાના મન પર કાબુ કર્યો છે તેમને પ્રત્યેક પ્રસંગે ને પરિસ્થિતિમાં આનંદ જ લાગે છે. વિધાતા જે કરે છે તે સારાને માટે જ કરે છે એમ તે માની લે છે.

અગ્નિ પરંતુ લોકોને એમ તો થાય ને કે સીતાની અગ્નિપરીક્ષા કરી છતાંપણ સીતામાં રામને વિશ્વાસ ના રહ્યો?

પરિપૂર્ણ અને કોઈ કોઈને એમ પણ લાગે કે રામ એટલા નિર્બળ મનના કે પ્રજાના એક વર્ગની વગોવણી પરથી પોતાની પ્રાણપ્યારી સીતાનો ત્યાગ કરવા માટે તૈયાર થયા. આવી જાતના ત્યાગમાં શું કઠોરતા નથી લાગતી?

વાલ્મીકિ લાગે છે. કિન્તુ કેટલીકવાર માનવનું મન કઠોર પણ બની જાય છે. જે માખણથી મૃદુ થઈ શકે છે તે પથ્થરથી કઠોર પણ બની જાય છે.

સીતા મારે માટે તો એ કઠોરતા એક પ્રકારના અમુલખ આશીર્વાદ જેવી થઈ પડી છે. રામના હ્દયમાં જો એ કઠોરતા ના જન્મી હોત તો મારાથી આ અલૌકિક આશ્રમનો આનંદ ના લૂંટી શકાયો હોત.

અગ્નિ એ તો તમે અયોધ્યામાં રહીને પણ થોડાક વખતને માટે અહીં વસવા માટે આવી શકત.

પરિપૂર્ણ એકલાં અથવા તો શ્રીરામની સાથે.

સીતા પરંતુ વિધાતાએ મારે માટે આવું જ નક્કી કર્યું હશે તેનું શું? સાચું કહું તો હવે મને સંસારના વિષયોમાં આકર્ષણ અથવા તો આસક્તિ જ નથી રહી. મારું મન હવે વધારે ને વધારે અંતર્મુખ બનતું જાય છે. સંસારની અસ્થિરતા અને અચોક્કસતાનો અનુભવ હું વધારે સારી રીતે કરી રહી છું. એ બધો શ્રીરામનો જ પ્રતાપ છે. પછી એમનું પગલું ઉચિત હતું કે અનુચિત એની નિરર્થક ચર્ચામાં હવે શા માટે પડું? એ અનુચિત હતું એમ કહું તો પણ, હવે એથી શું વળવાનું હતું?

વાલ્મીકિ સીતાનો સ્વભાવ જ એવો છે કે એ બધું શાંતિપૂર્વક સહન કરે છે. એનું મન કેટલીક વાતોને નથી માનતું. તોપણ, છેવટે એ સંજોગોને સમજી જાય છે અને એમને અનુકૂળ બની જાય છે. માટે તો સ્ત્રીઓમાં એ પૂજ્ય છે, અને એનું આસન ઊંચું છે.

સીતા તમે મારી વધારે પડતી પ્રશસ્તિ કરી રહ્યા છો, મુનિવર ! હું તો એક સામાન્ય નારી છું.

વાલ્મીકિ વધારે પડતી પ્રશસ્તિ નથી કરી રહ્યો. જે ઉચિત છે તેનો જ ઉલ્લેખ કરી રહ્યો છું. તારું હ્દય ને જીવન સાધારણ શ્રેણીનું નથી. ભવિષ્યની પ્રજા એનાં ગુણગાન ગાશે, એને આદરપૂર્વક

અંજલિ આપશે, અને એમાંથી પ્રેરણાની પ્રાપ્તિ કરશે. તું તો વર્તમાનને જ જોઈ રહી છે. માત્ર એક જ કાળને, પરંતુ મારી આગળ ત્રણે કાળ સ્ફટિક જેવા સાફ છે. જે થયું છે, થઈ રહ્યું છે, ને થવાનું છે, તેમાંથી કશું જ મારાથી છૂપું નથી. સાધનાની શક્તિથી કે પરમાત્માના અનુગ્રહથી હું એને જાણી શકું છું. મને એવી દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થઈ છે.

અગ્નિ સીતાના જીવનને સાધારણ તો ના જ કહી શકાય. એ સંબંધમાં હું તમારી સાથે સંમત થઉં છું.

પરિપૂર્ણ અને હું પણ સંમત થઉં છું. સીતાનું ભાવિ તમે કહો છો તેવું જ થશે એમાં સંદેહને સ્થાન જ નથી. પરંતુ અત્યારે તો એ આપત્તિ જ અનુભવે છે. વિરહની વ્યથામાં પ્રજળી રહી છે. એનો અંત આવશે કે નહિ આવે?

સીતા વિરહ મારે માટે વેદનારૂપ નથી રહ્યો. અને આનંદરૂપ પણ નથી. સુખ અને દુઃખનાં દ્વંદ્વોમાંથી મુક્તિ મેળવવાનો મહામંત્ર મને મળી ગયો છે. જીવનને તટસ્થ રીતે જીવવાની કળામાં કુશળ થઉં એવો આશીર્વાદ મેં મહર્ષિ પાસે માગી લીધો'તો, અને એ આશીર્વાદ મને મળ્યો લાગે છે. એટલે તો હું આજે શાંતિનો અનુભવ કરી રહી છું.

અગ્નિ તો પણ, સીતાના ભાવિનો ખ્યાલ મેળવવાની અમને આકાંક્ષા છે, ગુરૂદેવ ! આપને કાંઈ હરકત ના હોય તો એ માહિતી આપીને અમને કૃતાર્થ કરો.

વાલ્મીકિ પરમાત્માએ એ જ્ઞાનની આગળ પડદો રાખ્યો છે એ સારું છે. છતાંપણ, તમારી ઉત્કંઠા ને સંતોષ માટે હું એટલું કહીશ કે રામ અને સીતા ફરી પાછાં એકમેકને મળશે. સીતાના પવિત્ર, પારદર્શક પ્રેમની રામને પ્રતીતિ થશે. પરંતુ સીતાને આપત્તિનો જ અનુભવ કરવાનો છે. વૃક્ષો જેમ પોતે તપીને બીજાને છાયા અને આશ્રય આપે છે, તેમ સીતાનું જીવન પીડામાં જ પસાર થશે, પરંતુ સંસારને પ્રકાશ, પ્રેરણા તથા શાંતિ આપશે. રામનું મિલન થશે ખરું, પરંતુ સીતાનો વિયોગ, વિયોગ જ રહેશે.

પરિપૂર્ણ એટલે? શું રામ સીતાનો અંગીકાર કરશે જ નહિ? એ એનો કાયમને માટે ત્યાગ કરશે?

અગ્નિ એ તો અત્યંત અશુભ કહેવાય, ગુરૂદેવ ! અત્યંત અમંગલ.

સીતા મંગલ કે અમંગલ, જે કાંઈ આવવાનું હોય તે ભલે આવે. તેને માટે હું તૈયાર છું. મને હવે કશાનો ભય નથી. ઉદ્વેગ નથી. શોક નથી. મોહ નથી. ને કશાની ચિંતાયે નથી. તમારો મંગલમય આશીર્વાદ મને સદા મળ્યા કરે, અને મારો આત્મા પ્રત્યેક કાળ કે પરિસ્થિતિમાં શાંતિ અનુભવે, એટલો આશીર્વાદ હું માગી લઉં છું.

વાલ્મીકિ મારો આશીર્વાદ તો છે જ. એ તારી સદાયે રક્ષા કરશે, અને તને પ્રસન્ન તથા શાંતિમય રાખશે. અગ્નિ ! પરિપૂર્ણ ! ચાલો હવે ભાગીરથીના તટ પર જઈએ. જરૂરી તૈયારી કરો.

અગ્નિ-પરિપૂર્ણ જરૂરી તૈયારી કરીને અમે હમણાં જ પાછા આવીએ છીએ.

(જાય છે)

* * *

## અંક ત્રીજો
## (પ્રવેશ પહેલો)

(લવ અને કુશ વનમાં રમત રમે છે.)

લવ: આવ સિંહ ! આપણે બંને સાથે સૂઈએ. લીલાછમ ઘાસથી મઢેલા આ મેદાનમાં સુવાનો આનંદ આવશે.

કુશ: અરે, એને તો પગે કાંઈક વાગ્યું છે. એટલે તો એ લથડાતો પગે ચાલે છે. ચાલો એની શુશ્રૂષા કરીએ !

(સિંહ વનમાં ચાલ્યો જાય છે)

લવ: એ તો વનમાં વિદાય પણ થઈ ગયો !

કુશ: મૃગોને મારનારા વાઘ ને સિંહ મહર્ષિના આશ્રમની આજુબાજુ મૈત્રીથી રહે છે, અને સાથે રમે છે. મહર્ષિના વ્યક્તિત્વનો એ પ્રભાવ છે.

લવ: હા. એ એમના અલૌકિક વ્યક્તિત્વનો જ પ્રભાવ છે.

કુશ: આ એક બીજો સિંહ આવ્યો !

લવ: ભલે આવ્યો. એ આવે તો એની સાથે આપણે સંતાકૂકડીની રમત રમીએ.

કુશ: એ સિંહ પણ ચાલ્યો જાય છે. હાથીના ટોળા સાથે એ પણ નદીમાં પાણી પીવા આવ્યો હશે તે જંગલમાં ચાલ્યો ગયો.

(એટલામાં મહર્ષિ વાલ્મીકિ અને સીતા આવે છે)

વાલ્મીકિ: કોણ જંગલમાં ચાલ્યું ગયું, કુશ?

કુશ: એ તો પેલો સિંહ.

સીતા: સિંહ? સિંહનું તારે શું કામ હતું?

લવ: અમારે એની સાથે સાતતાળી કે સંતાકૂકડી રમવી'તી.

સીતા: સાતતાળી કે સંતાકૂકડી? સિંહની સાથે?

કુશ: હા. સિંહની સાથે. એમાં તને નવાઈ લાગે છે? એવી રમતો તો અમે કેટલીય વાર રમીએ છીએ. વાઘ ને સિંહ અમારી સાથે સ્નેહથી રમે છે.

લવ: અને હાથી પણ. અમને જોઈને એ હરખઘેલા થઈ જાય છે. અમને પોતાની પીઠ પર બેસાડીને એ ઘોર જંગલમાં ક્યાંયના ક્યાંય લઈ જાય છે.

સીતા: વનના પશુનો વિશ્વાસ નહિ. એ ક્યારે વિપરીત થાય ને ઘાયલ કરે તે વિશે કશું જ ના કહી શકાય. માટે સંભાળીને, ચેતીને ચાલવું સારું.

કુશ: અમને તો એમાં કાંઈ જ ચેતીને ચાલવા જેવું નથી લાગતું. અમને એમના તરફથી કોઈ પ્રકારનો ભય જ નથી લાગતો.

લવ — અમે એમનું ક્યાં કાંઈ બગાડ્યું છે કે એ અમને ઘાયલ કરે? અમે તો એમની સાથે મિત્રતા રાખીએ છીએ.

સીતા — બગાડ્યું ના હોય તો પણ કોઈકવાર હુમલો કરી બેસે.

કુશ — તો અમે ક્યાં પાછા પડીએ એવા છીએ? એમનું જડબું ફાડીને એના બે ભાગ જ કરી નાંખીએ !

લવ — અમે એવા ડરપોક કે નામર્દ નથી, માતા !

વાલ્મીકિ — સીતા ! લવ અને કુશ બંને બહાદુર છે. અત્યંત પરાક્રમી છે. એમનાં વચનો એક વીર પુરૂષને છાજે એવાં છે. હજુ તો એ કિશોરાવસ્થામાં છે. પરંતુ મોટા થશે ત્યારે કેટલા બધા પ્રતાપી થશે? સવારનો સૂર્ય મધ્યાહ્નકાળે કેટલા બધા પ્રખર પ્રકાશવાળો બની જાય છે એ આખું જગત જાણે છે. આ બાળકોને નિહાળીને મારાં નેત્રો નાચી ઊઠે છે. અને મને અત્યંત આનંદ થાય છે. રઘુવંશને આ બંને બાળકો સાચેસાચ અને સંપૂર્ણપણે શોભાવશે.

સીતા — મને પણ એમને જોઈને અત્યંત આનંદ થાય છે. મારું શરીરધારણ સફળ થયું એમ લાગે છે.

વાલ્મીકિ — આ અદભુત કાંતિ અને પરાક્રમવાળાં બાળકો ધનુર્વિદ્યામાં પણ અત્યંત નિપુણ છે. એમને મેં એ વિદ્યામાં પ્રવીણ બનાવ્યા છે તથા બીજાં શસ્ત્રાસ્ત્રો પણ શીખવ્યાં છે. ભવિષ્યમાં એ એમને કામ લાગશે. એમનું શરસંધાન એટલું બધું સચોટ છે કે વાત નહીં. ધારેલી જગ્યાએ એ નિશાન તાકી શકે છે. ઉંમર નાની છે, પરંતુ એમની વીરતા મોટાને પણ શરમાવે એવી છે.

લવ — હા, ગુરૂદેવ ! મોટામોટા મહારથીની સામે પણ અમે તો લડી શકીએ.

કુશ — અન્યાયી, અધર્મી અથવા અત્યાચારીનો તો નાશ જ કરી નાખીએ !

સીતા — એમની સાથે લડવાનો પ્રસંગ તમને પ્રાપ્ત ના થાય એવું ઈચ્છું છું. લડવાથી કાંઈ લાભ થોડો જ છે?

લવ — લાભ હોય કે ના હોય, પરંતુ લડવું પડે તો અમે તૈયાર છીએ. અમને લડતાં આવડે છે.

કુશ — ગુરૂદેવના પ્રતાપથી અમે એ કળામાં કુશળ બની ગયા છીએ.

સીતા — તમારી વાણી સાંભળીને મને આનંદ થાય છે. પરંતુ તમારે કોઈની સાથે લડવું ના પડે એમ હું ઈચ્છું છું. તમારા પિતા રામને રાક્ષસો તથા રાવણ સાથે લડવું પડેલું. તેમણે કરેલા વર્ણન પરથી હું યુદ્ધની ભયંકરતા જાણું છું. યુદ્ધ ધર્મનું હોય કે અધર્મનું પણ નાછૂટકે જ કરવા જેવું છે.

વાલ્મીકિ — લવ અને કુશ એકલા યુદ્ધકળામાં જ કુશળ છે એવું નથી. શાસ્ત્રોના અધ્યયનમાં પણ એક્કા છે. એમના મુખમાંથી જ્યારે શાસ્ત્રવચનો નીકળે છે ત્યારે એટલાં બધાં શ્રવણમધુર લાગે છે કે વાત નહિ.

સીતા — એ વખતે તો જાણે કર્ણની અંદર અમૃત રેલાય છે.

વાલ્મીકિ — સાચું છે. રામ જ્યારે આ સુંદર અને ગુણવાન બાળકોને જોશે ત્યારે એમનું હૈયું હેતથી ઊભરાઈ ઊઠશે. આ બાળકો કોઈનીયે આંખ અને કોઈનાયે અંતરને આનંદ આપે એવાં છે.

લવ  પિતાજી આપણી સંભાળ શા માટે નથી લેતા, મા?

કુશ  પિતાજીનું મુખ તો અમે જોયું જ નથી. એ અયોધ્યામાં રહે છે. પરંતુ અહીં અમને મળવાયે નથી આવતા?

લવ  અમારી માતા પ્રત્યે શું એમને લાગણી નથી? કે કોઈ મતભેદ પડ્યો છે?

વાલ્મીકિ  કોઈયે પ્રકારનો મતભેદ નથી પડ્યો. લાગણી પણ નથી એવું નથી. તમારી માતા પ્રત્યે તો કોઈ અપરિચિતને પણ લાગણી થાય તેમ છે. તો પછી રામને તો કેમ ના હોય? પરંતુ તમારે સૌએ હમણાં અહીં રહેવું અથવા વનના નિર્દોષ જીવનનો અનુભવ કરવો એવી એમની ઈચ્છા છે.

સીતા  એમની કૃપાથી જ આપણને  દેવદુર્લભ દર્શનવાળા મહર્ષિનો મેળાપ થઈ શક્યો છે. એ વિના આપણે આ મહાન ભાગ્યથી વંચિત જ રહી જાત. એને માટે આપણે એમનો તથા વિધાતાનો ઉપકાર માનવો જોઈએ.

કુશ  એ તો આપણા ભાગ્યની વાત છે. પરંતુ પિતાજી તરફથી આપણી આટલી બધી અવજ્ઞા થવાનું કારણ?

લવ  એ શું આપણને યાદ જ નથી કરતા?

સીતા  યાદ તો જરૂર કરતા હશે. એ આપણને યાદ કર્યા વિના રહી જ ના શકે. આપણી કે કોઈનીયે અવજ્ઞા ના કરી શકે. એમનો સ્વભાવ એવો કોમળ છે.

વાલ્મીકિ  રામને મળવાની ઈચ્છા હશે તો થોડા વખતમાં જ તમને એમનો મેળાપ થશે.

લવ  સાચું કહો છો, ગુરૂદેવ !

કુશ  અમને એમનો મેળાપ થશે?

સીતા  ગુરૂદેવની વાણી કદી મિથ્યા નથી હોતી. મહાપુરૂષોની વાણી ભૂલેચૂકે બોલાય તો પણ સાચી ઠરે છે.

વાલ્મીકિ  તમારી ઈચ્છા નજદીકના ભવિષ્યમાં અવશ્ય પૂરી થશે. હું જે કહું છું તે સાચું જ કહું છું.

સીતા  રામ સુખી તો છે ને? એમને કોઈ પ્રકારની તકલીફ તો નથી ને? એમનું મન શાંતિનો અનુભવ  કરી રહ્યું છે ને?

વાલ્મીકિ  સુખી છે અને નથી પણ. બીજી કોઈ તકલીફ નથી. અશાંતિયે નથી. પરંતુ તારા વિના એમને સંપૂર્ણ સુખ ને શાંતિ ક્યાંથી હોય? એ તને યાદ તો કરે જ છે, અને તારે માટે વેદના અનુભવે છે.

લવ  વેદના? શા માટે?

કુશ  તો પછી એ અહીં કેમ નથી આવતા? અમને અયોધ્યામાં કેમ નથી લઈ જતા?

વાલ્મીકિ  એ બધું હું કોઈ વાર નિરાંતે કહીશ. સમય આવશે ત્યારે.

* * *

## અંક ત્રીજો

### (પ્રવેશ બીજો)

(પાત્રોઃ રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને વશિષ્ઠ મુનિ)

સ્થળઃ રાજભવન

રામ — લક્ષ્મણ ! રાજપ્રાસાદમાં સર્વ પ્રકારનું સુખ છે, કિન્તુ સીતા વિના આખોયે રાજપ્રાસાદ સૂનો લાગે છે. આમ તો જીવનમાં સુખ, શાંતિ અને આનંદ બધું જ છે કિન્તુ સીતા વિના એ બધું અધૂરું છે.

લક્ષ્મણ — સાચું છે. સીતા વિના રાજપ્રાસાદ તો શું, પરંતુ આખી અયોધ્યાનગરી સૂની લાગે છે. એવું લાગે છે કે આ અયોધ્યા જ નથી. એનાં રૂપરંગ એનાં એજ છે. પરંતુ એમાં જાણે આત્મા નથી રહ્યો.

ભરત — લક્ષ્મણ જે કહે છે તે સાચું કહે છે. પીંજર છે પરંતુ પંખી નથી. સિતાર છે પરંતુ સ્વર નથી.

શત્રુઘ્ન — નદી છે પરંતુ નીર વિનાની. અથવા તો એમ કહો કે રાત્રી છે પરંતુ ચંદ્રકળાથી રહિત.

રામ — ભરત તથા શત્રુઘ્નની વાત સાચી છે, લક્ષ્મણ! વરસો વીતી ગયાં છે, પરંતુ સીતાના વિયોગની વેદના મારા દિલમાં એવી જ તાજી છે. દિવસે દિવસે તે વધારે પ્રબળ બનતી જાય છે. એ વેદનાની વાત બીજા કોની આગળ કરું? એને સમજે પણ કોણ? દિલની દશા તો જો ! જે દિલે દ્રવીભૂત થયા સિવાય સીતાનો ત્યાગ કર્યો છે તે જ દિલ એના વિયોગના દર્દથી દાઝી ને દ્રવી ઊઠે છે ! હૃદયની ગતિવિધિ પણ એવી અજબ છે !

લક્ષ્મણ — અમારા જેવા સાધારણ મનુષ્યના દિલને દુઃખ થાય છે તો તમને તો ના થાય એવું બને જ કેમ? તમે તો અત્યંત કોમળ અંતરના અને અસાધારણ છો. તમારા દિલમાં તો દુઃખનો દાવાગ્નિ સળગી રહ્યો હશે.

ભરત — સીતા વિનાનું જીવન તમને સૂનું લાગે એ સમજી શકાય તેવું છે. અમારા હૃદયમાં જ્યારે સીતાને માટે આટલો બધો પ્રેમ છે, ત્યારે તમારા હૃદયમાં તો કેટલો બધો હશે?

શત્રુઘ્ન — એની કલ્પના પણ ના કરી શકાય.

લક્ષ્મણ — કલ્પના તો ના કરી શકાય. પરંતુ રામની વાણી અને મુખાકૃતિ પરથી એ પ્રેમની ઝાંખી તો થાય જ છે. સીતા રામની સદાની છાયારૂપ હતી. એ છાયા એમનાથી અળગી થઈ ગઈ છે.

ભરત — અથવા કહો કે રામના મસ્તકના મણિ જેવી હતી. એના વિના રામ તરફડે છે, ને મૂંગે મોઢે અંતરના ઊંડાણમાં વિલાપ કરે છે.

શત્રુઘ્ન — અથવા તો સીતા રામના જીવનના સર્વશ્રેષ્ઠ શૃંગારરૂપ હતી. એના વિના એમનું સમસ્ત જીવન કુરૂપ બની ગયું છે.

રામ — સાચું છે. લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન ! સીતા તમે કહ્યું તેવી બધી જ યોગ્યતા ધરાવતી હતી. તે મિત્ર હતી, અર્ધાંગિની હતી, સલાહકાર કે મંત્રિણી હતી, સ્વામિની હતી, સુખદુઃખની

સંગિની હતી, અને એના સિવાય બીજું બધું જ હતી. પરંતુ એ મારા શ્વાસોશ્વાસમાં મળી ગઈ હતી : જીવનમાં જડાઈ કે સમાઈ ગઈ હતી : એ મારો પ્રાણ હતી : મારું જીવન હતી : મારી પ્રેરણા, આશા અને શક્તિ હતી. અથવા તો કહો કે મારું હૃદય હતી. જ્યારથી એ ગઈ છે ત્યારથી જાણે કે મારું હૃદય જ જતું રહ્યું છે. જીવું છું ખરો, પરંતુ જીવનના આનંદ વિના જ જીવી રહ્યો છું. હૃદય પણ કેવું છે? સીતાનો ત્યાગ કરીને એ પાછું વિલાપ કરે છે ! એ વખતે ભવિષ્યનો વિચાર કરીને એ પાછું ના પડ્યું, અને હવે અનુરાગી બનીને રડવા માંડ્યું છે !

ભરત — તો પછી તે વખતે તમે સીતાનો ત્યાગ કર્યો જ શા માટે?

શત્રુઘ્ન — બોલનારા તો બે-ચાર દિવસ બોલીને કે વગોવણી કરીને બેસી રહેત. એમના વિવાદને વધારે પડતું વજન આપીને તમે હાથે કરીને ઉપાધિ વહોરી લીધી, ને તમે તો દુઃખી થયા પણ સાથોસાથ સીતાને પણ દુઃખી કરી.

લક્ષ્મણ — હું તો આરંભથી જ કહેતો'તો કે સીતાના ત્યાગનું કઠોર કર્મ ના કરો. પરંતુ મારું સાંભળ્યું જ નહિ ને ! તમે સીતાને યાદ કરી રહ્યા છો. પણ એ તમને યાદ નહિ કરતી હોય એવું તમને લાગે છે ખરું?

રામ — સીતાની તો પ્રત્યેક પળ મારી સ્મૃતિમાં જ પસાર થતી હશે. મને એમાં જરાપણ શંકા નથી. પરંતુ વનમાં એનું શું થયું હશે? અને એ જીવતી હશે કે નહિ? તેની પણ કોને ખબર છે?

ભરત — મને તો લાગે છે કે એ જરૂર જીવંત હશે.

શત્રુઘ્ન — વનના કોઈ દેવીદેવતા કે ઋષિવરે એની રક્ષા જરૂર કરી હશે. મારું હૃદય એની સાક્ષી પૂરે છે.

લક્ષ્મણ — સીતા જરૂર જીવંત હશે. એમાં કોઈ પ્રકારનો સંશય જ નથી.

રામ — મારું હૃદય પણ એમ જ કહી રહ્યું છે. એ જરૂર જીવંત છે, પરંતુ વનમાં એ સુખી હશે કે દુઃખી તેની તો કોને ખબર?

લક્ષ્મણ — તમારા વિના એ સ્વપ્ને પણ સુખી રહી શકે એવું માની શકો છો?

રામ — ના. પૃથ્વી પર તો શું, પરંતુ સ્વર્ગલોકમાંય નહિ. મારા સિવાય સીતા સુખી ના જ હોઈ શકે એ સાચું છે. મારા વિના એનું અંતર સાચેસાચ અશાંતિનો જ અનુભવ કરતું હશે. એની મને ખાતરી છે.

ભરત — તો પછી વધારે દુઃખી શા માટે થઈ રહ્યા છો? અને સીતાને પણ શા માટે દુઃખી કરી રહ્યા છો? તમારી આજ્ઞા હોય તો અમે વનમાં જઈએ ને સીતાને ગમે ત્યાંથી શોધીને પણ લઈ આવીએ.

શત્રુઘ્ન — વનમાં બધે ફરીને એ જ્યાં હશે ત્યાંથી અમે એને અત્યંત આદરપૂર્વક લઈ આવીશું.

લક્ષ્મણ — એથી તમારા બંનેના જીવનમાં તો આદર છવાશે જ, પરંતુ અમારો અને આખી અયોધ્યાનો આત્મા પણ આનંદમય બની જશે. અશ્વમેધ યજ્ઞ કરવાનો તમે સંકલ્પ કર્યો છે, તો તે પ્રસંગે સીતાને લાવવાનું શોભાસ્પદ અને ડહાપણભર્યું પણ મનાશે.

ભરત — હા, હા, બંધુવર ! લક્ષ્મણનું કથન સર્વાંશે સાચું છે.

શત્રુઘ્ન — અશ્વમેઘ યજ્ઞનો અવસર પણ એને માટે અત્યંત ઉપયુક્ત છે.

રામ — સીતાને માટે મારા હૃદયમાં લાગણી છે, અને અનંત લાગણી છે, પરંતુ જે વિધાતાએ એનો ત્યાગ કરાવ્યો છે તે વિધાતા એને પાછી લાવવાની પ્રેરણા નથી કરતો. આ બાબતમાં હું મારા ભાગ્યને જ દોષ દઉં છું. અથવા તો કર્મને. સીતાને મળવાનો સમય હજુ પૂરેપૂરો પાક્યો નથી લાગતો. નહિ તો મને એવી ઈચ્છા જ કેમ ના થાય? હજુ મારા અને એના વિયોગના સંસ્કાર શેષ હોય એવું લાગે છે. આ જીવનમાં એ સંસ્કારો પૂરા થશે કે નહિ તે પણ હું નથી કહી શકતો. હૃદયમાં પ્રબળ પ્રેમ છે, અને અનંત એવું આકર્ષણ છે. છતાં પણ એ હજુ સીતાથી દૂર રહેવા તૈયાર છે. એ વિધિની ક્રૂરતા નહિ તો બીજું શું છે?

લક્ષ્મણ — પરંતુ તમે ત્યાગેલી સીતાનો સ્વેચ્છાએ પાછો સ્વીકાર કરો એમાં વિધિ કે વિધાતા અથવા બીજા કોઈનીયે જરૂર જ ક્યાં છે? તમે કહેતા હો તો અમે અત્યારે જ, એક વિપળનાય વિલંબ વિના, વનમાં જવા તૈયાર છીએ.

ભરત — તમારી આજ્ઞા મુજબ વર્તવા ને તમને સુખી કરવા માટે જ અમારું જીવન છે.

શત્રુઘ્ન — સીતાને તમે આવા ઉત્તમ અવસર પર બોલાવો એવી અમારી વિજ્ઞપ્તિ છે.

રામ — એમાં વિજ્ઞપ્તિ કરવાની જરૂર નથી. પરંતુ એને માટે મારું હૃદય હજુ તૈયાર નથી થતું. એજ બતાવે છે કે બધી બાજી મનુષ્યના નહિ પણ કોઈક બીજાના જ હાથમાં છે. આપણે તો એનું અનુસરણ કરવાનું છે. એટલું જ. મન માને તો પણ અનુસરણ કરવાનું છે, અને ના માને તો પણ.

લક્ષ્મણ — એટલે શું આપણે કોઈકના હાથમાં હથિયાર છીએ એમ?

રામ — મને તો એવું લાગે છે. કાળના હાથમાં કઠપૂતળીરૂપ છીએ.

ભરત — અમારે માટે એવું વિધાન સાચું હોઈ શકે. પરંતુ તમારા જેવા લોકોત્તર પુરૂષને માટે...

શત્રુઘ્ન — તો પછી અમારામાં અને તમારામાં ભેદ ક્યાં રહ્યો?

રામ — મહર્ષિ વશિષ્ઠ જેવા કોઈ મહાપુરૂષો એમાં અપવાદરૂપ હોય તો જુદી વાત છે. બાકી તો બીજું આખુંયે જગત પરવશ બનીને જીવી કે વર્તી રહ્યું છે. એનો સ્વીકાર કરો કે ના કરો, પરંતુ એ વાત સાચી છે

(પરિચારક આવે છે)

પરિચારકઃ — મહામુનિ વશિષ્ઠ પધાર્યા છે તે આપની પ્રતીક્ષા કરી રહ્યા છે, પ્રભુ !

રામ — વશિષ્ઠ મુનિ આવી પહોંચ્યા છે? તો તેમને સન્માન સાથે અહીં લઈ આવ.

(પરિચારક જાય છે)

(થોડીવારે વશિષ્ઠ મુનિ આવે છે. સૌ પગે લાગે છે.)

વશિષ્ઠ — શુભાશિષ રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન ! શુભાશિષ. કહો શા સમાચાર છે?

રામ — આપ આ ઉત્તમ આસન પર બિરાજો. પછી હું કહી સંભળાવું છું.

(વશિષ્ઠ મુનિ આસન પર બેસે છે. બીજા પડખે નીચે બેસે છે.)

વશિષ્ઠ અશ્વમેધ યજ્ઞની તૈયારી ક્યાં સુધી આવી પહોંચી? આવશ્યક સામગ્રી તો આવી ગઈને?

રામ બધીયે સામગ્રી આવી ગઈ છે. આપની આજ્ઞા પ્રમાણેની કોઈયે વસ્તુ હવે બાકી નથી રહી.

વશિષ્ઠ ત્યારે તો યજ્ઞનો પ્રારંભ એના મંગલ મુહૂર્ત પ્રમાણે થઈ રહેશે.

રામ હા, ભગવન્ !

લક્ષ્મણ યજ્ઞની આમંત્રણ પત્રિકાઓ પણ બધે પહોંચાડી દીધી છે. થોડા વખતમાં આમંત્રિતો આવશે પણ ખરા. સૌ કોઈએ આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો છે. માત્ર રાજા જનકે નમ્રતા અને સ્નેહપૂર્વક સંદેશો મોકલ્યો છે કે યજ્ઞની સફળતા ઈચ્છું છું. પરંતુ મારાથી નહિ આવી શકાય.

વશિષ્ઠ કેમ? રાજા જનક વિના તો આપણું આયોજન અધૂરું રહેશે.

ભરત સીતાના વનવાસના સમાચાર સાંભળીને એમનું દિલ દુઃખી થઈ ગયું છે. એમનો ઉત્સાહ ઓસરી ગયો છે. એજ એનું કારણ છે.

શત્રુઘ્ન કોઈ પણ પિતાને પીડા થાય એવો જ એ પ્રસંગ છે. એટલે એમાં જનકનો દોષ નથી, મુનિવર !

રામ જનકને શોક થાય એ હું સમજી શકું છું. એટલે જ યજ્ઞનું મંગલ ઈચ્છીને એમણે અહીં આવવાની ના પાડી છે. એનું મને દુઃખ છે. પરંતુ બીજો કોઈ ઉપાય નથી.

વશિષ્ઠ જ્ઞાની પુરૂષે પણ લોકાચારનો વિચાર કરીને અમુક રીતે વર્તવું પડે છે. એ દૃષ્ટિથી જોઈએ તો જનકનો નિર્ણય બરાબર લાગે છે. અયોધ્યામાં આવત તો પણ એમને ગમત નહિ. સીતા વિનાની અયોધ્યા એમને સ્મશાનસમી સૂની લાગત. પરંતુ રામ ! મને એક બીજો વિચાર સૂઝ્યો છે. અને એ સંબંધી હું તમારી સાથે પરામર્શ કરવા આવ્યો છું.

રામ કયા વિચાર સંબંધી, ગુરૂદેવ?

વશિષ્ઠ યજ્ઞના અનુષ્ઠાન વખતે યજ્ઞની વિધિમાં સ્ત્રી અને પુરૂષ બંનેને પૂજા કરવા બેસવું પડે છે. એની તમને ખબર છે? વેદનું એ વિધાન છે. એ વિધાનનું પાલન અત્યંત આવશ્યક મનાય છે.

રામ મેં પણ એવું સાંભળ્યું છે.

વશિષ્ઠ એટલે યજ્ઞમાં સીતાની જરૂર પડશે જ. સીતા સિવાય પૂજાની કોઈયે વિધિ સફળ નહિ થઈ શકે. એની વ્યવસ્થા પણ કરવી જોઈએ.

લક્ષ્મણ ઠીક કહ્યું, મુનિવર ! સીતા વિના યજ્ઞની શોભા જ શી હોઈ શકે?

ભરત શોભાની વાત બાજુએ મૂકીએ તો પણ, સીતા સિવાય યજ્ઞની વિધિ જ કેવી રીતે થઈ શકશે?

શત્રુઘ્ન (રામને) તમે કહો તો સીતાની શોધ કરીને એને અયોધ્યામાં લઈ આવીએ.

લક્ષ્મણ નહિ તો પછી યજ્ઞનો વિચાર જ પડતો મૂકો.

રામ યજ્ઞનો વિચાર તો પડતો નહિ મૂકી શકું. પરંતુ ગુરૂદેવ ! સાક્ષાત સીતાને બદલે શું બીજી સીતા હોય તો ના ચાલે? સીતાને માટે મારા હૃદયમાં અતિશય અનુરાગ છે. છતાંપણ આ

સંજોગોમાં હું એને પાછી લાવવા નથી માંગતો. આપ કોઈ બીજો ઉપાય બતાવો, મુનિવર ! તમે કહો તો સીતાની માટીની મૂર્તિ બનાવીને યજ્ઞની વિધિ વખતે મારી બાજુમાં બેસાડું.

વશિષ્ઠ (વિચાર કરીને) સીતાની માટીની મૂર્તિને બદલે સીતાની સુવર્ણમૂર્તિ હોય તો ચાલી શકશે. શાસ્ત્રોમાં એવો વિકલ્પ છે, એટલે યજ્ઞની વિધિમાં એથી દોષ નહિ આવે.

રામ (પ્રસન્ન થઈને) બસ ત્યારે. સીતાની સુવર્ણ પ્રતિમા જ તૈયાર કરાવીશું. એટલે સંકલ્પનો ભંગ નહિ થાય અને જરૂરી હેતુ સરી રહેશે.

લક્ષ્મણ પરંતુ એના કરતાં સાક્ષાત સીતાને જ બોલાવી મંગાવોને ! પ્રતિમાની પ્રતિષ્ઠા કરો એના કરતાં સીતાને બેસાડો એ શું ખોટું છે?

રામ સીતાને બેસાડવાની નથી; એ તો બેઠેલી જ છે. યજ્ઞની વેદી આગળ નહિ, પરંતુ મારા હૃદયમાં અથવા તો રોમેરોમમાં. સીતાને માટે મને જેટલો પ્રેમ છે તેટલો બીજા કોઈનેય માટે નથી. સીતા તો મારું જીવન છે હૃદય છે. પરંતુ મારા નિશ્ચયમાંથી હું નહિ ડગું. અને મને ડગાવવાનો કોઈ પ્રયાસે ના કરશો. સીતા પ્રત્યે પ્રેમ હોવા છતાં, સાક્ષાત સીતાને હું નહીં લાવી શકું. આ શબ્દોનો ઉચ્ચાર કરતાં મને કેટલી બધી અસહ્ય વેદના થઈ રહી છે તે તમે નહિ સમજી શકો. અને હું સમજાવીયે નહિ શકું. મારું હૃદય રડી રહ્યું છે. પ્રાણ પીડાના પ્રખર પાવકમાં પ્રજળી રહ્યો છે. કાળજુ કરુણા ને ક્લેશથી કોરાઈ રહ્યું છે. છતાં પણ મારા સંકલ્પમાંથી હું ચલાયમાન નહિ થઈ શકું.

વશિષ્ઠ રામના હૃદયને વધારે રડાવવું હવે બરાબર નથી, સીતાના સંજોગો અત્યારે અહીં આવવાના નહિ હોય. એમ માનીને મૌન રાખવું જ હિતાવહ છે. રામને મેં પણ કાંઈ નથી સમજાવ્યા એમ નહિ. પરંતુ પોતાની વાતમાં એ પર્વત જેવા અડગ છે. સીતાની સુવર્ણમયી પ્રતિમા કરવા માટેનો વિકલ્પ એટલા માટે જ મેં એમને કોઈ પણ પ્રકારના વિશેષ વાદવિવાદ વિના કહી બતાવ્યો.

રામ એ અનુસાર હું વર્તવા તૈયાર છું. આપ આશીર્વાદ આપો કે અશ્વમેધ યજ્ઞ સફળ થાય.

વશિષ્ઠ મારા તો આશીર્વાદ જ છે. જે થશે તે સારાને માટે જ થશે. ઠીક ત્યારે હું જઉં છું.

રામ (પ્રણામ કરીને) ચાલો. આપને થોડે સુધી મૂકવા આવું.

* * *

## અંક ત્રીજો

### (પ્રવેશ ત્રીજો)

(લવ અને કુશ વનમાં વિહાર કરે છે.)

લવ અને કુશ (બંને ગાય છે.)

અમે તો વનનાં શાંત વિહારી.

વનમાં આશ્રમ, વનમાં ભોજન, વનમાં વાટ અમારી;
પ્રકૃતિની ગોદમહીં ખરચી અમે જિંદગી સારી .. અમે તો.

પશુપંખીની કરી મિત્રતા, હરિયાળીની ન્યારી,
સરિતા ને પર્વતની પ્રીતિ, સ્વતંત્રતા શી ભારી! .. અમે તો.

કુંજનિકુંજોમાં ફરનારા, શાંતિ સનાતન ધારી;
સેવા સંતોની કરનારા, દુષ્ટો દેતા ડારી. ... અમે તો.

લીલીછમ છે ધરતી કેવી, એના અમે પૂજારી;
એની રક્ષાકાજે જીવન રહ્યા અમે તો ધારી, ... અમે તો.

*

લવ — કુશ, આ વન કેટલું બધુ સુંદર લાગે છે? ફરતા ફરતા આપણે ઘણે દૂર આવી પહોંચ્યા.

કુશ — વનની શોભા જોઈને મારા અંતરમાં કોઈ અનેરો આનંદ થઈ રહ્યો છે. લવ ! ગંગાનો આ તીરપ્રાંત કેટલો બધો રળિયામણો લાગે છે?

લવ — પરમાત્માએ મને પાંખ નથી આપી. નહિ તો વ્યોમમાં વિહાર કરનારાં આ પંખીની પેઠે દૂર દૂર ઊડીને સૃષ્ટિની સુંદરતાનો સ્વાદ લેત. વ્યોમમાં વિહરનારાં આ પંખીગણને કેટલો બધો આનંદ આવતો હશે?

કુશ — એમના આનંદની કલ્પના પણ આપણે ના કરી શકીએ. આપણને પાંખ હોત તો એમના આનંદના સહભાગી બની શકત. એ વાત સાચી છે. અત્યારે તો કલ્પનાની પાંખ પર જ ઉડવું રહ્યું. મનુષ્યને પરમાત્માએ એજ પાંખનું દાન કર્યું છે.

લવ — પંખી જેવી પાંખ તો ઠીક, પરંતુ એકાદ અશ્વની પ્રાપ્તિ થઈ જાય તો પણ એની પીઠ પર બેસીને ક્યાંયના ક્યાંય ચાલી નીકળીએ.

કુશ — પરંતુ એવો કોઈ અશ્વ મળી જાય ત્યારે ને? ગુરૂદેવના આશ્રમમાં ગાયો છે પણ અશ્વ નથી.

લવ — એ તો આપણે કહીએ તો એકાદ અશ્વને પણ લાવી આપે. ગુરૂદેવ આપણા વચનને પાછું ઠેલે એવા નથી. આપણી બધી ઈચ્છા પૂરી કરવા એ સદા તૈયાર રહે છે.

કુશ (થોડેક દૂર જોઈને) અરે, આ શું? આ અશ્વને અહીં કોણે મોકલ્યો? પરમાત્માએ આપણી અપેક્ષાને પૂરી કરવા માટે આને મોકલી આપ્યો કે શું? કે પછી આપણા પૂજ્ય ગુરૂદેવે પોતાની દૈવી શક્તિથી એને પ્રકટ કર્યો?

લવ આ તો સાચેસાચ અશ્વ જ છે. કેટલો બધો પ્રતાપી અને તેજસ્વી અશ્વ ! સૂર્યના સમી કાંતિવાળો આ અશ્વ કેટલો બધો દેખાવડો છે !

કુશ જોતાવેંત જ એ મનને હરી લે છે. શ્વેત શરીર અને કૃષ્ણ કર્ણવાળો આ અશ્વ સ્વર્ગમાંથી ભૂલો પડ્યો હોય એવો લાગે છે. આપણને એના પર બેસવાની મજા આવશે.

(ઘોડો છેક પાસે આવે છે)

કુશ કેટલો સરસ ઘોડો છે ! એના શણગાર તથા કપાળનાં ચિહ્નો પરથી કોઈએ એની પૂજા કરી હોય એવું લાગે છે. કોણ જાણે કયા સદ્‌ભાગીને આની શુશ્રૂષા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હશે. આવા ઘોડાનું તો દર્શન પણ દુર્લભ છે.

લવ સાચું છે, કુશ ! પરંતુ ઘોડાના ગળામાં આ પત્રિકા જેવું શું છે?

કુશ હા. કોઈક પત્રિકા લાગે છે. લાવ જોઈએ, એને છોડીને જોઈ જઈએ.

(પત્રિકા છોડે છે. વાંચે છે.)

અરે, આ પત્રિકા તો કોઈ અહંકારી માણસે લખેલી છે. એની ભાષા કેટલી બધી ગર્વભરી છે તે તું વાંચી તો જો એટલે ખબર પડશે. આ ઘોડો એ અહંકારીનો છે, અને એણે જ એને છૂટો મૂક્યો છે.

લવ (પત્રિકા વાંચીને)

સંસારમાં અભિમાની લોકો પણ કાંઈ ઓછા છે? કોઈને બળનું અભિમાન છે તો કોઈને રૂપનું, કોઈને ગુણનું તો કોઈને જ્ઞાનનું. સંસાર મિથ્યાભિમાનથી જ પીડાઈ રહ્યો હોય એવું લાગે છે. પત્રિકામાં લખ્યું છે કે અયોધ્યામાં વસનારા કોઈ વીરપુરૂષનો આ ઘોડો છે. જે એને બાંધશે તેણે યુદ્ધ કરવા તૈયાર રહેવું પડશે. જેનું મૃત્યુ પાસે આવ્યું હોય તે આ ઘોડાને બાંધે. નહિ તો એને સંસારમાં સ્વૈરવિહાર કરવા દે.

કુશ ઘણી ભયંકર અને શરમજનક વાત છે, લવ ! આ ઘોડો અયોધ્યાથી અહીં આવ્યો જ ક્યાંથી? રસ્તામાં એને કોઈએ બાંધ્યો કેમ નહિ? શું ધરતી પર કોઈ વીર નથી વસતા? પૃથ્વી આખી શું નામર્દ બની ગઈ?

લવ એવું જ લાગે છે. નહીં તો આવી મિથ્યાભિમાનથી ભરેલી ભાષાના પ્રમાણમાં તો આ ઘોડો એક હાથભર પણ આગળ ના વધી શકે. પૃથ્વી હવે કાયર બનતી જતી હોય એવું લાગે છે. કોઈના બાહુમાં બળ નથી રહ્યું. કોઈના પગમાં પૌરુષ કે પાણી નથી રહ્યું. આ ઘોડાને શું આપણે આમ ને આમ આગળ જવા દઈશું?

કુશ — આમ ને આમ આગળ જવા દેવો એટલે તો નાલેશી બતાવવી. કાયરતાનું પ્રદર્શન કરવું, એના કરતાં તો મરણને શરણ થવું સારુ. આપણે જીવંત હોઈએ અને ઘોડો આગળ જાય એ બની શકે જ કેવી રીતે?

લવ — ઘોડાને આ વૃક્ષની સાથે બાંધી દે. જોઈએ છીએ, શું થાય છે?

કુશ — બીજું શું થવાનું હતું? કાંઈ આકાશ તો નહીં તૂટી પડેને? અને તૂટી પડશે તો પણ મને સાંધતાં આવડે છે. ગુરૂદેવની કૃપાથી મને બધી જાતની વિદ્યામાં સિદ્ધહસ્તતા પ્રાપ્ત થઈ છે.
( ઘોડાને બાંધે છે)
(એટલીવારમાં ચાર રક્ષકો આવી પહોંચે છે)

પહેલો રક્ષક — અરે, નિર્દોષ બાળકો ! આ ઘોડાને તમે શા માટે બાંધ્યો?

બીજો રક્ષક — તમે કોઈ રમત કે મશ્કરી કરવા ધારી છે કે શું?

ત્રીજો રક્ષક — એમના પહેરવેશ પરથી તો આ કોઈ ઋષિપુત્રો લાગે છે. ઘોડાને એમણે ભૂલમાં બાંધ્યો છે.

ચોથો રક્ષક — બાળકો, ભૂલમાં બાંધેલા ઘોડાને છોડી દો. આ કાંઈ ક્રીડા નથી કરવાની.

લવ — અમે ક્રીડા નથી કરતા. ઘોડાને અમે રમતને ખાતર નહિ, પરંતુ સમજપૂર્વક, જોઈ વિચારીને જ બાંધ્યો છે.

કુશ — અમે શું કરી રહ્યા છીએ એની અમને બરાબર ખબર છે.

પહેલો રક્ષક — પરંતુ આના દંડની તમને ખબર છે?

બીજો રક્ષક — પહેલાં ઘોડાના ગળે બાંધેલી પત્રિકા વાંચી જાવ, પછી જ કોઈ નાનું કે મોટું સાહસ કરો.

ત્રીજો રક્ષક — અમે ઘોડાની રક્ષા માટે નીકળ્યા છીએ. અને અમારી સાથે શૂરવીરોની મોટી સેના છે.

ચોથો રક્ષક — એકેક શૂરવીર એવો છે જે મોટામોટા મહારથીઓને પણ મારી શકે છે.

લવ — પત્રિકા અમે વાંચી છે અને પછી જ આ કામ કર્યું છે. તમે ઘોડાની રક્ષા માટે નીકળ્યા હો તો અમારી સાથે લડીને એની રક્ષા કરી લો.

કુશ — અને જો પ્રાણને બચાવવા હોય તો સમજી જઈને લડ્યા વિના જ પાછા ફરો. શૂરવીરોને કાંઈ સેનાની જરૂર નથી પડતી, સમજ્યાને?

લવ — ઘોડો તો તમારા હાથમાંથી ગયેલો જ છે. પરંતુ કોઈ ઉતાવળિયું પગલું ભરશો તો તમારાં જીવન પણ જતાં રહેશે. અમે કાંઈ યુદ્ધથી ડરતા નથી, સમજ્યા ને?

પહેલો રક્ષક — નાનાં બાળકો હમેશાં એવું ઉદ્ધત રીતે જ બોલતાં હોય છે.

બીજો રક્ષક — અને  અવિચારભર્યું. અમે એના પર બહુ ધ્યાન નથી આપતા.

ત્રીજો રક્ષક — ભલા થઈને તમે, આ ઘોડાને છોડી દો એજ સારું છે.

ચોથો રક્ષક — હાથે કરીને મૃત્યુના મુખમાં શા માટે પડો છો?

લવ — વીરપુરૂષો કોઈ વાર આવી કાયરતાની વાણી નથી બોલતા. તમે બધા વીર છો તો પછી ઘોડાની ભીખ શા માટે માગો છો? લડી શા માટે નથી લેતા?

કુશ    આવી રીતે ભીખ માગતાં માગતાં જ ઘોડાને અયોધ્યાથી ઠેઠ આટલે સુધી પહોંચાડ્યો હશે. કોઈ સાચો શૂરવીર નહિ મળ્યો હોય. નહિ તો તમારી તાકાત શું હતી કે આવા મદોન્મત થઈને તમે આટલે સુધી આવી શકો?

લવ    સાચા શૂરવીરે તો તમને સૌને રસ્તામાં ક્યારનાય સુવાડી દીધા હોય. પણ પૃથ્વી તમારા જેવા પામર પુરૂષોથી ભરેલી છે એની આના પરથી પ્રતીતિ થાય છે. અમને એવા પામર ના માનશો. બે છીએ પરંતુ બે લાખને પૂરા પડીએ એવા છીએ

.કુશ    જેમનાં માતાપિતા શૂરવીર છે તે સ્વપ્ને પણ આવી કાયરતાની વાણી નથી બોલતા. તેમના બાહુ તો દુર્જનોને દંડ દેવા માટે સદાયે તૈયાર રહે છે.

પહેલો રક્ષક    તમારાં માતાપિતાને પણ ધન્યવાદ છે કે તેમણે તમને બહુબોલા બનાવ્યા છે. તથા ગજા ઉપરાંતનાં અને સ્વપ્ને પણ સાધી ના શકાય તેવાં કામો કરવાની ટેવ પાડી છે.

લવ    આ કામ તો શું, સંસારમાં કોઈયે કામ અમારા ગજા ઉપરાંતનું નથી. જે ધારીએ તે બધાં જ કામ અમે કરી શકીએ છીએ. અમારા ગુરૂદેવની એવી કૃપા છે.

બીજો રક્ષક    ઓહો ! ત્યારે તમે કોઈક બ્રાહ્મણ કે ઋષિને ત્યાં રહો છો એમ જ ને? એટલે જ આટલા બધા ઉદ્દંડ બની ગયા લાગો છો.

કુશ    ઉદ્દંડ તો તમે બની ગયા છો. નહિ તો મિથ્યાભિમાનથી પ્રેરાઈને આવી રીતે ઘોડાને લઈને દિગ્વિજય કરવા ના નીકળ્યા હોત. તમારા જેવા મિથ્યાભિમાનીઓને મહાત કરવા માટે જ અમારું જીવન છે.

ત્રીજો રક્ષક    આ બાળકો મિથ્યા હઠથી પ્રેરાઈને પોતાનો નાશ તો કરશે જ, પરંતુ એમનાં માતાપિતાને પણ દુઃખી કરશે ને રડાવશે. વિચાર કર્યા વગર એ જેમ ફાવે તેમ બોલ્યા કરે છે.

ચોથો રક્ષક    પરિણામની ભયંકરતાનો એમનો ખ્યાલ નથી. એનો ખ્યાલ હોત તો એ આવો બકવાદ ના કરત. એમનું આયુષ્ય હવે પૂરું થયું લાગે છે. અરે બાળકો! વધારે વિવાદ કર્યા વિના ઘોડાને હવે છોડી દો. નહિ તો તમે કસ નહિ કાઢો.

લવ    અમે તો કસ કાઢીશું પણ તમે જ નહિ કાઢો. તમારી બુદ્ધિ અભિમાનથી આવૃત્ત થઈ લાગે છે.

કુશ    તમારાં આયુષ્ય જ હવે ટૂંકા થયાં છે. બળનું એટલું અભિમાન છે તો પછી વાદવિવાદ કરો છો જ શું કામ? આવી જાવ મેદાનમાં. ગંગાનું આ મેદાન ઘણું વિશાળ છે.
(પીઠ પાછળ ભાથાં બાંધ્યા છે તેમાંથી શર કાઢીને શરસંધાન કરે છે)
બોલો, ઘોડાને મૂકીને જ જવું છે કે પછી આવી રીતે નકામો બકવાદ કરીને છેવટે મરવું છે?

* * *

## અંક ત્રીજો
## (પ્રવેશ ચોથો)

સ્થળ: અયોધ્યામાં રામનો રાજ્ય દરબાર ખંડ
(રામ સિંહાસન પર બેઠા છે.)

| | |
|---|---|
| રામ | લક્ષ્મણ ! અશ્વના કાંઈ સમાચાર આવ્યા કે? અશ્વ અને એની સાથેના સંરક્ષકો ક્યાં સુધી પહોંચ્યા છે તે વિશે કાંઈ જાણી શકાયું? |
| લક્ષ્મણ | સમાચાર તો નથી આવ્યા. પરંતુ રસ્તામાં એમને કોઈ અંતરાય પણ નથી આવ્યો. સૌ સલામત હોય એવું લાગે છે. |
| ભરત | તમારા રાજ્યમાં કોની તાકાત છે કે ઘોડાને બાંધી શકે? |
| શત્રુઘ્ન | ઘોડાને બાંધવો એટલે મરણને આમંત્રણ આપવું એની સૌને ખબર છે. એટલે એવું દુઃસાહસ ભાગ્યે જ કોઈ કરે. કોઈયે ના કરે. |
| લક્ષ્મણ | થોડા દિવસમાં તો દિગ્વિજય કરીને આપણી સેના અને અશ્વ અહીં આવી પહોંચશે. એ દિવસની જ હવે તો રાહ જોઈએ છીએ. એ દિવસ આપણા જીવનનો સોનેરી દિવસ હશે. |
| રામ | સાચું છે, લક્ષ્મણ ! હવે તો ઘોડો આવવાના ભણકારા વાગતા લાગે છે ! |
| | (એટલામાં ચાર સંરક્ષકો આવે છે.) |
| | અરે, આ કોણ આવ્યું? તમે? |
| | (સંરક્ષકો નમસ્કાર કરે છે.) |
| લક્ષ્મણ | આપણી આગાહી સાચી પડી લાગે છે. |
| ભરત | ઘોડો પાછો આવી પહોંચ્યો કે શું? |
| શત્રુઘ્ન | એટલીવારમાં ઘોડાને લઈને બધા પાછાયે આવી ગયા? |
| રામ | કહો, કુશળ તો છોને? ઘોડાના શા સમાચાર છે? |
| પહેલો રક્ષક | ભગવન્ ! આપને અમારે એક જુદા જ સમાચાર કહી બતાવવાના છે. |
| બીજો રક્ષક | ઘોડો પાછો નથી આવ્યો, પરંતુ એ તો વનમાં છે. |
| ત્રીજો રક્ષક | વનમાં એને એક વિશાળ વૃક્ષની સાથે બાંધી દેવામાં આવ્યો છે. |
| ચોથો રક્ષક | અને એને બાંધનારા કોણ છે. જાણો છો? એની કલ્પનાય નહિ આવી શકે. બે નાનાં બાળકો, જે અત્યારે કિશોરાવસ્થામાં છે, તેમણે તેને બાંધી દીધો છે. |
| રામ | બે બાળકોએ? બાળકો એને બાંધી શક્યા જ કેવી રીતે? |
| લક્ષ્મણ | તમે બધા ત્યારે શું કરતા’તા? |
| શત્રુઘ્ન | એટલા નાના બાળકોથી તમે બી ગયા? |
| રામ | કોનાં બાળકો છે એ? |

પહેલો રક્ષક એ બાળકો કોઈ બ્રાહ્મણ કે ઋષિના હોય એવા લાગે છે. પરંતુ સ્વભાવ તથા શૂરવીરતામાં ક્ષત્રિય જેવા છે.

બીજો રક્ષક અમે એમની પાસે ગયા ત્યારે ઘોડાને એમણે બાંધી દીધેલો.

ત્રીજો રક્ષક રમતને ખાતર એમણે ઘોડાને નહોતો બાંધ્યો પરંતુ સમજપૂર્વક બાંધ્યો'તો.

ચોથો રક્ષક ઘોડાને ગળે બાંધેલી પત્રિકા પણ એમણે વાંચેલી.

પહેલો રક્ષક એ વાંચીને તો એ બંને બાળકો કેવાં કેવાં વચનો કહેવા લાગ્યાં ! અમે એમને કેટલુંયે સમજાવ્યા, પરંતુ એ એકના બે ના થયાં.

લક્ષ્મણ તો તમારે એમને પકડી લેવા'તા, અને ઘોડાને લઈને આગળ વધવું'તું.

રામ એમાં વળી અહીં કહેવા માટે શું આવ્યા?

ભરત એવા સાધારણ બાળકોથી પણ તમે ડરી ગયા?

શત્રુઘ્ન એવા તો કેટલાય દુરાગ્રહી બાળકો તમને માર્ગમાં મળ્યા કરશે.

રામ એ બાળકોની આગળ તમારું કાંઈયે ના ચાલ્યું?

પહેલો રક્ષક અમે એમને બનતી બધી રીતે સમજાવ્યા. પરંતુ એ પાછા ના પડ્યા, ત્યારે અમારે એમની સાથે ટક્કર ઝીલવી પડી.

બીજો રક્ષક બાળક જાણીને અમે એમના પર પહેલો હુમલો ના કર્યો. પણ એમણે એવી તો કુનેહથી શરસંધાન કર્યું કે વાત નહિ.

ત્રીજો રક્ષક આપણી મોટા ભાગની સેના એ બાળકોના બાણપ્રહારથી ઘાયલ થઈ ગઈ. કેટલાક મૂર્છિત થઈ ગયા તો કેટલાક મરી ગયા.

ચોથો રક્ષક એ બાળકો કોઈ સામાન્ય બાળકો નથી. એમની સામે ટક્કર ઝીલવી અત્યંત અઘરી છે. એટલે જ અમે આપને સંદેશ આપવા માટે આવી પહોંચ્યા છીએ.

પહેલો રક્ષક બાળકો બે છે અને આપણા સૈનિકો અનેક છે. પરંતુ સૈનિકો એમની સામે લડી શકે તેમ નથી. એમને પરાસ્ત કરવાનું તો બાજુએ રહ્યું.

રામ ઓહો ! બાળકોમાં આટલી બધી શક્તિ ક્યાંથી આવી? કે પછી આપણા સૈનિકો એમને બાળક સમજીને, મન મૂકીને લડતા જ નથી? એમના પ્રાણ એમને પેખીને પીગળી જતા હશે, અને ધનુષ્યબાણ એમના હાથમાં જ રહી જતાં હશે.

પહેલો રક્ષક ના ભગવન્ ! સૈનિકો મન મૂકીને લડે છે, પરંતુ એમનો સામનો કરવાની એમનામાં શક્તિ જ નથી.

લક્ષ્મણ એટલે શું એમ માનવું કે સૈનિકોના સમુદાય અને શસ્ત્રબળ કરતાં પણ એ બાળકો વધારે બહાદુર છે?

ભરત એવું કોઈ માની શકે પણ ખરું?

શત્રુઘ્ન મૂર્ખ હોય તે જ માની શકે, ડાહ્યા નહિ.

પ્રથમ રક્ષક અમે પણ નહતા માનતા. પરંતુ નજરે જોયું એટલે માનવું પડે છે. બાળકો નાના છે, પણ મોટા મોટા મહારથીઓને પણ ભારે પડે તેવા છે.

બીજો રક્ષક એમના પ્રતાપનો પાર જ નથી.

રામ તમે પણ એમનાથી અંજાઈ ગયા કે શું? એટલા નાનાં બાળકોથી?

ત્રીજો રક્ષક એમની વીરતાનાં જેટલા વખાણ કરીએ એટલાં ઓછાં છે.

ચોથો રક્ષક શત્રુની શૂરવીરતાનાં વખાણ કરવાં એ સારું નથી. પરંતુ એમને જોઈને તો ઊલટી મિત્રતાની લાગણી થાય છે. અમે જીવને બચાવીને જેમતેમ કરીને આટલું કહેવા માટે આવી પહોંચ્યા છીએ.

રામ એટલે જ એમની સામે સૈનિકોએ સાચા દિલથી લડાઈ નહિ કરી હોય. મિત્રતાની લાગણીને લીધે. ખરું ને? લક્ષ્મણ ! ભરત અને શત્રુઘ્નને લઈને તું આમની સાથે જા અને જો તો ખરો કે એ કહેવાતાં બહાદુર બાળકોમાં કેવીક બહાદુરી છે ! એમને યુદ્ધમાં મારીશ નહિ, પરંતુ બાંધીને અહીં લઈ આવજે !

પ્રથમ રક્ષક અમે અતિયોશક્તિ નથી કરતા. સાચુ જ કહીએ છીએ. લક્ષ્મણ તથા બીજા બધા આવશે તોપણ એ બાળકો વશ થઈ શકશે કે કેમ તેની મને શંકા છે. તમે આવશો તો જ...

રામ મારું તો હમણાં કામ જ નથી. લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન બધું જ કામ પતાવી દેશે.

લક્ષ્મણ ભરત અને શત્રુઘ્નને આવવું હોય તો ભલે આવે. બાકી બંને બાળકોને હું હમણાં જ લઈ આવું છું.

ભરત અમે પણ સાથે આવીશું. જોઈએ તો ખરા કે બાળકો કેવા છે !

શત્રુઘ્ન અને વખત પર લડી પણ લેવાય. બાળકો સાથે લડવામાં જોકે કાયરતા છે. છતાં પણ છૂટકો ના હોય તો લડવું પણ પડે. બાળક હોય કે મોટો હોય, જે શત્રુતા કરે ને લડવા તૈયાર થાય તેની સાથે લડવામાં કાંઈ જ ખોટું નથી.

રામ અરે, એ બાળકો તમારા જેવા વીર યોદ્ધાઓને જોશે એટલે લડશે જ નહિ ને ! ઘોડાને મૂકીને જ પલાયન થઈ જશે. એ બાળકો અથવા એમના વતી એમનાં માતાપિતા માફી માગે તો બાળકોને બાંધશો નહિ. અને સંરક્ષકો, તમે ઘોડાને લઈને આગળ વધજો.

સંરક્ષકોઃ જેવા આજ્ઞા.

રામ લક્ષ્મણ ! ભરત તથા શત્રુઘ્નની સાથે પૂરતી તૈયારી કરીને હવે તું વિદાય થા. બાળકો નાદાન હોય છે. એમના પર બહુ રોષ ના કરતો. સૌથી પહેલાં તો એમને સમજાવી જોજે.

લક્ષ્મણ સારુ.

(જાય છે.)

* * *

## અંક ચોથો

### પ્રવેશ પહેલો

સ્થળ: વાલ્મીકિ મુનિના આશ્રમની ભૂમિ

વાલ્મીકિ સીતા લવ અને કુશ અત્યંત પરાક્રમી બની ગયા છે. ઘોડાને બાંધીને એના સંરક્ષકોને એમણે પાછા કાઢ્યા, અને બીજા કેટલાય સૈનિકોને મારી નાખ્યા.

સીતા એમનું પરાક્રમ જોઈને મારું અંતર આનંદથી નાચી ઊઠે છે. આટલાં નાનાં બાળકોમાં આટલું બધું અભૂતપૂર્વ પરાક્રમ ક્યાંથી આવ્યું?

વાલ્મીકિ પરમાત્માની કૃપા છે, સીતા ! જેના પર એની કૃપા થાય છે તેને માટે કાંઈપણ બાકી નથી રહેતું. લવ અને કુશ શક્તિના સ્વામી છે. જન્મ્યા ત્યારથી જ એ શક્તિને સાથે લઈને આવ્યા છે.

સીતા રઘુકુળની કીર્તિને ઉજ્જવળ રાખે એવા જ બાળકો છે, ગુરૂદેવ ! એમને લીધે મારું જીવન ધન્ય બન્યું અને શરીરધારણ સફળ થયું. રામ આ બધું જોવા હાજર હોત તો એમને પણ આનંદ થાત. પરંતુ...એમને ખબર પણ નથી કે એમનાં બાળકો અત્યારે આશ્રમમાં રમી રહ્યાં છે ! વિધિની વિચિત્રતા તો જુઓ.

વાલ્મીકિ દુઃખી થવાનું કે ઓછું લાવવાનું કોઈ કારણ નથી. પરમકૃપાળુ પરમાત્મા બધું સારું જ કરશે. રામને ખબર ના હોય તો પણ શું? અમે સર્વે તારી સેવામાં હાજર છીએ. આશ્રમ તારા ઘરરૂપ છે. પછી શી ચિંતા છે?

સીતા જેને આપણી કાંઈ પણ પડી ના હોય તેની પણ ચિંતા કર્યા કરે. એવા મારા મનનો સ્વભાવ છે. નહિ તો મારી જગ્યાએ કોઈ બીજી સ્ત્રી હોત તો રામનું નામ પણ ના લેત.

વાલ્મીકિ એ તારો દુર્ગુણ નથી પણ ગુણ છે, સીતા ! સંસ્કારી જનોનાં અંતર એવાં જ અલૌકિક હોય છે. તારી આ વિશેષતાથી જ તું મહાન છે, ને મહત્તાને પ્રાપ્ત કરવાની છે.
(ચાલતાં ચાલતાં લવ અને કુશ પાસે આવે છે.)
હમણાં તો બધું જ ધ્યાન ઘોડામાં લાગ્યું છે, કે કેમ?

લવ હા, ગુરૂદેવ ! જે કામ હાથમાં લીધું તે પૂરું કરવું એવો મારો સ્વભાવ છે. મારું વર્તન એ સ્વભાવને અનુકૂળ જ છે.

કુશ અને મારા સ્વભાવને પણ અનુકૂળ છે, ગુરૂદેવ ! મિથ્યાભિમાનીનો મદ ઉતારવામાં જે આનંદ છે એ આનંદ કાંઈ અનોખો જ છે. અમને બાળકો સમજીને સૈનિકો અમારી સાથે લડવા માટે આવ્યાં. પરંતુ અમે એમને ધરાશાયી કરી દીધા અથવા તો નસાડી મૂક્યા. જોઈએ તો ખરા કે ઘોડાને એ કેવોક લઈ જાય છે !

લવ હાથમાં આવેલા ઘોડાને અમે જવા દઈએ એવા નથી. એમ સહેજમાં છોડી દઈએ તો તો, મિથ્યાભિમાનમાં મહાલનારા મનુષ્યોનું મિથ્યાભિમાન અનેકગણું વધી જાય.

| | |
|---|---|
| કુશ | સૃષ્ટિની સુખશાંતિનો પછી તો નાશ થાય અને બધે હાહાકાર વર્તાઈ જાય. |
| સીતા | પરંતુ તમે આમ ને આમ ક્યાં લગી લડ્યા કરશો? |
| વાલ્મીકિ | એકલે હાથે આમ શત્રુની સામે... |
| લવ | અમારી ચિંતા ના કરશો. તમારા આશીર્વાદથી અમે શત્રુની સામે એકલે હાથે પણ ઝઝૂમી શકીશું. અમારા પર તમારી કૃપાદૃષ્ટિ છે એટલું ઘણું છે. |
| કુશ | તમારી કૃપાદૃષ્ટિથી જ અમે વિજયી છીએ અને વિજયી રહીશું. એકવાર કર્તવ્યના ક્ષેત્રમાં ઝંપલાવ્યા પછી કાયરની પેઠે પાછા નહિ હઠી જઈએ. |
| વાલ્મીકિ | સીતા ! લવ અને કુશની ચિંતા કરવા જેવું નથી. પરમાત્મા એમની રક્ષા કરશે. અને આખરે એનું પરિણામ સારું જ આવશે. ચાલો, આપણે આશ્રમમાં જઈએ.<br>(જાય છે.) |
| લવ | ગુરૂદેવની આપણા પર કૃપા છે. એટલે આપણે પાછા પડવાનું કે ડરવાનું કોઈ જ કારણ નથી. એમનો વરદ હસ્ત આપણા મસ્તક પર છે એટલે ઘણું છે. |
| કુશ | મહર્ષિની કૃપાથી આપણે કૃતાંત કાળને પણ જીતી શકીએ. અથવા તો જે ધારીએ તે કરી શકીએ. એમની શુભાશિષની શક્તિ આપણે માટે પર્યાપ્ત છે. |
| લવ | પરંતુ આ સામી દિશામાંથી કોઈ યોદ્ધાઓ આવતા લાગે છે ! |
| કુશ | (એ દિશા સામે તાકીને) હા. એ યોદ્ધાઓ જ છે. ભલે આવતા. એમને આપણા સામર્થ્યનો સ્વાદ ચાખવો લાગે છે. |
| લવ | એમનો કાળ પાસે આવ્યો લાગે છે !<br>(લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન તથા સંરક્ષકો આવે છે.) |
| પ્રથમ સંરક્ષક | આ રહ્યા એ બહાદુર બાળકો. |
| બીજો સંરક્ષક | ઘોડાને બાંધીને એમણે મોટી મુસીબત ઊભી કરી છે ! |
| ત્રીજો સંરક્ષક | રમતાં રમતાં અજાણ્યે ઘોડાને બાંધ્યો, ને હવે હઠને લીધે એને છોડતા નથી. |
| ચોથો સંરક્ષક | દેખાય છે બાળક, પરંતુ ભારે શૂરાતનવાળા છે. ઘોડો એમણે અજાણ્યે કે રમતમાં નહિ પરંતુ જાણી જોઈને બાંધ્યો છે. |
| લક્ષ્મણ | આ બાળકો છે કોણ? દેખાવ પરથી તો એ બ્રાહ્મણનાં બાળકો હોય એવું લાગે છે. |
| ભરત | કોઈક ઋષિનાં બાળકો લાગે છે. પરંતુ એમણે આપણા સૈનિકોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે. |
| શત્રુઘ્ન | એમને વળી ઘોડાની છેડતી કરવાનું શું કામ પડ્યું? |
| લક્ષ્મણ | બાળકો, હજુ પણ સમજી જાવ ને ઘોડાને છોડી દો, નહિ તો પછી જોયા જેવું થશે. |
| લવ | વાહ, ધમકી તો તમે સારી આપો છો. અને સાથે વિનયનું નાટક પણ કરી જાણો છો. ભારે ઉસ્તાદ લાગો છો. પરંતુ ઘોડાની જરૂર હોય તો ભીખ માગવાનું શું કામ? બળનો આટલો |

બધો ઘમંડ છે તો પછી વાતો શા માટે કરો છો? ઘોડાને લઈ શા માટે નથી જતા? ભીખ માગવાથી આવો સરસ ઘોડો મળતો હોય એવું જાણવામાં નથી આવ્યું.

ભરત ઘમંડ તો અમને છે કે તમને?

શત્રુઘ્ન બળનો ઘમંડ છે એટલે તો તમે ઘોડાને બાંધીને બેઠા છો.

કુશ બળનો ઘમંડ અમને નથી પણ તમને છે. એટલે તો કોણ જાણે કેટલેય દૂરથી તમે ઘોડાની પાછળ પાછળ આવી પહોંચ્યા છો.

લવ ખરેખર બળવાન જ હો તો પછી શસ્ત્રોનો પ્રયોગ શા માટે નથી કરતા? વીરપુરૂષો કદી વ્યર્થ વાદવિવાદ કરવા નથી ઊભા રહેતા.

લક્ષ્મણ તમે બાળકો છો, અને વળી એકલા છો, એ વાતનો વિચાર કરીએ છીએ.

ભરત એને તમે વ્યર્થ વાદવિવાદમાં ના ખપાવી દેતા.

કુશ અમે એકલા છીએ તો પણ તમારા જેવા કેટલાયને પૂરા પડીએ એવા છીએ. આ સૈનિકોને ધરાશાયી કર્યા ત્યારે અમે એકલા જ હતા.

લવ સિંહ સદા એકલા જ રહે છે. ફક્ત બકરાં ઘેટાં અને એવાં બધાં નબળાં પ્રાણી જ ટોળામાં ફરે છે. એકલા છીએ તો પણ તમને સૌને મૃત્યુના મુખમાં ધકેલવાની શક્તિવાળા છીએ.

લક્ષ્મણ તમને જીવવાની આકાંક્ષા નથી શું?

ભરત મરણ તમને શું આટલું બધું પ્રિય છે કે આમ બકવાદ કરો છો?

શત્રુઘ્ન અને મૃત્યુને નાહક નિમંત્રણ દો છો?

લવ વીરપુરૂષો તમારા જેવા ડરપોક નથી હોતા. શત્રુના મરણને તે હાથમાં લઈને જ ફરતા હોય છે.

કુશ વખત આવ્યે એ કાળનો પણ કોળિયો કરી જાય છે.

લવ અમે એવા જ મૃત્યુંજય છીએ.

લક્ષ્મણ ત્યારે શું તમે અમારું નહિ માનો?

ભરત હાથે કરીને મરણના મુખમાં પડશો?

શત્રુઘ્ન જરાક તો વિચાર કરો.

કુશ અમે તો વિચાર કરેલો જ છે. તમે જ વિચાર કર્યા વગર દોડી આવ્યા છો. ઘોડાની મમતા ના હોય તો આવ્યા છો એ રસ્તે જ પાછા વળો. અને જો ઘોડાનો મોહ જ હોય તો વખતને વ્યર્થ બરબાદ કરવાને બદલે યુદ્ધના મેદાનમાં આવી જાવ.

લક્ષ્મણ અમે તમને રમતાં રમતાં બાંધી દઈશું અને અમારી સાથે લઈ જઈશું.

ભરત અમારી શક્તિનો સ્વાદ તમે હજુ નથી ચાખ્યો.

શત્રુઘ્ન નહિ તો આવા મિથ્યા પ્રલાપો ના કરત.

લવ પ્રલાપો તો તમે જ કર્યા કરો છો. અમે નથી કરતા.

કુશ    અમને તો ઘોડો ગમ્યો છે એટલે અમે એને રાખી લીધો છે. હવે તમારે એને જોઈતો હોય તો લડવા માટે તૈયાર થઈ જાવ. બીજો કોઈ વિકલ્પ જ નથી.

લક્ષ્મણ    (ક્રુદ્ધ થઈને) આવો ત્યારે, થઈ જાવ તૈયાર. હમણાં જ તમને બાંધી દઉં છું.

ભરત    હજુ તમે અમારો પરચો નથી જોયો.

શત્રુઘ્ન    મોટાભાઈની આજ્ઞા નથી, નહિ તો હમણાં જ તમારા મસ્તકને ધડ પરથી અલગ કરત.

* * *

## અંક ચોથો

### (પ્રવેશ બીજો)

સ્થળ: રામનું દરબારભવન

પ્રથમ સંરક્ષક કૃપાનિધાન ! બાળકોની વીરતાનું વર્ણન થઈ શકે તેમ નથી.

બીજો સંરક્ષક છે બે પરંતુ મહાબળિયા છે. અનેકને ભારે પડે એવા છે. એમની આગળ આપણા યોદ્ધાઓ ટકી શકતા જ નથી.

રામ શું કહો છો? યોદ્ધાઓ તો ના ટકી શકે, પરંતુ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન જેવા શૂરવીર તો સંસારમાં પણ નથી. એમણે ત્યાં આવીને શું કર્યું? બાળકોને પકડ્યા પણ નહિ?

પ્રથમ સંરક્ષક પહેલાં તો એમણે બાળકોને સમજાવી જોયા. પણ એ ના સમજ્યા ત્યારે એ લડવા માટે તૈયાર થયા. બાળકોને બાંધવા પણ મુશ્કેલ છે. એ એમ સહેલાઈથી બંધાય તેવા નથી.

રામ એટલે? શું એમની સાથે યુદ્ધ કરવું પડ્યું?

બીજો સંરક્ષક હા, કૃપાનિધાન ! યુદ્ધ વિના કોઈ ઉપાય જ ના રહ્યો. પહેલાં તો એકલા શત્રુઘ્ને એમની સામે લડવા માંડ્યું. પછી ભરતે અને છેવટે લક્ષ્મણે. પરંતુ... શું કહું? એમની વચ્ચે ભારે ભીષણ યુદ્ધ થયું. શત્રુઘ્ને, ભરતે તથા લક્ષ્મણે બંને બાળકોની બરાબર ખબર પણ લીધી. પરંતુ બાળકોને જીતી નથી શકાયા.

પ્રથમ સંરક્ષક બાળકોએ એમને ભયંકર રીતે ઘાયલ કર્યા છે.

રામ એટલા નાના બાળકોએ એમને ઘાયલ કર્યા? એ બની શક્યું જ કેવી રીતે? એ બાળકો શું એટલા બધા પ્રતાપી છે?

પ્રથમ સંરક્ષક મેં આપને પહેલેથી જ કહ્યું હતું કે બંને બાળકો કિશોરાવસ્થામાં હોવા છતાં, ભારે પ્રતાપી છે. સિંહનું શાવક જેમ કુંજરને ગણકારે નહિ, અથવા તો અભ્રનાં આવરણને જેમ સૂરજનો પ્રકાશ પરાસ્ત કરી દે, તેમ મોટા મોટા મહારથીને પણ જોતજોતામાં પરાસ્ત કરી દે છે. કોઈને ગણકારતા જ નથી.

બીજો સંરક્ષક લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્નને એમણે કેટલીયવાર મૂર્છિત કર્યા ને બાંધી દીધા. એમનું પરાક્રમ એમની આગળ ના ચાલી શક્યું. એમના પરાક્રમથી અંજાઈને લક્ષ્મણે કહેવડાવ્યું છે કે એમની સામે અમે જેમતેમ કરીને ઝઝૂમીશું તો ખરા, પરંતુ એમને જીતવાની અમારામાં શક્તિ નથી. માટે હવે તો આપ પોતે આવો અને એમની સામે લડો તો જ કાંઈક બની શકશે. નહિ તો ઘોડાની આશા ના રાખવી એજ ઉપાય છે.

રામ ઘોડાની આશા ના રાખવી? એ બની શકે જ કેવી રીતે? આ ઘોડો કોઈ સાધારણ ઘોડો થોડો જ છે? આ તો અશ્વમેઘ યજ્ઞનો ઘોડો છે. એના પર તો આપણા સાર્વભૌમત્વનો આધાર છે. એનો ત્યાગ કેવી રીતે કરી શકાય? એ બની શકે જ કેવી રીતે?(થોડી વારે) એ બાળકો શું જરા પણ ઘાયલ નથી થયા?

પહેલો સંરક્ષક બાળકો પણ થોડાઘણા ઘાયલ તો થયા હતા અને મૂર્છિત પણ બનેલા. પરંતુ એ જીતાયા નથી.

બીજો સંરક્ષક એમની હિંમત ઘણી મોટી છે. સંકલ્પશક્તિ પ્રબળ છે. એટલે એમની મૂર્છા વળી જાય છે અને એ તરત જ બેઠા થાય છે. યુદ્ધકળામાં એ એટલા બધા નિપુણ છે કે કોઈનાથી ગાંજ્યા જાય એમ નથી.

રામ આખીયે વાત અત્યંત આશ્ચર્યકારક છે. માની ના શકાય તેવી છતાં તમે કહો છો તથા સાચી છે એટલે માનવી પડે છે. એ બંને બાળકો શું કોઈ દેવબાળકો હશે? કે પછી પ્રચ્છન્ન રૂપમાં રહેનારા કોઈ સિદ્ધપુરૂષો? પરંતુ એમને ઘોડાની સાથે શું પ્રયોજન હોય? ઘોડાને એ બાંધે જ શા માટે? અને વળી યુદ્ધના ઘોર કર્મમાં પણ પ્રવૃત્ત શા માટે થાય? કે પછી યુદ્ધમાં નિપુણ એવા કોઈ અસુરોએ એ બાળકોનું રૂપ ધારણ કરીને આપણને ત્રાસ આપવા માંડ્યો છે?

પહેલો સંરક્ષક અમારી બુદ્ધિ એ સંબંધમાં કોઈ જાતનો નિર્ણય નથી કરી શકતી. પરંતુ બાળકોની બહાદુરી તો અમે અમારી સગી આંખે જોયેલી છે. ઘોડાના સંરક્ષક જાણીને અમને જીવતા રહેવા દીધા છે. નહિ તો આટલા સમાચાર આપવા પણ અમે ના આવી શકત.

બીજો સંરક્ષક એવા બહાદુર બાળકો તો અમારા જીવનમાં અમે આ પહેલીવાર જ જોઈએ છીએ. લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્ન ત્રણેએ કહેવડાવ્યું છે કે અયોધ્યાની ને રઘુકુલની લાજ રાખવી હોય તો વિલંબ કર્યા વિના સંગ્રામસ્થાનમાં દોડી આવો. અમારાથી હવે એકલે હાથે નથી લડી શકાય તેમ.

પહેલો સંરક્ષક એ બધા એટલી ભયંકર રીતે ઘવાયા છે કે એમને સાજા થતાં જ વાર લાગશે. સઘળા પ્રકારના સંકોચનો ત્યાગ કરીને એમણે આટલો સંદેશો કહેવડાવ્યો છે.

રામ એ બાળકો એકલી ધનુર્વિધામાં જ કુશળ છે કે બીજાં શસ્ત્રાસ્ત્રો પણ ચલાવી શકે છે?

બીજો સંરક્ષક ધનુર્વિધામાં તો એ એક્કા છે જ. પરંતુ સર્પાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર જેવાં અમોઘ અસ્ત્રો પણ ચલાવી શકે છે. વનમાં વસીને એ યુદ્ધની સમગ્ર વિદ્યામાં સિદ્ધહસ્ત થઈ ચૂકેલા છે.

રામ ચાલો ત્યારે ગુરૂ વશિષ્ઠની સલાહ અને અનુજ્ઞા લઈને હું આવું છું.

(સંરક્ષકો વિદાય થાય છે.)

(રામ ઊઠે છે.)

* * *

## અંક ચોથો
### (પ્રવેશ ત્રીજો)

સ્થળઃ વાલ્મીકિની આશ્રમભૂમિ

રામ (લવ તથા કુશને દૂરથી જોઈને) લક્ષ્મણ ! તું કહે છે તે બાળકો આ જ છે ને?

લક્ષ્મણ હા, વડીલબંધુ, એ વીર બાળકો આ જ છે.

ભરત ઉપર ઉપરથી જોતાં એ બાળકો જેવા લાગે છે, પરંતુ એમના પરાક્રમનો પાર નથી.

શત્રુઘ્ન એ તો તમે એમની સાથે યુદ્ધ કરશો ત્યારે જ ખબર પડશે. જે બાળકોએ અમને પરાસ્ત કર્યા છે તે બાળકો કોઈ સાધારણ બાળકો થોડા જ હોઈ શકે?

રામ એ બાળકો સાધારણ નથી એ વાત સાચી છે. એની સાથે હું પણ સંમત થઉં છું. પરંતુ આ બાળકોને જોઈને તો કોણ જાણે કેમ પણ મારા હૃદયમાં કોઈ જુદી જ લાગણી પેદા થાય છે. એમના તરફ તિરસ્કાર કે વેરભાવ નથી ઊઠતો, પરંતુ એક પ્રકારનો ઊંડો પ્રેમભાવ જન્મે છે. એમ થાય છે કે એમને ભેટી લઉં ને ખોળામાં બેસાડી દઉં ! આમ કેમ થતું હશે લક્ષ્મણ !

લક્ષ્મણ એ બાળકોની આકૃતિ જ એટલી બધી અલૌકિક અને આકર્ષક છે કે મન એમને જોતાંવેંત જ મુગ્ધ બની જાય છે, અને એમના પર ભાવ થાય છે. એમને માટે આત્મીયતા અનુભવાય છે.

ભરત એમની સાથે લડવાનું ગમતું જ નથી. છતાં પણ નાછૂટકે લડવું પડે છે.

શત્રુઘ્ન લડતી વખતે પણ એમ થાય છે કે એમના પર પ્રહાર ના કરવો પડે તો સારું, પરંતુ પ્રતિકાર કર્યા સિવાય છૂટકો નહિ, એટલે પ્રહાર કરવો પડે છે.

રામ મારાથી તો એમની સામે લડી શકાશે કે કેમ એ જ પ્રશ્ન છે. કર્તવ્યબુદ્ધિ યુદ્ધ કરવા માટે પ્રેરી રહી છે. કિન્તુ હૃદય જેમની સામે લડવાનું છે એમને માટે રાગમય બનતું જાય છે. આ દ્વિધામાંથી છૂટી નથી શકાતું.

લક્ષ્મણ તો પણ કાંઈ લડ્યા વિના ચાલે એવું છે?

ભરત આપણે તો યજ્ઞના ઘોડાને પાછો મેળવવો છે. એટલે કાંઈ આમ લાગણીવશ બનીને બેસી રે'વાય એમ છે?

શત્રુઘ્ન યુદ્ધ અને લાગણી એ બંનેને બની શકે એવું જ ક્યાં છે?

રામ આ સુંદર સુકુમાર બાળકો જે માતાપિતાને ત્યાં જન્મ્યા હશે તે માતાપિતાને પણ ધન્યવાદ ઘટે છે. એમના જેવાં બડભાગી બીજાં કોઈયે નહિ હોય. આ બાળકોને નિહાળીને એમને કેટલો બધો આનંદ થતો હશે? ખરેખર, નાનાં બાળકો જે ઘરમાં દોડાદોડ કરતા હોય છે તે ઘરને ધન્યવાદ છે ! એ સ્વર્ગસમાન સુખદ લાગે છે. એ બાળકોના શ્રવણમધુર શબ્દોને સાંભળીને અંતર આનંદથી નાચી ઊઠે છે. પરંતુ હાય ! મને આવે વખતે આવા ભાવો કેમ થવા માંડ્યા? મારે અને આ બાળકોને શું લાગેવળગે? એ તો યજ્ઞના ઘોડાને બાંધનારા

અથવા અપરાધી છે. એમની સાથે તો યુદ્ધ કરવું પડે તો તેને માટે પણ તૈયાર રહેવું પડશે. કર્તવ્યમાં પ્રમાદ એક પ્રકારના મરણ બરાબર જ છે.

(લવ અને કુશ પાસે જાય છે)

લક્ષ્મણ અરે કિશોરો ! ઘોડાને છોડી દો, અને હવે તમારાં માતાપિતાની પાસે પાછા વળો.

ભરત તમારા પરાક્રમથી અમે પ્રસન્ન થયા છીએ, અને તમને અભિનંદન આપીએ છીએ.

શત્રુઘ્ન અમારા વડીલબંધુની સાથે યુદ્ધ કરીને ઘાયલ થવા કરતાં હવે સમજી જાવ અને ઘોડાને પાછો સોંપી દો.

રામ તમારે એ ઘોડાનું કાંઈ જ કામ પડે એવું નથી. પછી તમે આવી હઠ શા માટે કરો છો?

લવ હઠ અમે નથી કરતા. હઠ તો તમારા તરફથી જ થઈ રહી છે.

કુશ ઘોડાને મૂકીને ચાલતા થાવ તો અમારે અહીં ઊભા રહેવાનું કે લડવાનું કોઈ જ કારણ નથી. બાકી તમને જો તમારા બાહુબળનું અભિમાન હોય તો યુદ્ધ કરવાની શરૂઆત શા માટે નથી કરતા?

હોય જે બળવાન તે ભીખને માગે નહીં
પંડિતોએ વાત એવી સ્વાનુભવની છે કહી.

લવ એટલા માટે તમારા ભાઈઓની પેઠે વાદવિવાદ કરીને વખતને બરબાદ શા માટે કરો છો?

વખત કરો બરબાદ, હવે કાં વખત કરો બરબાદ?
વ્યર્થ કરીને વાદ, હવે કાં વખત કરો બરબાદ?

કર્તવ્ય વિસારીને વાતો, અન્ય કરો કાં યાદ?
હાથ પગ હલાવો ના શાને ઉર પાડે જો સાદ? ... હવે કાં.

આયુધ સાથે તૈયાર થયા, હણવાને ઉન્માદ;
વીર બન્યા તો કેમ લડાવો વાણી કેરાં લાડ? ... હવે કાં.

ચાખ્યો નથી વીરતા કેરો તમે અમારી સ્વાદ;
ભારે પડશે ઘોર વરસતાં બાણોનો વરસાદ ... હવે કાં.

*

આટલા બધા પ્રતાપી થઈને તમે યુદ્ધથી ડરો છો એ અજાયબીની વાત છે.

લક્ષ્મણ બાળકો ! અમે ડરતા નથી. અમારા વડીલબંધુ તો લેશ પણ નથી ડરતા. પરંતુ એમને તમારી નાની ઉંમર દેખીને દયા આવે છે.

કુશ અમારી દયા ખાવાની જરૂર નથી. અયોધ્યાથી એ એટલે સુધી આવ્યા છે તે લડવા માટે જ આવ્યા હશે ને? હવે એ વિલંબ શા માટે કરે છે? અમે કરેલાં પરાક્રમને સાંભળીને એમના પગ ઢીલા પડી ગયા કે શું?

રામ — આહાહા, આ બાળકોની વાણી કેટલી બધી મીઠી લાગે છે? કઠોર રીતે બોલાતી હોવા છતાં, એ અંતરના ઊંડાણમાં ઊતરી જાય છે. પ્રાણને સ્પર્શી જાય છે. આવું તો મને આ પહેલીવાર જ થઈ રહ્યું છે. આનું કારણ મને નથી સમજાતું. ભરત ! તને શું લાગે છે?

ભરત — મને તો એટલું જ લાગે છે કે હવે આપણે યુદ્ધનો આરંભ કરી દેવો જોઈએ. એના વિના આપણો હેતુ નહિ સરી શકે.

શત્રુઘ્ન — મણિથી મંડિત મસ્તકવાળો નાગ નાનો હોય તો પણ દયાને પાત્ર નથી હોતો. એ તો ભયંકર જ હોય છે. વાઘનું બચ્ચું પણ ગમે તેવું નાનું હોય તો પણ, ભૂલેચૂકે પણ એની ઉપેક્ષા કરવી નથી ઘટતી.

લક્ષ્મણ — બાળકો નાના છે છતાં પણ અત્યંત પ્રતાપી છે. એમને જો સુયોગ્ય શિક્ષા નહિ કરવામાં આવે તો એ ભારે આતંક ફેલાવશે અને ઉપદ્રવ કરશે. પર્વતની પાસે પંડિતાઈ વૃથા છે. એમ આ બાળકો સમજાવ્યા નહિ સમજે.

લવ — પણ એમને સમજાવવા પડે છે જ શું કામ?

કુશ — સમજવાનું કાંઈ હોય તો તે તો તમારે છે. અમારે નહિ.

રામ — તમારા જેવા શૂરવીર શિશુ કયા પિતાના પ્રારબ્ધમાં લખાયા છે? કઈ માતાએ તમને મોટા કર્યા છે?

લવ — તમારે તેનું શું કામ છે?

કુશ — તમે યુદ્ધ કરવા માટે આવ્યા છો કે માતાપિતાની માહિતી મેળવવા? આ તો વખતનો દુરુપયોગ જ છે.

રામ — છતાં પણ તમને કાંઈ હરકત ના હોય તો મારી જિજ્ઞાસાને શાંત કરો. પછી યુદ્ધ તો કરવાનું જ છે. એના વિના તો ચાલવાનું જ ક્યાં છે?

લક્ષ્મણ — તમે કયા બ્રાહ્મણ કે ઋષિના બાળકો છો?

ભરત — આવાં અભૂતપૂર્વ પરાક્રમવાળાં બાળકોનાં માતાપિતા વિશે તો જાણવું જોઈએ ને?

શત્રુઘ્ન — અને એમનાં નામઠામ પણ...

લવ — એ બધું યુદ્ધકાર્યમાં કેવી રીતે ઉપયોગી થઈ પડશે તે હું નથી જાણતો.

કુશ — અમારા બંનેનું નામ લવ અને કુશ છે. વાલ્મીકિ મુનિના આશ્રમમાં જ અમે જન્મ્યા ને મોટા થયા છીએ. અને અમારી માતાનું નામ સીતા છે.

રામ — (વિસ્મય સાથે) સીતા?

લવ — હા. સીતા. એમાં આટલો બધો વિસ્મય શેનો થયો?

લક્ષ્મણ — ત્યારે શું મહર્ષિ વાલ્મીકિનો આશ્રમ અહીં જ છે?

ભરત — અને સીતા પણ અહીં જ છે?

શત્રુઘ્ન — તમે શું એના બાળકો છો? એ જ સીતાના?

લવ — હા. અમે એના જ બાળકો છીએ.

કુશ  મુનિનો આશ્રમ અહીં જ છે, અને ત્યાં અમે અમારી માતા સાથે રહીએ છીએ. પરંતુ તમારે એ બધાનું શું કામ? તમારે તો લડવાની સાથે જ કામ છે ને? વધારે પડતી ચર્ચામાં શા માટે પડો છો? લડાઈમાં કાંઈ આ બધી ચર્ચા કામ લાગવાની છે?

રામ  લક્ષ્મણ ! આ બાળકો શું બોલી રહ્યા છે? એ પોતાને સીતાનાં બાળકો તરીકે ઓળખાવે છે. એ સીતા જનકનંદિની સીતા જ છે કે બીજી કોઈ?

લવ  સંસારમાં બીજી કોઈ સીતા છે કે નહિ એની અમને ખબર નથી. પરંતુ અમારી માતા તો જનકનંદિની સીતા જ છે.

કુશ  મિથિલાના રાજા જનકની પુત્રી સીતા જ અમારી માતા છે. પરંતુ હવે એ બધી ચર્ચા શા માટે કરો છો? જેણે યુદ્ધ કરવું છે તેણે બીજી બધી ચર્ચામાં ઊતરવાનું ના હોય. તે તો યુદ્ધનું જ ધ્યાન રાખે.

લવ  કે પછી અમારા પરાક્રમને જોઈને તમે ડરી ગયા? અમારી વીરતાની વાતોને સાંભળીને તમારા પગ ઢીલા થઈ ગયા કે શું?

રામ  કિશોરો ! અમારા પગ ઢીલા નથી થયા. પરંતુ...

(સામી બાજુ જોઈને)

અરે, આ મહર્ષિ વાલ્મીકિ આવે છે કે શું? આ મહાપુરૂષ પોતે જ મહર્ષિ વાલ્મીકિ છે?

કુશ  (જોઈને) હા. એ અમારા ગુરૂદેવ મહર્ષિ વાલ્મીકિ છે. મધ્યાહ્ન સંધ્યા કરીને એ સરિતાતટ પરથી  આ તરફ આવતા લાગે છે?

લવ  એમના જેવા પ્રતાપી અને દિવ્ય દૃષ્ટિવાળા પુરૂષ પૃથ્વી પર મળવા પણ મુશ્કેલ છે. એ જ અમારા આશ્રમના અધિપતિ છે.

(વાલ્મીકિ અગ્નિ અને પરિપૂર્ણ સાથે આવે છે.)

(લવ અને કુશ તથા રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન પગે લાગે છે.)

વાલ્મીકિ  શુભમ્ ભવતુ. લવ ! તમારા બંનેની પ્રવૃત્તિ ક્યાં સુધી આવી?

લવ  ઘોડાના મોહને મૂકીને આ બધા પાછા વળવા તૈયાર નથી. અમારી સાથે યુદ્ધ કરવાનો એમનો ઈરાદો છે. એટલે અમે પણ એમનો નાશ કરવાનો સંકલ્પ કરીને ઊભા રહ્યા છીએ. હવે જે થાય તે ખરૂં.

કુશ  અમારા પરાક્રમથી ભયભીત બનીને, અમારી સાથે યુદ્ધ કરવાને બદલે અમને આ બધા સમજાવવા માંડ્યા છે !

વાલ્મીકિ  તમારી યુદ્ધકળાને માટે તમને અભિનંદન આપું છું. પરંતુ હવે આમ ને આમ ક્યાં લગી લડાઈ કર્યા કરશો?

લવ  યુદ્ધ અમે નથી કરતા. આ બધા કર્યા કરે છે. એમનું મિથ્યાભિમાન જ એમને યુદ્ધમાં પ્રેરી રહ્યું છે.

રામ  મહર્ષિ ! આ બંને બાળકો સીતાનાં છે એ સાચું છે?

વાલ્મીકિ એમાં શંકાને સ્થાન જ ક્યાં છે? રામે સીતાનો ત્યાગ કર્યો છે ત્યારથી સીતા મારા જ આશ્રમમાં જીવી રહી છે, અને આ બાળકો પણ એના જ છે. સીતા એમની માતા છે અને રામ એમના પિતા. તમારો પરિચય?

રામ હું એ જ રામ છું. અયોધ્યાનો અધિપતિ. આ મારા ભાઈ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન છે.

વાલ્મીકિ હું જાણું છું છતાં પણ પૂછી રહ્યો છું. સરિતા પરથી સંધ્યાવંદન કરીને પાછો ફરતો'તો તે જ વખતે તમારા આગમન વિશે મારી દૈવી દૃષ્ટિથી મારા જાણવામાં આવ્યું, અને એટલા માટે જ હું અહીં આવી પહોંચ્યો છું. મારા તમને શુભાશિષ છે.

રામ આપના ધન્ય દર્શનથી આજે હું કૃતાર્થ થયો. જીવનનું મોટામાં મોટું ફળ મને મળી ગયું.

લક્ષ્મણ અમારાં ધન્યભાગ્ય કે આજે આપનાં દર્શન થઈ શક્યાં.

ભરત સંતોના દર્શન બધી રીતે સુખકારક છે.

શત્રુઘ્ન અને એમાંયે આપના સરખા સંતો તો દેવોને પણ દુર્લભ છે. હવે આ બાળકોની વીરતાનું રહસ્ય અમે જાણી શક્યા. સીતા જેવી માતાના બાળકોમાં જ આટલી શૂરવીરતા હોઈ શકે.

વાલ્મીકિ રામ ! અજ્ઞાતદશામાં આજે તમે તમારા જ બાળકો સાથે યુદ્ધ કરી બેસત. અને એનું પરિણામ કોણ જાણે કેવુંયે આવત ! હવે ચાલો, આશ્રમ તમારા સૌના આતિથ્યની રાહ જુએ છે. ત્યાં તમારું સર્વપ્રકારે સ્વાગત થશે. અગ્નિ ! પરિપૂર્ણ ! તમને બંને આગળથી જઈને આશ્રમમાં ખબર આપો અને આતિથ્યશાળામાં સત્કારની તૈયારી કરો. રામ, લક્ષ્મણ અને બીજા બધાને લઈને હું હમણાં જ આવી પહોંચુ છું.

અગ્નિ-પરિપૂર્ણ ગુરૂદેવની જેવી આજ્ઞા.

(જાય છે.)

વાલ્મીકિ લવ ! કુશ ! હવે યુદ્ધને સ્થગિત કરો. યુદ્ધની આવશ્યકતા હવે નહિ પડે. અને પડશે તો જોઈ લેવાશે. તમારી વીરતાથી ખેંચાઈને સ્વયં રામને પણ અહીં આવવું પડ્યું એ તમારો વિજય જ છે. વીરતાનો એથી વિશેષ વિરાટ વિજય બીજો કયો હોય? એ વિજય પણ કાંઈ નાનોસૂનો નથી. ચાલો, હવે આશ્રમમાં જઈએ.

* * *

## અંક ચોથો

### (પ્રવેશ ચોથો)

સ્થળઃ વાલ્મીકિના આશ્રમની અતિથિશાળા

| | |
|---|---|
| વાલ્મીકિ | કુદરતની કળા કેવી ન્યારી છે ! વિધિની લીલા કેવી અજબ છે ! લવ અને કુશે જો ઘોડાને બાંધ્યો જ ના હોત તો તમારે અહીં આવવાનું થાત જ નહિ. તમારા સૌના શુભાગમનથી આશ્રમ વધારે આનંદમય થયો છે. લવ અને કુશને ધન્યવાદ આપવા જોઈએ કે એમને લીધે તમે અહીં સુધી ખેંચાઈ આવ્યા. નહીં તો તમારો મેળાપ અમને કેવી રીતે થાત? |
| રામ | અમારો મેળાપ તો ઠીક છે. પરંતુ તમારા જેવા મહાપુરૂષના મેળાપથી અમને સાચેસાચ આનંદ થયો છે. અને અમારું જીવન ધન્ય બન્યું છે. |
| લક્ષ્મણ | રામની સૂચનાથી સીતાને હું આશ્રમની નિકટવર્તી ભૂમિમાં જ મૂકી ગયેલો. તે વખતે મને શી ખબર કે તમારો આશ્રમ અહીં બાજુમાં જ હશે, નહિં તો તમારા દર્શનનો લાભ લઈ શકત. |
| ભરત | મહાપુરૂષોના દર્શનનો લાભ તો જ્યારે મળવાનો હોય ત્યારે જ મળે છે, લક્ષ્મણ ! એ કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતો. |
| શત્રુઘ્ન | આપણાં સત્કાર્યોના પરિપાકનું પરિણામ છે કે આવા સંતશિરોમણીનો સમાગમ આપણને થઈ શક્યો. |
| વાલ્મીકિ | આપણા આવી રીતે અને આ સ્થળમાં મળવાના સંસ્કાર હશે. બધું એ સંસ્કારો પ્રમાણે જ થયા કરે છે. |
| રામ | ઘોડો જો કોઈ સામાન્ય ઘોડો હોત તો અમે એને છોડી દીધો હોત. પરંતુ આ તો અશ્વમેધ યજ્ઞનો ઘોડો છે. એટલે એની રક્ષા કરવા સિવાય છૂટકારો જ નહતો. |
| વાલ્મીકિ | હવે તો એ અધ્યાયનો અંત આવી ગયો. સઘળું સુખદ રીતે પતી ગયું. અણીને વખતે હું ઉપસ્થિત ના થયો હોત તો સંસારમાં એક અત્યંત અમંગલ બનાવ બની જાત. પિતા ને પુત્રની વચ્ચે યુદ્ધ થાત, અને એમાંથી કોઈક ધરાશયી બની જાત. વિધાતાએ જે કર્યું તે સારું જ કર્યું. પરંતુ અશ્વમેધ યજ્ઞનો આરંભ તમે ક્યારથી કર્યો છે? રઘુકુળને માટે એ વસ્તુ ખરેખર આદરપાત્ર કહેવાય. |
| રામ | એનો આરંભ કર્યે સારો એવો સમય પસાર થઈ ગયો છે. મુનિ વશિષ્ઠની અનુમતિથી જ એનો આરંભ કર્યો છે. |
| વાલ્મીકિ | પરંતુ, યજ્ઞના વિધાન પ્રમાણે, સીતા વિના યજ્ઞની સફળતા ન થઈ શકે. સીતા વિનાનો યજ્ઞ થઈ શક્યો જ કેવી રીતે? મુનિ વશિષ્ઠના લક્ષમાં એ સૂક્ષ્મ છતાં સાધારણ કે સાદી હરકત શું ના આવી? |
| રામ | મુનિના ધ્યાનમાં એ વાત આવી ગઈ'તી, અને એ સંબંધી એમણે માર્ગદર્શન પણ આપેલું. |

વાલ્મીકિ — કેવુંક માર્ગદર્શન? મુનિએ શું કહ્યું?

લક્ષ્મણ — મુનિના કહેવાથી રામે સીતાની, સીતાના જેવી જ સ્વરૂપવાન અને સીતાના જેવા જ કદવાળી એક સુવર્ણની પ્રતિમા બનાવી અને યજ્ઞની વિધિ વખતે એને પોતાની પાસે પ્રતિષ્ઠિત કરી.

ભરત — યજ્ઞના પ્રસંગનો કેવી રીતે પ્રારંભ થયેલો. પ્રતિમાને નિહાળીને બધા ભાન ભૂલી જતા.

શત્રુઘ્ન — સૌને એમ જ લાગતું કે આ સાક્ષાત સીતા જ છે. સીતા પાછી આવી એમ માનીને કેટલાક તો આનંદ પણ પામ્યા.

વાલ્મીકિ — રામના હૃદયમાં સીતા પ્રત્યેનો જે પ્રેમ છે તે પ્રેમનું એમાં દર્શન થાય છે. સીતાના હૃદયમાં પણ તમારે માટે એટલો જ પ્રખર પ્રેમ છે. બલ્કે એના કરતાં વધારે પણ ઓછો નહિ. એની હું તમને ખાતરી આપું છું. રામ ! સીતાની પ્રતિમાને તમે યજ્ઞની વિધિ માટે તૈયાર કરાવી. પરંતુ સીતાના તનના, મનના અને અંતરના અણુએ અણુમાં, પ્રાણના પ્રત્યેક પરમાણુમાં તમારી પ્રેમપ્રતિમા વિરાજી રહી છે. એ સુવર્ણ હીરા કે મોતી કરતાં પણ વધારે મૂલ્યવાન છે. એની કીમત કોઈનાથી નહિ આંકી શકાય.

રામ — એ વાતને હું જાણું છું અને એનો સ્વીકાર કરું છું. સીતાના સ્નેહસંબંધી મને તિલમાત્ર પણ સંદેહ નથી થતો.

વાલ્મીકિ — તમે અયોધ્યાની અંદર મહાન અથવા અસાધારણ અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો તેમ સીતાએ આજે વરસોથી તમારા સ્નેહયજ્ઞને સાચવી રાખ્યો છે. આશ્રમમાં પ્રવેશ કર્યા પછી પણ એનો એ યજ્ઞ અખંડ રીતે ચાલ્યા કરે છે. અશ્વમેધ યજ્ઞનો તો એક દિવસ અંત પણ આવે છે. પરંતુ પ્રેમના આ પવિત્ર યજ્ઞનો અંત નથી આવવાનો. એ તો પુરાતન ને સનાતન છે. હૃદયની વેદી પર પ્રકટનારા એ યજ્ઞાગ્નિની જ્વાળા અનંત અને અક્ષય છે. તન, મન અને અંતરને આલોકિત કરનારી એ જ્વાળા જીવનને સફળ અને કૃતાર્થ કરે છે. સીતા એ સ્નેહની મૂર્તિ છે. તમે એનો સ્વીકાર કરો એવી મારી વિનંતી છે. એથી સીતાને તો શાંતિ સાંપડશે જ, પરંતુ સાથે સાથે તમારું પોતાનું જીવન પણ સુખી બનશે. સીતાનો ત્યાગ તમે ગમે તે હેતુથી કર્યો હોય, હવે એના સ્વીકારમાં વિલંબ ના કરો. અશ્વમેધ યજ્ઞને કેવળ ભૌતિક યજ્ઞ નહિ, પરંતુ તમારા બંનેના વિખૂટાં પડેલાં જીવનને જોડી દેનારો મહાયજ્ઞ બનાવો.

લક્ષ્મણ — સીતાના સ્વીકારને માટે હવે કોઈ આપત્તિ નથી રહેતી.

ભરત — મહર્ષિના કથન સાથે હું પણ સંમત થઉં છું.

શત્રુઘ્ન — મારું મન પણ એમ જ કહી રહ્યું છે.

રામ — તમારા જેવા પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોના વચનને મારે પાછું ઠેલવાનું ના હોય. પરંતુ મારું હૃદય અત્યંત ભાવવિભોર અને જડ બની ગયું છે. તમારી સૂચનાને હું માથે ચઢાવું છું. અને છતાંપણ એના પર નિર્ણય લેતાં મને થોડોક વખત લાગી જશે. એને માટે મને ક્ષમા કરવા

માટે મારી પ્રાર્થના છે. પરંતુ હા, મારા એક પ્રસ્તાવનો તમારે સ્વીકાર કરવો પડશે. અશ્વમેધ યજ્ઞના આ અવસર પર અયોધ્યામાં આવીને એને પાવન કરવાનું હું આમંત્રણ આપું છું. મારા આમંત્રણનો તમે અસ્વીકાર નહિ કરો એવી મને આશા છે.

વાલ્મીકિ   અયોધ્યામાં હું અવશ્ય આવીશ. તમારા એ આમંત્રણનો હું સ્વીકાર કરું છું. મારી સાથે મારા કેટલાક આશ્રમવાસી તથા લવ, કુશ અને સીતા પણ આવશે. અયોધ્યાના નગરજનોની આગળ એમનો પરિચય કરાવીને હું એમને સુપ્રત કરીશ.

રામ   તમે મારું આમંત્રણ સ્વીકાર્યું તેથી મને અત્યંત આનંદ થયો.

લક્ષ્મણ   મને પણ આ સમાચાર સાંભળીને પાર વિનાની પ્રસન્નતા થઈ છે.

ભરત-શત્રુઘ્ન   અમને પણ એ જાણીને આનંદ થાય છે કે અયોધ્યા આપનાં શ્રીચરણથી સુશોભિત બનશે.

* * *

## અંક પાંચમો

### (પ્રવેશ પહેલો)

વાલ્મીકિ — સીતા ! તારી તપસ્યા સફળ થઈ છે. તારા નિર્મળ સ્નેહનો વિજય થયો છે. એ સ્નેહની શક્તિ રામને અયોધ્યાથી છેક આટલે સુધી ખેંચી લાવી છે. જડ અને ચેતનમાં સર્વત્ર વ્યાપેલા સ્નેહના એ સનાતન તત્ત્વનો જયજયકાર હો !

સીતા — રામે તો અશ્વમેધ યજ્ઞના અવસર પર આપણને આમંત્રણ આપ્યું છે. એટલે આપણે અયોધ્યા જવાની તૈયારી કરી રહ્યાં છીએ. એમણે મારો અંગીકાર થોડો જ કર્યો છે?

વાલ્મીકિ — અંગીકાર થઈ જ ગયો છે, સીતા ! રામના હૃદયમાં તું વિરાજમાન છે અને તારો ત્યાગ એ કાયમને માટે કરી શકે એમ છે જ નહિ.

રજનીગંધા — આશ્રમમાંથી આટલે વખતે સીતાને વિદાય થવાનું આવ્યું છે એ આનંદકારક છે. છતાં પણ, આટલા વખતના સ્નેહસંબંધને લીધે મારું અંતર આક્રંદ કરી રહ્યું છે.

ચારુસ્મિતા — સીતાના અયોધ્યા જવાના સમાચાર સાંભળ્યા છે ત્યારથી જ મારો તો આનંદ જ ઊડી ગયો છે. મને કૈં નું કૈં થઈ ગયું છે. કશામાં મારું મન જ નથી લાગતું.

વાલ્મીકિ — મારા જ હૃદયમાં આટલું બધું મંથન થઈ રહ્યું છે તો પછી તમને તો એવી અસર ના થાય એવું બને જ કેવી રીતે? પરમાત્માએ સીતાના રૂપમાં મને એક પ્રેમાળ પુત્રી મોકલી આપી'તી. એને લીધે મારું જીવન સુખી હતું. આજે એનો વિદાય થવાનો વખત આવ્યો છે ત્યારે મારા દિલની દશા કેટલી કરુણ હશે તેની કલ્પના કરી લેજો.

સીતા — મને પણ મારા જીવનમાં જનક જેવા જ એક પ્રેમાળ પિતા મળ્યા હતા, અને આશ્રમ મારે માટે ઘર જેવો થઈ પડ્યો હતો. એને છોડવાનો અવસર આવ્યો છે ત્યારે મારું હૈયું પણ હાથમાં નથી રહેતું. હૃદય રુદન કરી રહ્યું છે. પરંતુ તમે મારી સાથે છો એટલું સારું છે.

વાલ્મીકિ — સીતા ! આશ્રમમાં રહીને તેં અમારા પર તો સ્નેહની વર્ષા વરસાવી જ છે. પરંતુ પશુપ્રાણી, પંખી અને વનસ્પતિને પણ વશ કરી લીધી છે. જડ ને ચેતન બધી જ સૃષ્ટિ તારા વિયોગની વ્યથાને વેઠીને જાણે કે શૂન્યમનસ્ક જેવી ઊભી રહી છે.

સીતા — મારું હૃદય પણ ઓછું વ્યથિત નથી થઈ રહ્યું, ગુરૂદેવ !

રજનીગંધા — આ વલ્લરીને તેં જ તારા સુકોમળ કરથી આ વૃક્ષનો આધાર આપેલો. આજે એ તારા તરફ આભારથી અવલોકતી જાણે કે આંસુ સારી રહી છે. જડ દેખાતા જીવોમાં પણ અનુભૂતિનાં આંદોલનો કેટલી બધી અનવરત રીતે ચાલી રહ્યાં હોય છે?

ચારુસ્મિતા — અને આ પુષ્પોની પંક્તિને તો જુઓ ! સીતાએ પુષ્પોને પોતાને હાથે પાણી પાઈને ઊછરેલાં છે. એટલે એના ગુણને ભૂલતાં ના હોય તેમ, પોતાની પાંખડીઓને પ્રકટાવીને એ એના તરફ જોઈ રહ્યાં છે. પરંતુ આજે એ રોજના જેવાં પ્રસન્ન કે પુલકિત નથી દેખાતાં. પોતાની પ્રાણપ્યારી સ્નેહાળ સખીનો વિદાય થવાનો અવસર એમણે ઓળખી લીધો કે શું?

| | |
|---|---|
| સીતા | (મોરને જોઈને) અરે, આ નર્તન કરી કરીને આનંદ આપનારો મોર આટલો બધો ઉદાસ કેમ લાગે છે? આજે એ નૃત્ય ભૂલી ગયો કે શું? એના પ્રાણમાં પીડાનો પારાવાર લઈને એ પરવશ બનીને ઊભો રહ્યો છે. |
| વાલ્મીકિ | આ હરણની પંક્તિ તારું અંતિમ દર્શન કરવા ને તને વિદાય આપવા આવી પહોંચી. આ સૌથી આગળ ઊભેલું નાનું હરણ તને કેટલું બધું પ્રિય હતું? એકવાર એના વદનમાં વ્યાધિ થવાથી એનાથી આરોગી શકાતું નહતું. ત્યારે પ્રેમથી પ્રેરાઈને તેં પણ ભોજનનો ત્યાગ કરેલો. બીજે જ દિવસે એને આરામ થઈ ગયો. એટલે તેં તારા હાથથી એને ઘાસ ખવડાવ્યું. અને તારે હાથે ખાધું ત્યારે જ શાંતિ પણ મળી શકી. |
| રજનીગંધા | આશ્રમની ગાયો હવે તારા વિના વધારે દૂધ નહિ આપે, સીતા ! મને તો ભય છે કે વસૂકી જશે. |
| ચારુસ્મિતા | તને જોઈને એ ઉમંગથી ઊભરાઈને કેવી કૂદાકૂદ કરતી’તી? |
| સીતા | એ સૌને છોડવાનું મન મને પણ નથી થતું. પણ મહર્ષિની આજ્ઞા છે એટલે એ પ્રમાણે વર્તવું પડે છે. આશ્રમમાં હું ફરીવાર આવી શકું તો કેટલું સારું ! |
| વાલ્મીકિ | આશ્રમ તો સદાને માટે તારો જ છે. તારા ઘર જેવો. તારે માટે એ હંમેશાં ઉઘાડો છે. તું જ્યારે ધારે ત્યારે એમાં આવી શકે છે. |
| રજનીગંધા | અયોધ્યામાં જઈને આશ્રમને અને અમારા જેવાં આશ્રમવાસીને યાદ તો રાખીશ ને? કે પછી ત્યાંની સુખસાહ્યબી આગળ અમને ભૂલી જઈશ? |
| સીતા | હું તમને બધાંને કદી પણ ભૂલી જઉં એમ લાગે છે? જાગૃતિમાં તો શું પણ સ્વપ્નમાં પણ? |
| ચારુસ્મિતા | લાગતું તો નથી, પરંતુ મનનો સ્વભાવ જ એવો છે. એ સંજોગોને સહેલાઈથી વશ થઈ જાય છે. એટલા માટે જ પૂછીએ છીએ. |
| સીતા | અયોધ્યામાં ગયા પછી તમે બધાં તો ઊલટાં મને વધારે યાદ આવશો. તમારા સૌનો સ્નેહ દ્વિગુણિત થઈને ત્યાં પ્રકટી ઊઠશે. |
| રજનીગંધા | અમારે માટે પણ એમ જ બનશે. |
| ચારુસ્મિતા | આશ્રમ અમારે માટે આનંદવિહીન અને ખાલીખાલી થઈ પડશે. ગુરૂદેવ, લવ અને કુશ વગરના આશ્રમની કલ્પના કરતાં પણ દિલ દ્રવી ઊઠે છે. |
| વાલ્મીકિ | છતાં પણ આ પ્રસંગ આપણે માટે આનંદની અભિવ્યક્તિ માટેનો હોવો જોઈએ. વરસો સુધી વનમાં વસેલી સીતા હવે અયોધ્યા જઈ રહી છે. એ અવસર કાંઈ ઓછો આનંદદાયક નથી. સ્નેહની સતતતાને લીધે આપણને શોક થાય એ સ્વાભાવિક છે, પરંતુ શોકને શાંત કરીને હવે આપણે સીતાને વિદાય આપીએ એ જ બરાબર છે. હર્ષ અને શોકના પ્રસંગો જીવનમાં વારાફરતી આવ્યા કરે છે. એમાં તટસ્થ રહીને પ્રત્યેક પ્રસંગને આપણે યોગ્ય રીતે ન્યાય આપતાં શીખવાનું છે. લવ અને કુશ પણ હવે તો તૈયાર થઈ ગયા હશે. જરા જુઓ તો, તૈયાર થઈ ગયા કે નહિ ! |

રજનીગંધા અગ્નિ અને પરિપૂર્ણ એમને તૈયાર કરી દીધા હશે. અમે હમણાં જ જોઈ આવીએ છીએ.

ચારુસ્મિતા સૂર્ય ને ચંદ્ર વિના જેમ આકાશ શોભે નહિ તેમ લવ અને કુશ વિના આશ્રમ અંધકારમય બની જશે. કેટલાય દિવસો સુધી તો અમને ગમશે પણ નહિ. છતાં એમની તૈયારી ક્યાં સુધી પહોંચી છે એ અમે હમણાં જ કહી જઈએ છીએ.

(બંને જાય છે.)

* * *

## અંક પાંચમો
## (પ્રવેશ બીજો)

સ્થળઃ રામનું રાજભવન

વાલ્મીકિ રામ ! સીતાનો આ રાજસભાના સભ્યો વચ્ચે સ્વીકાર કરો. સીતા સ્નેહની મૂર્તિ છે. અને તમારા સ્નેહમાં જ ડૂબેલી રહી છે.

વશિષ્ઠ મહર્ષિ વાલ્મીકિ જે કહી રહ્યા છે તે સંપૂર્ણપણે સાચું છે. સીતાએ ઘણાં ઘણાં સંકટોને સહન કર્યાં છે. હવે એને શાંતિ મળે એ ઈચ્છવા યોગ્ય છે. કૌશલ્યાદિ માતાઓ અત્યારે જીવંત હોત તો સીતાને જોઈને ગળગળી બની જાત. પરંતુ...

સીતા કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રા શું મૃત્યુ પામ્યાં છે? આ શોકજનક સમાચાર તો હું આજે જ સાંભળી રહી છું.

રામ તને વનમાં મૂકીને લક્ષ્મણ પાછો આવ્યો તે પછી થોડા જ વખતમાં એમનો સ્વર્ગવાસ થયો છે.

સીતા આ સમાચાર અત્યંત દુઃખદાયક છે. જન્મ ને મરણ આ જગતમાં સ્વાભાવિક ઘટનાક્રમ જેવાં છે. તો પણ સ્નેહીજનોનાં મરણ પ્રાણને પીડાકારક થઈ પડે છે. માતાઓના મુખને હું ફરી વાર નિહાળી પણ ના શકી. મારે માટે એમને કેટલી બધી ઊંડી લાગણી હતી? લવ અને કુશને જોઈને પણ એમને કેટલો બધો આનંદ થાત?

લવ અમારા ભાગ્યમાં એમનાં દર્શન નહિ હોય.

કુશ નહિ તો અમારો જન્મ એમનાથી દૂર, વનમાં આવેલા મહર્ષિના આશ્રમમાં થાય જ કેવી રીતે?

વાલ્મીકિ સંયોગ અને વિયોગ સંસારના સહોદર છે, સીતા ! એક હોય ત્યાં બીજું આવે છે. અનાદિકાળથી આરંભાયલી આ અવનીમાં કોઈ અચળ અથવા અમર નથી. જે ખીલે છે તે કરમાય છે ને મળે છે તે છૂટાં પડે છે.

વશિષ્ઠ આટલા લાંબા વખત પછી રામનો મેળાપ થઈ શક્યો એ જ વિધાતાની કૃપા છે ને? નહિ તો વનમાં ને વનમાં કોણ જાણે કેટલાય કાળલગી વાસ કરીને જીવન પૂરું કરવું પડત.

લવ પરંતુ વનમાં અમને અત્યંત આનંદ આવતો'તો ને શાંતિ લાગતી'તી. વનના વાતાવરણમાં નિરંકુશપણે વિચરવામાં અમને સ્વર્ગસુખ લાગતું'તું.

કુશ એ સુખ એક રાજાધિરાજના સુખ કરતાં પણ શ્રેષ્ઠ હતું.

સીતા સૌથી મોટો લાભ તો મહર્ષિ વાલ્મીકિના સત્સંગનો હતો. સુખ અને દુઃખ તો વાદળની પેઠે જીવનના વિશાળ વ્યોમમાં આવે છે ને ચાલ્યાં જાય છે. પરંતુ સંતોનો સમાગમ તો પૂર્વનાં કોઈ પુણ્યોના પરિપાકરૂપે જ પ્રાપ્ત થાય છે. મારો તો એવો વિશ્વાસ છે.

રામ લવ અને કુશ આશ્રમમાં મોટા થયા છે. છતાં પણ અતિશય પરાક્રમી છે. આશ્રમમાં રહીને એમણે યુદ્ધકળામાં પણ સારી પ્રવીણતા પ્રાપ્ત કરી છે.

વાલ્મીકિ આશ્રમમાં પ્રત્યેકને પોતાની યોગ્યતા પ્રમાણે શિક્ષણ આપવાનો પ્રબંધ છે. એટલે લવ અને કુશ રઘુકુળને દીપાવી શકે એવી તાલીમ લઈને તૈયાર થયેલા છે. યુદ્ધ અને રાજનીતિમાં એ કોઈનાથી પાછા પડે એવા નથી.

વશિષ્ઠ રઘુકુળના આભૂષણરૂપ આ બાળકોને નિહાળીને મને આનંદ થાય છે. અયોધ્યા એમને લીધે એક પ્રકારની અનેરી દીપ્તિ ધારણ કરશે. રામ ! હવે તમે વધારે વિચારમાં ન પડો. સીતાના વનવાસનો વખત હવે પૂરો થયો છે. એનો સહર્ષ સ્વીકાર કરો.

રામ પરંતુ પ્રજાનો અપવાદ?

વાલ્મીકિ પ્રજાના અપવાદનો દંડ સીતાએ અત્યાર સુધી ભોગવી લીધો છે. એ નિર્દોષ હતી. છતાં પણ લોકાપવાદનો વિચાર કરીને તમે એનો ત્યાગ કર્યો તો એણે તમારી આજ્ઞાનું અનુસરણ કર્યું. હવે લોકાપવાદનો પ્રશ્ન નથી રહેતો. રાજાએ લોકોના અવાજને અને લોકલાગણીને માન આપવું જોઈએ, પરંતુ એની યે હદ હોય છે. જો ડગલે ને પગલે, લોકાપવાદને મહત્ત્વનો માનીને એ ચાલવા માંડે તો રાજ તો ના ચાલે પણ કદાચ એનું પોતાનું અને એનાં પરિવારનું જીવન પણ જોખમમાં આવી પડે. રાજાએ લોકોના અવાજની સાથે પોતાના અંતરાત્માના અવાજને પણ માન આપવું જોઈએ.

વશિષ્ઠ મહર્ષિનું કથન સર્વાંશે સાચું છે, છતાં પણ સીતા જે ભોગવવાનું હતું તે ભોગવી ચૂકી છે. અશોકવાટિકામાંથી નીકળીને અયોધ્યામાં આવતી વખતે જ એણે પોતાની પવિત્રતાની પ્રતીતિ કરાવી દીધી છે. અગ્નિની જ્વાળા પણ એને કાંઈ નથી કરી શકી. હવે એ સીતાને વધારે વિપત્તિમાં ના નાખવાની હોય.

રામ સીતા નિર્દોષ છે, નિર્મળ છે, શુદ્ધ છે, તે હું જાણું છું. તો પણ લોકોના અવાજની અવગણના મારાથી ના કરી શકાય. આખરે તો હું સીતાનો પતિ છું પરંતુ લોકોનો સ્વામી પણ છું.

સીતા અરેરે, આ હું શું સાંભળી રહી છું? મુનિવર, તમે મને અહીં લાવ્યા જ શા માટે? આના કરતાં તો હું આશ્રમમાં જ સારી હતી. ત્યાં મારા આત્માને આનંદ હતો. રામ જો આટલે વરસે પણ મારો સ્વીકાર ના કરી શકતા હોય તો મારે માટે જીવવું પણ વ્યર્થ છે. હું હવે વધારેવાર નહિ જીવી શકું.

લવ માતા ! આના કરતાં તો આપણે મહર્ષિના આશ્રમમાં જ પાછા જઈએ.

કુશ ત્યાં આપણને કોઈનાય અપવાદનો ભય નથી ને કશુંયે દુઃખ નથી.

સીતા રામથી દૂર રહેવામાં કેટલું બધું દુઃખ છે તે તમે નહિ સમજી શકો. આટલા વરસો તો એમના વિયોગમાં મેં જેમતેમ કરીને વીતાવી દીધાં. પરંતુ હવે મારાથી એક ઘડીભરને માટે પણ શ્વાસ નહિ લઈ શકાય. હવે મારી હિંમત તૂટી ગઈ છે. આશા ફૂટી ગઈ. રામનું રટણ કરતાં હું જીવનભર જીવી છું ને રામનું રટણ કરતાં કરતાં વિદાય થઉં એ જ સારું છે.

વાલ્મીકિ સીતા ! આવી રીતે નાહિંમત ના બન. તું દુઃખી થાય છે એટલે મને પણ દુઃખ થાય છે. રામ તારો સ્વીકાર ના કરે તોપણ, મારો આશ્રમ તો તારે માટે ખુલ્લો જ છે. રાજા જનક તો તને મળ્યા વિના જ મૃત્યુ પામ્યા છે. પરંતુ હું તારો પિતા છું એમ જ માની લે જે.

વશિષ્ઠ રામ ! સીતાને હવે વધારે દુઃખી ના કરો !

રામ હું એને દુઃખી કરવા નથી માગતો. પંરતુ મારું મન નથી માનતું.

સીતા ભૂમિ ! માતા ! આ તું શું સાંભળી રહી છે? તેં મને જન્મ આપ્યો છે; આશ્રય આપ્યો છે; અને આજે હું તારે જ ખોળે છું. તારે ખોળે જ હું શાંતિ પામી શકીશ. તારા વિના મારું બીજું કોઈ જ નથી. જો હું મન, વચન, કાયાથી પવિત્ર હોઉં, અને મારી વૃત્તિ એકમાત્ર રામમાં જ રહી હોય, તો હે માતા ! હે શક્તિ ! હે દેવી ! મને આશ્રય આપ ! શાંતિ આપ ! આજે હું તારે શરણે આવીને તારા આશ્રયને માટે પ્રાર્થી રહી છું. (રડે છે.)

લવ મા !

કુશ માતા ! આ શું? રામ આટલા બધા નિષ્ઠુર કેમ છે?

સીતા પુત્રો ! એ નિષ્ઠુર નથી. એ તમારા પિતા છે. એમને માટે એવા શબ્દો ના વાપરો. એ પ્રેમના પારાવાર છે. પરંતુ એ પ્રેમ હવે મારા ભાગ્યમાં રહ્યો નથી લાગતો. નહિ તો આવું બને જ નહિ. હરકત નહિ; આ ધરતી તો મારી નહિ મટી જાય ને?

(ગાય છે)

ઓ ભૂમિ માતા મારી, મને ખોળલિયે લો ધારી !

તમે જન્મ મને છે આપ્યો, મારો પંથ ભવતણો કાપ્યો;
ફરીવાર હવે લો પાળી, ઓ ભૂમિ માતા મારી ! ..... ઓ ભૂમિ.

સહ્યું સંકટ આજ સુધી મેં, હવે વિપત સહાય ન ભારી;
કરો આજ વિલંબ ન કાંઈ, લો પ્રેમ કરીને તારી .. ઓ ભૂમિ.

હવે શાંતિ સનાતન માગું, અમી અંક થકી ના જાગું;
સુણી અરજ આર્ત આ મારી, આવો લેવા સદ્ય ઉગારી .. ઓ ભૂમિ.

હે ધરતી માતા ! તમારા વિના મારું બીજું કોઈ જ નથી.
હવે વિલંબ ના કરો, ને મને તમારે ખોળે સ્થાન આપો! .. ઓ ભૂમિ.

*

(પૃથ્વી ફાટે છે. અંદરથી રત્નજડિત સોનેરી સિંહાસન નીકળે છે. ઉપર દેવી બેઠાં છે.)

લવ અરે, આ સોનેરી સિંહાસન ક્યાંથી આવ્યું?

કુશ અને એના પર બેઠેલી આ દેવી કોણ છે?

દેવીઃ હું શક્તિ છું. સીતા મારું જ સ્વરૂપ છે. એનો પ્રવાસ પૂરો થયો છે. એટલે એને હું મારી સાથે લઈ જઉં છું.

(સીતાને)

સીતા ! તું મન, વચન, કાયાથી, પવિત્ર છે, અને રામમાં જ મનવાળી છે. એની હું સાક્ષી પૂરું છું. આવ, મારા અંકમાં આસીન થા !

લવ માતા ! અમે પણ તારી સાથે આવીએ !

કુશ અમને પણ તું જ્યાં જતી હોય ત્યાં લઈ જા. તારા વિનાનું જીવન અને જગત અમારે માટે નકામું છે. રસવિહીન છે.

સીતા પુત્રો ! તમે ચિરાયુ અને સુખી હો ! તમને મારા આશીર્વાદ છે.

(સીતાને અંકમાં લઈને દેવી ફરી પૃથ્વીમાં સમાઈ જાય છે.)

રામ અરે વિધાતા ! આ તેં શું કર્યું? અને આવું જ કરવું હતું તો મને એની સૂચના કેમ ના આપી? મારું જીવન હવે નિરાધાર બની ગયું. સીતાના સ્નેહને લીધે તો હું જીવી શકતો'તો. હવે મારા જીવનમાં કશો રસ ના રહ્યો. સીતા ! તું તો ગઈ પરંતુ મને પાછળ શા માટે મૂકતી ગઈ?

(મૂર્છિત થઈને ઢળી પડે છે.)

વાલ્મીકિ (હાથ ફેરવતાં) રામ ! શિશુની પેઠે આમ શોક ના કરો. હજુ તો તમારે વરસો સુધી જીવવાનું છે. હૃદયને નિર્બળ કરશો તો કેમ ચાલશે? સીતા વિદાય થઈ છે. પરંતુ એની સ્મૃતિ જેવા સુંદર અને શૂરવીર લવ અને કુશને મૂકતી ગઈ છે.

વશિષ્ઠ એમને નિહાળીને હવે આશ્વાસન મેળવો. તમારા જેવા પ્રાજ્ઞ પુરૂષને આવો અફસોસ નથી શોભતો. વિધિએ જે નિર્મિત કર્યું હોય છે તે જ થાય છે. એ અન્યથા નથી થઈ શકતું.

* * *

**સમાપ્ત**

* * *

ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A Hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ દર્પણ ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ ▪ અર્પણ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | **રામનું હૃદય** |

**For more information**
**on Life and works**
**of**

# Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**